આજનો સુવિચાર
મૌન સૌથી સારો જવાબ છે એ લોકો માટે છે તમારા શબ્દોને મહત્વ નથી આપતા

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૩૦૧ જૂનાગઢ તા.૦૩-૧૨-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 301, Junagadh : Date : 03 December, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## જીએસટીમાં ૩૫ ટકાનો નવો સ્લેબ આવશે ઠંડાપીણા, સીગારેટ, તમાકુ, કપડા મોંઘા બનશે

નવી દિલ્હી તા.૦૩
દેશમાં ચૂંટણીની સીઝન પુરી થતા જ સરકાર ફરી વખત અર્થતંત્ર અને ખાસ કરીને ટેક્ષ કલેકશન વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરશે અને તેમાં આગામી તા.૨૧ના રોજ મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં સિગારેટ, તંબાકુ અને ટેક્ષટાઈલ ઉપરાંત ખાસ લકઝરી ઉત્પાદનો વધુ મોંઘા બને તેવી શકયતા છે.

સરકારે જીએસટી દરોમાં ફેરફાર માટે ૧૪૮ ચીજોની યાદી તૈયાર કરી છે તેમાં સોમવારે કરાયેલી મહત્વની ભલામણો મુજબ સિગારેટ, તંબાકુ, સોફટડ્રિન્ક અને તેના કાચામાલ આ તમામ પર જે હાલ ૨૮ ટકાનો જીએસટી છે તે નવા ૩૫ ટકાના સ્લેબમાં લઈ જવાની તૈયારી છે.

હાલ જે રીતે ૫ ટકા, ૧૨ ટકા, ૧૮ ટકા અને ૨૮ ટકાનો જીએસટી દર છે તેમાં એક તબકકે ૧૨ અને ૧૮ ટકાના દરોને જોડીને ૧૫ ટકાનો નવો સ્લેબ બનાવવા વિચારણા હતી પણ ૩૫ ટકાનો સ્લેબ અંગે પ્રથમ વખત સરકારે સંકેત આપ્યો છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં ૨૧ ડિસેમ્બરે યોજાનારી GST કાઉનસિલની બેઠકમાં આ મુદ્દે ચર્ચા થવાની અપેક્ષા છે. જેસલમેરમાં યોજાનારી બેઠકમાં અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આમાં, મંત્રીઓના જૂથે ચામડાની બેગ, સૌંદર્ય પ્રસાધનો, ઘડિયાળો અને શૂઝ જેવી ઘણી લકઝરી વસ્તુઓ પર જીએસટી દર ૧૮ ટકાથી વધારીને ૨૮ ટકા કરવાની ભલામણ કરી છે.

જીઓએમએ GST દરોને તર્કસંગત બનાવવા પર પોતાનો અહેવાલ પૂર્ણ કર્યો છે. તે કાપડ ઉદ્યોગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને ૧૪૮ વસ્તુઓ પરના કર દરોમાં મોટા ફેરફારોની દરખાસ્ત કરે છે. આ ફેરફારોથી સરકારને વધારાની આવક મળવાની અપેક્ષા છે. GST કાઉનસિલની આગામી બેઠકમાં તેની સમીક્ષા કરવામાં આવશે.

## નવા નિયમોના વિરોધમાં રાજયના ૪૦ હજાર પ્રિ-સ્કુલ સંચાલકો દ્વારા આજે રાજયવ્યાપી હડતાળ



અમદાવાદ તા.૦૩
રાજ્યના વિવિધ શહેરોમાં ચાલતી પ્રિ-સ્કૂલને લઈ રાજ્ય સરકારે કડક નિયમોની અમલવારી શરૂ કરતા તેના વિરોધમાં પ્રિ-સ્કૂલનો સંચાલકો હડતાળ પર ઉતર્યા છે. આજે રાજ્યમાં અંદાજે ૪૦ હજાર જેટલી પ્રિ-સ્કૂલ બંધ રાખી વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. પ્રિ-સ્કૂલે લઈ રાજ્ય સરકાર દ્વારા જે નિયમો ઘડવામાં આવ્યા છે તેમાં પ્રિ સ્કૂલ ચાલવાવ માટે સંચાલક પાસે સ્થળ પરનું BU પરમિશન અને ૧૫ વર્ષની રજિસ્ટર્ડ લીઝ એગ્રિમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યું છે. જે શક્ય ન હોવાનું સંચાલકો જણાવી રહ્યા છે અને નિયમો હળવા કરવાની માગ કરી રહ્યા છે.

રાજ્યની મોટાભાગની પ્રિ-સ્કૂલ મહિલા સંચાલિત છે. ત્યારે મહિલાઓએ પણ આ નિયમોના કારણે પ્રિ-સ્કૂલ બંધ થઈ જશે તો પોતાની રોજગારી છિનવાઈ જવાની ભીતિ વ્યકત કરી છે.

રાજય સરકાર દ્વારા પ્રિ-સ્કૂલ ચલાવવા માટે તમામ પ્રિ-સ્કૂલ સંચાલક પાસે સ્થળ પરનું BU પરમિશન ૧૫ વર્ષનું રજિસ્ટર્ડ લીઝ અગ્રીમેન્ટ વગેરે ફરજિયાત પણે હોવું જરૂરી છે તેની સામે ગુજરાત પ્રિ સ્કૂલ એસોસિએશન દ્વારા ૧૫ વર્ષનું લીઝ અગ્રીમેન્ટ હોવું તે શક્ય નથી. કારણ કે પ્રિ-સ્કૂલ એ ખૂબ જ નાનુ એકમ છે અને તેના માટે ૧૫ વર્ષ માટે કોઈ પણ આપી શકે તેમ નથી. કારણકે મોટા ભાગની પ્રિ-સ્કૂલ નાના ઘરમાં અથવા તો બંગલોમાં ચાલતી હોય છે. તેથી ૧૧ મહિનાનું ભાડા કરાર થઈ શકે. પરંતુ ૧૫ વર્ષ માટે લીઝ અગ્રીમેન્ટ મળી શકે તેમ નથી. ગુજરાત સ્કૂલ એસોસિએશનના જનરલ સેક્રેટરી સાગર નાયકે વધુમાં જણાવ્યું હતું કે, આજે અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ વડોદરા, સુરત રાજકોટ મોરબી સહિતના જિલ્લાઓમાંથી પ્રિ-સ્કૂલસંચાલકો એકઠા થયા છે અને અહીંયા થી ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને આવેદનપત્ર આપવા માટે પહોંચીશું.

## દુનિયામાં ઝડપથી ફેલાઈ રહ્યો છે બ્લિડીંગ આઈ વાયરસ : ૧૫ લોકોના મોત થયા

દિલ્હી,તા.૩
બ્લીડીંગ આઈ વાયરસ આંખોને અસર કરે છે. સંક્રમિત વ્યક્તિની આંખોમાંથી લોહી નીકળવા લાગે છે. આંખોમાંથી લોહી નીકળવું એ ગંભીર રોગ છે. તાજેતરમાં, ૧૭ દેશોમાં મારબર્ગ, એમપોક્સ અને ઓરેપોચે વાયરસના ફેલાવાને કારણે આ સમસ્યા ઝડપથી વધી રહી છે. રવાંડામાં આ ગંભીર વાયરસને કારણે ૧૫ લોકોના મોત થયા છે? અને સેંકડો લોકો સંક્રમિત થયા છે. પરંતુ આ રક્તસ્ત્રાવ આંખનો વાયરસ શું છે, તે આંખોને કેવી રીતે નુકસાન પહોંચાડી શકે છે અને તમે તેનાથી પોતાને કેવી રીતે બચાવી શકો છો ? વૈજ્ઞાનિક ભાષામાં હેમરેજિક નેત્રસ્તર દાહ પણ કહેવામાં આવે છે. આ એક પ્રકારનું વાઈરલ ઈન્ફેક્શન છે, જેના કારણે આંખોમાંથી લોહી નીકળવા જેવા લક્ષણો થઈ શકે છે. આમાં, આંખોના સફેદ ભાગમાં લોહી ગંઠાઈ જાય છે અને આ વાયરસ ઝડપથી ફેલાય છે.

## ભારતીય રૂપિયામાં કડાકો સર્જાતા સોના-ચાંદીમાં પણ ઘટાડો

નવી દિલ્હી તા.૦૩
ભારતીય રૂપિયામાં કડાકા વચ્ચે સોના-ચાંદીમાં આજે પણ કડાકો સર્જાયો છે. રૂપિયો નીચે સરકયો ન હોત તો બન્ને કિંમતી ધાતુમાં વધુ ઘટાડાને અવકાશ હતો.

રાજકોટમાં આજે હાજર સોનુ ઘટીને ૭૮૫૦૦ રહ્યુ હતું તેમાં ૫૦૦નો ઘટાડો થયો છે.

ચાંદી ૧૦૦૦ના કડાકાથી ૯૯૧૦૦ હતી. કોમોડીટી એકસચેંજમાં સોનુ ૭૫૭૦૦ તથા વિશ્વબજારમાં ૨૬૩૦ ડોલર હતું. ચાંદી કોમોડીટી એકસચેંજમાં ૮૮૧૦૦ તથા વિશ્વબજારમાં ૩૦.૨૦ ડોલર હતી.

સુત્રોના કહેવા પ્રમાણે વિશ્વબજારની ઉથલપાથલનો પ્રત્યાઘાત છે. રૂપિયો ન પડયો હોત તો વધુ ભાવઘટાડો શકય હતો. કોમોડીટી કાયદામાં વલણ પૂર્ણ થતા કેરીઓવર કે વેપાર સરખા થયા હોવાના કારણથી પણ વધઘટ મોટી હતી.

## કોંગ્રેસમાં નવો પ્રાણ પુરવા 'કામરાજ-૨' યોજના લાવવા ખડગેની વ્યુહરચના

નવી દિલ્હી, તા.૩ :
વિવિધ રાજ્યોની વિધાનસભા ચૂંટણીઓમાં હાર બાદ હારને દૂર કરવા અને સંગઠનને પુનર્જીવિત કરવાના પ્રયાસમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે કડક પગલાં લઈ શકે છે અને કામરાજ—૨ યોજનાનો અમલ કરી શકે છે. આ સાથે વરિષ્ઠ અને યુવા નેતાઓ વચ્ચે સંતુલન જાળવીને પાર્ટીને નવી દિશા આપી શકાય છે, પરંતુ તેના જોખમને ધ્યાનમાં લઈને પાર્ટી હાલમાં તેનું હોમવર્ક કરી રહી છે.



કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે યુવાઓને પ્રમોટ કરતી વખતે વરિષ્ઠ નેતાઓનું સન્માન જાળવવું પાર્ટી નેતૃત્વ માટે પડકાર છે. નિખાલસતાથી બોલતા ખડગેએ આગળના રોડમેપ તરફ ઈશારો કર્યો છે. આગામી થોડા દિવસોમાં, ખડગે રાજીનામું લઈને અથવા તમામ રાષ્ટ્રીય પદાધિકારીઓને દૂર કરીને તેમની કામરાજ—૨ યોજના હેઠળ સંગઠનનું પુનર્ગઠન કરી શકે છે. આ સિવાય મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન, છત્તીસગઢ જેવા કેટલાક રાજ્યોના પ્રદેશ અધ્યક્ષોના રાજીનામા પણ આવી શકે છે. કેટલાક રાજ્યોમાં પાર્ટીની કમાન યુવા નેતાઓના હાથમાં હોઈ શકે છે. જ્યારે રાજ્યોમાં કાર્યક્ષમ વ્યૂહરચના ધરાવતા નેતાઓને કેન્દ્રીય રાજકારણમાં બોલાવી શકાય છે.

## આવતીકાલથી રીઝર્વ બેંકની નાણાકીય સમીક્ષા સમિતિની બેઠક

### રિઝર્વ બેંક પર વ્યાજદર ઘટાડવા દબાણ : પરંતુ ફુગાવાની ચિંતાને કારણે ધિરાણ સસ્તું થવાની શકયતા નહીંવત

મુંબઈ તા.૦૩ :
દેશમાં ફુગાવાના ઉંચા દર અને વ્યાજદરમાં જે રીતે રીઝર્વ બેન્ક દ્વારા આક્રમક નીતિ અપનાવીને રેપોરેટ ઉંચો રાખવામાં આવી રહ્યો છે. તેના કારણે મોંઘવારી તો ઘટતી નથી પરંતુ લોકોને ઉંચા વ્યાજદરના કારણે હોમ સહિતની લોન અને અન્ય ધિરાણો મોંઘા બન્યા છે અને ઉંચા વ્યાજદરની માર વ્યાપાર ઉદ્યોગ પણ સહન કરી રહ્યું છે.

તે સમયે કાલથી પ્રારંભ થયેલા રીઝર્વ બેન્કની દ્રીમાસીક મોનેટરી પોલીસી કમીટીની બેઠકમાં વ્યાજદર ઘટાડવા અંગે નિર્ણય લેવાય તેવા સંકેત છે. જો કે ફુગાવાનો દર ઉંચો આવ્યો છે તેથી રીઝર્વ બેંક હાલ વ્યાજદર ઘટાડાનો નિર્ણય લેશે નહી તેવું માનવામાં આવે છે પણ આરબીઆઈ પર પણ રીઝર્વ બેંકની કોર્પોરેટ જગતનું દબાણ છે કે બેન્કે હવે તેના આ સ્ટેન્ડ પર પુન વિચારણા કરે ઉંચા વ્યાજદરના કારણે નવા મૂડીરોકાણ-વિકાસને બ્રેક લાગી ગઈ છે.

નાણામંત્રી નિર્મલા સીતારામન અને વ્યાપાર મંત્રી પીયુષ ગોયલ પણ વ્યાજદર ઘટાડવાનું સમર્પણ કર્યું છે. રીઝર્વ બેન્ક સાથે જોડાયેલા અર્થશાસ્ત્રીઓ જો કે વ્યાજદર ઘટાડાની શકયતા નહીવત હોવાનું સીઆરઆર-કેશ રીઝર્વ રેશિયો ઘટાડીને બેન્કોને વધુ નાણા આપી ધિરાણ માટે સુવિધા સર્જે તેવી શકયતા છે.

## હવે ડ્રગ્સનું સેવન કરનાર વ્યક્તિનું ૬૦ સેકન્ડમાં ટેસ્ટીંગ થઈ જશે

સુરત તા.૦૩
સુરત શહેરમાં રોજે રોજ વધતા ડ્રગ્સના કેસો અને તેનો યુવાપેઢી પર પડતો પ્રભાવ ધ્યાનમાં રાખીને સુરત પોલીસ દ્વારા ગુજરાતનું પહેલું એન્ટિ નાર્કોટિક્સ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. આ યુનિટ પાસે ૧૫ લાખનું એક ખાસ મશીન છે. આ મશીનની ખાસિયત એવી છે કે, તે માત્ર ૬૦ સેકન્ડમાં જ જણાવી શકે છે કે કોણે ડ્રગ્સ લીધું છે. ડ્રગ્સ લેતા અને રેવ પાર્ટી યોજતા લોકો માટે આ એક મોટી ચેતવણી છે. રાજ્યનું પહેલું એન્ટિ નાર્કોટિક્સ યુનિટ ૧૫ લાખ રૂપિયાનું રેપિડ ડ્રગ્સ સ્ક્રિનિંગ ઈન્સ્ટ્રુમેન્ટ છે, જેને ડ્રગ્સ ડિટેક્શન એનેલાઈઝર કહેવામાં આવે છે. જેનો ઉપયોગ ખૂબ જ સરળ છે. પોલીસને કોઈ વ્યક્તિએ ડ્રગ્સ લીધાનો સંદેહ હોય તો મશીન સાથેની કિટમાં સલાઈવા લેવાનું સાધન છે તે સાધનનો ઉપયોગ કરીને તે વ્યક્તિના મોંમાંથી લાળનું સેમ્પલ લેવામાં આવે છે.

## ટ્રમ્પે હમાસને ચેતવણી આપી : બંધકોને તત્કાલ છોડો નહિંતર મધ્ય-પૂર્વમાં તબાહી લાવી દઈશ

વોશીંગ્ટન, તા.૩:
અમેરિકાના નવા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે હમાસ વિરુદ્ધ કડક નિવેદન આપ્યું છે.. તેમણે હમાસને ગાઝા પટ્ટીમાં બંધક બનાવવામાં આવેલા લોકોની મુક્તિ અંગે ચેતવણી આપી હતી. ટ્રમ્પે કહ્યું કે જો ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં બંધકોને છોડવામાં નહીં આવે તો મધ્ય પૂર્વમાં તબાહી સર્જાશે.

ટ્રમ્પે પોતાના નિવેદનમાં કહ્યું કે, જો બંધકોને છોડવામાં નહીં આવે તો, માનવતા વિરુદ્ધ આ અપરાધ કરનારાઓને અમેરિકા ઈતિહાસની સૌથી મોટી સજા આપશે. તેમણે તેને અમેરિકાની પ્રતિષ્ઠા અને ન્યાય માટે ગંભીર મુદ્દો ગણાવ્યો હતો. ઈઝરાયેલના ડેટા અનુસાર ૭ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ ઈઝરાયેલ પર હમાસના હુમલા દરમિયાન ૨૫૦થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. જેમાંથી ૧૦૧ જેટલા વિદેશી અને ઈઝરાયેલના નાગરિકો હજુ પણ હમાસની કસ્ટડીમાં છે. હમાસનો દાવો છે કે આમાંથી ૩૩ બંધકોના મોત થયા છે.

## પતંગની કાતિલ દોરીએ યુવાનનો જીવ લેતા દંપતિ ખંડીત : સુરત જીલ્લામાં બનેલી ઘટના

બારડોલી તા.૦૩
ઉતરાયણ પર્વને દોઢ મહિના જેટલો સમય બાકી છે એવામાં પતંગની દોરીથી એક યુવકનું ગળું કપાઈ જતા મોત નીપજ્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. કીમ રેલવે ઓવરબ્રીજ પર આ ઘટના બની હતી કે જ્યાં એક બાઈક પર પતિ-પત્ની ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન પતંગની દોરીથી પતિને ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેનું મોત નીપજ્યું હતું.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકાના શારદાગામ ખાતે રહેતા શૈલેષ છીડીયાભાઈ વસાવા પરિવાર સાથે રહેતા હતા. તેઓ પત્ની સાથે બાઈક પર સાયણથી પોતાના ઘરે આવી રહ્યા હતા અને તેઓ કીમથી કીમ ચોકડી તરફ જતા કીમ રેલવે ઓવરબ્રીજ પરથી પસાર થતા હતા. ત્યારે પતંગનો દોરો અચાનક શૈલેષભાઈના ગળાના ભાગે વાગી આવી જતા તેઓને ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.

ગળાના ભાગે ગંભીર ઈજા થતા શૈલેષભાઈનું ગળું કપાઈ ગયું હતું. તેઓને સૌ પ્રથમ કીમ સ્થિત સાધના કુટીર હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર અર્થે સુરતની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સિવિલ હોસ્પિટલમાં સારવાર મળે તે પહેલા જ તેઓનું મોત નીપજ્યું હતું.

## માણસોએ અંતરીક્ષમાં પણ પ્રદુષણ સર્જી દીધું

નવીદિલ્હી,તા.૩
પૃથ્વીની નીચેની ભ્રમણકક્ષા એટલે કે લોઅર અર્થ ઓર્બિટ (LEO) થોડા દિવસોમાં જામ થઈ જશે. સૂર્યપ્રકાશ પણ ફિલ્ટર દ્વારા આવશે. અથવા કદાચ ન પણ આવે. અન્ય કોઈ રોકેટ આ ભ્રમણકક્ષાને પાર કરી શક્યું નથી. આ સમગ્ર ઝોનમાં હાલમાં ૧૪ હજારથી વધુ સેટેલાઈટ છે. જેમાંથી સાડા ત્રણ હજાર સેટેલાઈટ નકામા બની ગયા છે. આ સિવાય ૧૨ કરોડનો સ્પેસ જંક ઘૂમી રહ્યો છે.

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...

હિરપરા ડેન્ટલ ક્લિનીક
ઈમ્પ્લાન્ટ | પીડીયાટ્રીકસ | ઓર્થોડોન્ટિકસ

ડો. દર્પણ આર. હિરપરા
BDS, MDS, Oral Implantologist,
C. Orthodontics,
Certified in Advance Implant Prosthodontics




સ્ક્રુ પધ્ધતિથી નવા દાંત બેસાડવા તથા ફિકસ બત્રીસી બનાવવાનાં નિષ્ણાંત
સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે : ૭:૦૦ (રવિવારે બંધ)
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસસ્ટેશન સામે,
જૂનાગઢ. ફોન : ૦૨૮૫ - ૨૬૩૬૩૯૩




ડો. ભૂમિકા ડી. હિરપરા
BDS, MDS,
Pedodontics and Preventive Dentistry
બાળકોનાં દાંત તથા મોઢાના રોગોનાં નિષ્ણાંત
પાર્શ્વિ ડેન્ટલ કેર
ઉપલબ્ધ સારવાર : ● વાંકાચુંકા દાંતની સારવાર ● ડાહપણ દાઢ કાઢવાની સર્જરી ● મો તથા જડબાનાં કેન્સરનું બાયોપ્સી દ્વારા સચોટ નિદાન ● રૂટ કેનાલ ટ્રીટમેન્ટ તથા દાંતને લગતી તમામ સારવાર ઉપલબ્ધ
અક્ષર પ્લાઝા - ૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૪૨૯૦ ૧૮૩૨૮

જૂનાગઢ ઓફિસ માટે લેડીઝ સ્ટાફ જોઈએ છે
ધો.૧૨ પાસ બેઝીક અંગ્રેજી આવડતું હોવું જોઈએ.
(ઉ.વ.૨૨ થી ૩૨)
સેલેરી : ૭૦૦૦ થી ૧૦,૦૦૦
સમય : સવારે ૧૦:૦૦ થી ૦૫:૦૦
નોંધ : પાસપોર્ટ સાઈઝ ફોટો, રીઝ્યુમ અથવા બાયોડેટા નીચેના નંબર પર વોટસએપ કરી આપવા.
જૂનાગઢ
રૂબરૂ મળવાનો સમય મંગળવારે સવારે ૧૧ થી ૬
+91 95108 22841

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે







PARDAWALA
✦ શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
✦ શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)

સૌરાષ્ટ્રભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
વિશ્વગ્રામ વિદ્યાપીઠ શૈક્ષણિક સંકુલ
જૂનાગઢ-જેતપુર હાઈવે, સુખપુર-વડાલ વચ્ચે, વડાલ (જૂનાગઢ)
મો.૯૯૬૨૮ ૩૨૨૨૨
૯૧૦૬૬ ૮૮૩૮૪ / ૯૯૨૫૭ ૮૧૨૨૨

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
✦ CBC - લોહીના કણોની તપાસ
✦ RBS - સુગરની તપાસ
✦ HbA1c - સરેરાશ સુગરની તપાસ
✦ Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
✦ SGPT & SGOT - લીવરની તપાસ
✦ Creatinine - કિડનીની તપાસ
✦ Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
✦ TSH - થાઈરોઈડની તપાસ
✦ Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 749/- કિંમત ~~2870/-~~
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
✦ Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
✦ Electrolytes (Na,Cl,K) - સોડીયમ,ક્લોરાઈડ અને પોટેશ્યમ નું લેવલ
✦ I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
✦ Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
✦ T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ
સ્પેશિયલ ઓફર માત્ર 1349/- કિંમત ~~5060/-~~
સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

CMYK

# છેલ્લા પાંચ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ૬.૨૦ લાખથી વધુ દિવ્યાંગોને વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ રૂા.૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ

## સંતસુરદાસ યોજનામાં બી.પી.એલ કાર્ડ તથા ૦ થી ૧૭ વર્ષની ઉંમર ફરજીયાતની જોગવાઈ દુર કરાઈ : દિવ્યાંગજનો માટે 'યુનિવર્સલ આઈ.ડી કાર્ડ'ની સુવિધા

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

શારીરિક કે માનસિક અશક્ત વ્યક્તિ પ્રત્યે સંવેદના દાખવીને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકલાંગ વ્યક્તિઓને 'દિવ્યાંગ' જેવું સન્માનજનક નામ આપ્યું છે. વર્ષ ૨૦૧૬માં વડાપ્રધાનના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે દિવ્યાંગજનોના અધિકારો માટે દિવ્યાંગજન અધિકાર અધિનિયમ-૨૦૧૬ને પણ પસાર કર્યો છે, જેના દ્વારા દિવ્યાંગજનોને સુરક્ષા પ્રદાન કરવામાં આવે છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે દિવ્યાંગો માટે અનેક કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવી છે.

**છેલ્લા પાંચ વર્ષમાં ૬.૨૦ લાખથી વધુ દિવ્યાંગોને રૂા.૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ**

રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ ઓળખકાર્ડ, એસ.ટી. બસમાં મફત મુસાફરી યોજના, દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય યોજના, સંત સુરદાસ યોજના, ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબલ પેન્શન સ્કીમ, દિવ્યાંગ સાધન સહાય યોજના, મનોદિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના જેવી અનેક કલ્યાણકારી યોજનાઓ કાર્યાન્વિત કરી છે. આ યોજનાઓ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં ૬.૨૦ લાખથી વધુ લાભાર્થીઓને રૂા.૬૫૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. દિવ્યાંગોને કલ્યાણકારી યોજનાઓનો લાભ મળવાથી તેઓ વધુ સશકત બન્યા છે. દિવ્યાંગો આત્મસન્માનથી જીવતા થાય તેવો સરકારનો અભિગમ આ યોજનાઓ થકી સાર્થક થયો છે.

**રાજ્ય સરકારના દિવ્યાંગો માટેના વિવિધ કલ્યાણકારી નિર્ણયો**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તથા સામાજિક ન્યાય-અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરીયાના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા દિવ્યાંગોના સામાજિક, આર્થિક વિકાસ માટે અનેકવિધ પગલાઓ લેવામાં આવી રહ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગજનો માટેની વિશેષ ઓળખ અને સુવિધા માટે 'યુનિવર્સલ આઈ.ડી કાર્ડ' આપવામાં આવ્યું છે. આ આઈ.ડી. કાર્ડના માધ્યમથી દિવ્યાંગ વ્યક્તિઓ એસ.ટી બસમાં મફતમાં મુસાફરી કરી શકે છે. તેમનો આ પાસ પણ હવેથી જીવનભર માન્ય રાખવામાં આવ્યો છે.

**સંતસુરદાસ યોજનામાં બી.પી.એલ કાર્ડ તથા ૦ થી ૧૭ વર્ષ ફરજીયાતની જોગવાઇ દુર કરાઈ**

સંતસુરદાસ યોજનામાં ૮૦%થી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને આ યોજનાનો લાભ મેળવવા માટે બી.પી.એલ કાર્ડ ધારક તથા ૦ થી ૧૭ વર્ષની ઉંમર હોવી જરૂરી હતી જેને દુર કરાયું છે. દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી બસમાં મફત મુસાફરી આપવાની યોજના હેઠળ પાર્કિન્સન, હિમોફિલીયા, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ જેવી દિવ્યાંગતામાં તેમના સહાયકને ૧૦૦% મફત મુસાફરીનો લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, થેલેસેમીયા, ક્રોનીક ન્યુરોલોજીકલ સ્થિતી જેવી ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંજનને માસિક રૂા.૧૦૦૦ સહાય આપવામાં આવે છે.

**એસ.ટી બસમાં મુસાફરીનો પાસ તથા દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય**

દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં રાજ્યની અંદર તેમજ રાજ્ય બહાર મુસાફરીના કિસ્સામાં બસ રૂટના રાજ્ય બહાર આવેલા અંતિમ સ્ટેશન સુધી મફત મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ પાસ હવે જીવનભર માન્ય રહેશે. આ પહેલા દિવ્યાંગોને વિકલાંગતા પ્રમાણપત્ર માટે વારંવાર મેડિકલ ચેકઅપ માટે જવું પડતું હતું અને હાડમારી વેઠવી પડતી હતી પણ હવે સંપૂર્ણ સંવેદનાથી દિવ્યાંગતાનું પ્રમાણપત્ર આજીવન માન્ય કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. દિવ્યાંગ વ્યક્તિઓને એસ.ટી બસમાં મુસાફરી માટે મળતો પાસ પણ હવેથી જીવનભર માન્ય રાખવામાં આવ્યો છે. સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ ધપાવી તેમને સમજવા અને તેઓના પ્રત્યેનો લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના ઉમદા હેતુથી દર વર્ષે તા.૩ ડિસેમ્બરને 'આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૨૦૨૪ની થીમ 'સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્ય માટે દિવ્યાંગ વ્યક્તિઓના નેતૃત્વને વધુ વિસ્તૃત બનાવવું' રાખવામાં આવી છે.

# લોક સંસ્કૃતિની ધરોહર એવા લોકમેળાઓને પુનઃ ઉજાગર કરવા મંત્રી હર્ષ સંઘવીની ફેસબુકના માધ્યમથી અનોખી પહેલ

## માત્ર સાત કલાકમાં ૯૦૦થી વધુ લોકોએ પોતાના ગામ, શહેરના મેળાઓની રસપ્રદ માહિતી આપી

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨

રાજ્યના વિવિધ યાત્રાધામો, ગામો, જિલ્લાઓમાં યોજાતા મેળાને નવી ઓળખ આપવા રાજ્યના યુવા, સાંસ્કૃતિક મંત્રી હર્ષ સંઘવીએ અનોખો પ્રયાસ કર્યો છે. મંત્રી હર્ષ સંઘવીએ ફેસબુકના માધ્યમથી રાજ્યના નાગરિકોને પોતાના ગામ, શહેર, જિલ્લામાં ભરાતાં પ્રખ્યાત-અપ્રખ્યાત મેળાઓના નામ, વિગત અને વિશેષતા જણાવવા અનુરોધ કર્યો હતો. મંત્રીએ રાત્રે ૧.૩૦ વાગ્યે ફેસબુક ઉપર કરેલી પોસ્ટના માત્ર ૭ કલાકમાં ૯૦૦થી વધુ લોકોએ કોમેન્ટ કરી અને પોતાના ગામ, શહેરના લોકમેળાઓની રસપ્રદ વિગત આપીને મંત્રી હર્ષ સંઘવીના આ કાર્યને બિરદાવ્યું છે. મંત્રી હર્ષ સંઘવીએ ફેસબુકના માધ્યમથી લોક સંસ્કૃતિની ધરોહર એવા નાના મોટાં, પ્રખ્યાત - અપ્રખ્યાત લોકમેળાઓને ઉજાગર કરવાના પ્રયાસમાં રાજ્યના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લઈ આ પ્રયાસને વધાવ્યો છે. મંત્રીએ ફેસબુક પર પોસ્ટ કરી જણાવ્યું હતું કે, "ગુજરાતનાં અલગ અલગ જિલ્લાઓમાં એવા કેટલાય મેળાઓ ભરાય છે, જે ફક્ત જે-તે જિલ્લાઓ પૂરતાં જ સીમિત રહી જાય છે. આજે એવા જિલ્લાઓને જાણીએ અને જણાવીએ. જેથી, આના થકી આજે કેટલાય અવનવાં મેળાઓ આપણને જાણવા મળશે". મંત્રીની પોસ્ટમાં રાજ્યના તમામ વિસ્તારમાંથી લોકોએ પોતાનાં આજુબાજુના મેળાની વિગતો આપી છે. જેમાં ઘણાં એવા મેળા છે જે ભાગ્યે જ રાજ્યના અન્ય વિસ્તારના લોકો જાણતા હશે. જેમ કે, બનાસકાંઠાના લાખણી તાલુકાના જસરા ગામે શિવરાત્રીના દિવસે સૌથી મોટો અશ્વમેળો યોજાય છે. નવરાત્રિના આઠમના નોરતે વડોદરાના રણુ ગામે તુલજા ભવાનીનો મેળો, મહેસાણાના પુદગામે સ્વયંભૂ જયોતિર્લિંગ શ્રીકૃષ્ણ જન્મોત્સવનો સિદ્ધનાથ મહાદેવનો મેળો ભરાય છે. તો બનાસકાંઠાના થરાદના લુણાવ ગામે ભાઈબીજના દિવસે અતિપ્રાચીન મેળો, દક્ષિણ ગુજરાતના વલસાડના પલસાણા ગામે મહાશિવરાત્રીના દિવસે ગંગાજીનો મેળો યોજાય છે જેમાં સામાજિક સમરસતાની ભાવના જોવા મળે છે. આદિજાતિ સાંસ્કૃતિક મેળાની વાત કરીએ તો, દાહોદના લીમખેડામાં આમલી અગિયારસનો જન્માષ્ટમીના દિવસે મેળો યોજાય છે. તેમજ છોટાઉદેપુરના લગામી ગામે રંગ પંચમીનો મેળો યોજાય છે જેમાં રામ ઢોલની હરીફાઈ તથા સામાજિક સુધારણાની વાતો કરવામાં આવે છે. એક સમયે જે તે વિસ્તારની શાન ગણાતા મેળા લોકોની સ્મૃતિપટ ઉપરથી વિસરાઈ રહ્યા છે. આ લોકમેળાને પુનઃ સ્મૃતિમાં લાવી તેમાં પ્રાણ ફૂંકવા અને તેનું ડોક્યુમેન્ટ કરવા મંત્રીએ રાજ્યના લોકોને જોડીને આ અનોખી પહેલ કરી છે. જેમાં લોકોએ પોતાના વિસ્તારના લોકમેળાની વિગતો તો આપી, તેની સાથે તે મેળા પાછળની રસપ્રદ માહિતી પણ શેર કરી છે. એક મેળો એવો છે જે કોઈને કોઈ કારણસર બંધ થયો છે આવા મેળાઓને સ્થાનિકો સાથે મળીને પુનઃ કાર્યરત કરવા મંત્રીએ ખાતરી આપી છે.

# પશ્ચિમ રેલવે મુસાફરોની વધુ સારી સુવિધા માટે સ્વચ્છ અને આરોગ્યપ્રદ લિનન સુનિશ્ચિત કરે છે

## પશ્ચિમ રેલવે ઉપર દરરોજ મુસાફરો દ્વારા ૧ લાખ બેડ રોલનો ઉપયોગ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૩

ભારતીય રેલવે મુસાફરોને સ્વચ્છતા અને સફાઈ ના ઉચ્ચતમ ધોરણો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, ખાસ કરીને જ્યારે વાત બેડરોલ અને ધાબળાની આવે છે. મુસાફરી દરમ્યાન આરામદાયક અને આરોગ્યના મહત્વને ઓળખીને, રેલવે એ તેની ખાતરી કરવા માટે કડક પગલાં અમલમાં મૂક્યા છે કે તેની બેડિંગની સામગ્રી આ ધોરણોને પૂર્ણ કરે છે. તમામ બેડરોલ્સ અને ધાબળાઓને ધોવાની આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને નિયમિત સમયાંતરે કાળજીપૂર્વક ધોવા અને સાફ કરવામાં આવે છે. સમર્પિત ટીમો જાળવણી પ્રક્રિયાની દેખરેખ રાખે છે તેની ખાતરી કરવા માટે કે દરેક બેડરોલ કડક ગુણવત્તાની તપાસનું પાલન કરે છે. દરરોજ પશ્ચિમ રેલ્વે તેના ઓન-બોર્ડ પેસેન્જરોને ૧ લાખ બેડ રોલ પૂરા પાડે છે જે દરરોજ ૧,૦૦,૦૦૦ હોટેલ રૂમને લિનન સપ્લાયની સમકક્ષ છે અને તેની તુલના ૧૦૦૦ સો રૂમ હોટલને લિનન સપ્લાય સાથે સરખાવી શકાય છે. મુસાફરોની સલામતી અને સંતોષ ભારતીય રેલ્વે માટે એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રેલવેએ એસી કોચમાં બ્લેક્રેટ ક્લિનિંગ પ્રેક્ટિસને સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં મુસાફરોની સ્વચ્છતા અને આરામને પ્રાથમિકતા આપવામાં આવી છે. ૨૦૧૦માં જે સફાઈનો સમયગાળો ત્રણ મહિનાનો હતો તે હવે ઘટીને માત્ર ૧૫ દિવસ કરવામાં આવ્યો છે. લોજિસ્ટિક્સ પડકારો ધરાવતા વિસ્તારોમાં, આ અંતરાલ ૨૦-૩૦ દિવસ સુધી લંબાઈ શકે છે. આ સિવાય નેપ્થાલિન ગરમ હવાથી પણ સ્ટરીલાઈઝેશન પણ કરવામાં આવે છે. આ સક્રિય અભિગમ સામાન્ય ઘરગથ્થુ પ્રથાઓથી બિલકુલ અલગ છે, જ્યાં ધાબળા વારંવાર ધોવામાં આવતાં નથી અને મોસમી તડકામાં સૂકવવા માટે છોડી દેવામાં આવે છે. મહત્તમ સ્વચ્છતા અને આરામ સુનિશ્ચિત કરવા માટે, મુસાફરોને બે ચાદર પણ આપવામાં આવે છે - એક બિછાવા માટે અને બીજી ધાબળા સાથે ઓઢવા માટે. પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, વર્ષ ૨૦૧૮ થી વૂલન ધાબળાનો સેવા સમયગાળો ચાર વર્ષથી ઘટાડીને બે વર્ષ કરવામાં આવ્યો છે, જે ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. બેડશીટ્સ સહિત તમામ લીનન ને દરેક ઉપયોગ પછી ધોવામાં આવે છે અને ક્ષતિગ્રસ્ત વસ્તુઓને ટાળવા માટે સ્થિતિના આધારે બદલવામાં આવે છે. દરેક લિનન આઈટમમાં વણાયેલ લોગો હોય છે જે તેના રેલ્વે ઝોન અને ખરીદીની તારીખ દર્શાવે છે, જે ટ્રેસેબિલિટી અને ગુણવત્તાની ખાતરી વધારે છે. ભારતીય રેલ્વે એસી કોચનું તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ જાળવી રાખે છે, વારંવાર ધાબળાની જરૂરિયાત ઘટાડે છે, જ્યારે બેડશીટ્સ મુસાફરોની જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં પૂરી કરે છે. આ દિશામાં આગળ વધીને, મુંબઈ અને અમદાવાદ સહિત અનેક સ્થળોએ પશ્ચિમ રેલવેમાં યાંત્રિક લોન્ડ્રી સુવિધાઓ બેડશીટ્સ, ઓશીકાના કવર, ચહેરાના ટુવાલ અને ધાબળાનો સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્ટોક જાળવી રહી છે. કુલ એક લાખ બેડરોલ્સ એટલે કે ૨ લાખ બેડશીટ્સ, ૧ લાખ ઓશીકાના કવર અને ચહેરાના ટુવાલ અને ૮૦,૦૦૦ ધાબળા દરરોજ પશ્ચિમ રેલવેની ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાય છે. સેવાઓને મોનિટર કરવા અને સુધારવા માટે, ઓન-બોર્ડ સ્ટાફ લિનન ગુણવત્તા ઉપર ફીડબેક આપે છે અને મુસાફરોની ફરિયાદોનું નજીકથી નિરીક્ષણ કરવામાં આવે છે. ગ્રાહક સંતોષ વધારવા માટે પ્રતિસાદફીડબેક ફોર્મ નિયમિતપણે એકત્રિત કરવામાં આવે છે. આ પ્રયાસો દ્વારા, તે માત્ર પ્રવાસ જ નહીં, પરંતુ દરેક મુસાફરોને સ્વચ્છ અને આરામદાયક અનુભવ પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતાની પુષ્ટિ કરે છે.

# રેવન્યુ રેકર્ડમાં નામ હોય અને હક્ક મેળવવા કરેલ દાવો નામંજુર કરતી અદાલત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

માંગરોળના નામ. પ્રિન્સી. સીવીલ જજ રેવન્યુ રેકર્ડમાં નામ હોય અને હક્ક મેળવવા વાદીઓએ દાવો કરેલ જે દાવો નામંજુર કરતો ચુકાદો આપેલ છે. આ કેસની હક્કિત એવા પ્રકારની છે કે, માંગરોળના રહીશ સાબીરાબેન દાઉદભાઈ જેઠવા વા/ઓ. હાસમભાઈ તાલીયાએ તેમના ભાઈઓના દિકરાઓ સામે પોતાનું રેવન્યુ રેકર્ડમાં એટલે કે ૭-૧૨, ૮-અ વિગેરેમાં નામ હોય અને પોતે દાઉદભાઈ જેઠવાની દિકરી હોય જેથી તેમનો મિલ્કતમાં હક્ક થતો હોય જેથી તેમણે મુસ્લીમ લો મુજબ હક્ક હિસ્સો મેળવવા અને કબ્જો મળતા સુધી દરમ્યાન ઉપજ મેળવવા તેમના ભાઈઓના દિકરાઓ પાસે માંગરોળની સીમ સર્વે નં.૫૦૦/પૈકી-૧ હે.આરે.ચો.મી. ૧-૬૭-૯૫ વાળી મિલ્કતમાંથી હક્ક હિસ્સો મેળવવા માટે દાવો સને ૨૦૧૭ની સાલમાં દાખલ કરેલ. જે દાવાની પ્રતિવાદીઓને નોટિસ બજતા તેમને નામ. કોર્ટ સમક્ષ વાંધા જવાબ રજુ કરેલ અને દાવો ચાલી જઈ બંને પક્ષે પુરાવાઓ લેવાયેલ અને દસ્તાવેજો રજુ કરવામાં આવેલ જેમાં વાદીના પિતા દાઉદભાઈનું અવસાન તા.૪-૧૧-૧૯૮૯ના રોજ થયેલ છે. ત્યારબાદ વાદીના પિતાની વારસાઈ તા.૩૧-૩-૨૦૦૪ના થયેલ તે વારસાઈ થયાને પણ ૧૩ વર્ષ જેવો સમય થયેલ અને ત્યારબાદ વાદીએ કયારેય ભાગની માંગણી કરેલ નહી. તેના પિતાના અવસાન બાદ ૨૮ વર્ષ બાદ વાદીઓને દાવો લાવી ભાગની માંગણી કરેલ છે. આવી દલીલો પ્રતિવાદીના વકીલએ નામ. કોર્ટ સમક્ષ કરેલ કોર્ટે પ્રતિવાદીઓના વકીલ દલીલોને ધ્યાને લીધેલ અને ફકત રેવન્યુ રેકર્ડમાં નામ હોવાના લીધે વાદીયણ હક્ક હિસ્સો મેળવી શકે નહી વાદીઓના પિતાના ૨૮ વર્ષ અવસાન બાદ વાદીયણે દાવો દાખલ કરેલ છે. ૨૮ વર્ષ દરમ્યાન ક્યારેય વાદીયણ હક્ક હિસ્સાની માંગણી કરી દાવો લાવેલ નથી જેથી વાદીયણના દાવાને મુદ્દતનો બાધ નડતો હોય વાદીયણનો દાવો મુદત બહારનો હોવાથી માંગરોળના નામ. પ્રિન્સી. સીવીલ જજે વાદીયણનો દાવો તા.૩૦-૧૧-૨૦૨૪ના રોજ રદ(નામંજુર) કરેલ છે. પ્રતિવાદીઓના વકીલ તરીકે વાય.એસ. કરૂડ, ભાવેશ બી. રાખોલીયા, ઝેડ.એમ. શાખલા, અલ્ફેઝ વાય. કરૂડ રોકાયેલા હતા.

# માંગરોળમાં વૃક્ષો અવાર નવાર લાગતી ભેદી આગ સંબંધે પ્રકૃતિપ્રેમીઓએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યું

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

માંગરોળ પંથકમાં પર્યાવરણના શુધ્ધિકરણ અને લાખો પક્ષીઓના આશ્રયસ્થાન સમા ઘટાદાર વૃક્ષોમાં અવારનવાર લાગતી ભેદી આગ સંબંધે પ્રકૃતિપ્રેમીઓએ મામલતદારને વધુ એક આવેદન પાઠવ્યું હતું. આ મુદ્દે સાત સાત આવેદનો અને મૌખિક તથા લેખિત રજુઆતો બાદ પણ તંત્ર કોઈ કાર્યવાહી ન કરતું હોવાની વ્યથા ઠાલવી, માત્ર આશ્વાસનો જ મળતા હોવાનો રોષ વ્યક્ત કર્યો હતો. સંજીવની નેચર ફાઉન્ડેશન, વંદે માતરમ્ ગૃપ, વિહિપ સહિતના સંગઠનોએ કરેલી રજુઆતમાં જણાવ્યું હતું કે માંગરોળ - કેશોદ, માંગરોળ - જુથળ(કામનાથ) રોડ પર રાજાશાહીના સમયના વડલાના ઘેઘુર વૃક્ષો આવેલા છે. જેમાં સમયાંતરે એકાએક આગ લાગવાના બનાવો બને છે. પર્યાવરણની ધરોહર સમા વૃક્ષોમાં આગ લાગ્યાની જાણ થતાં પ્રકૃતિપ્રેમી યુવાનો દોડી આવે છે અને ફાયર ફાઈટર, પાણીના ટેક્રરોથી આગ બુઝાવવાના શક્ય તમામ પ્રયાસો કરવામાં આવે છે. તેમ છતાં અત્યાર સુધીમાં અનેક વૃક્ષો આગમાં ખાક થઈ ગયા છે. જ્યારે અર્ધ બળી ગયેલા ઝાડ ધીમે ધીમે નાશ પામી રહ્યા છે. રસ્તાની



સાઈડો સુધી ખડકી દેવાયેલા ઉકરડા, નાળિયેરી અને ફાઈબરના વેસ્ટ કચરાને લીધે આગ ગતિ પકડે છે અને ગણતરીની મિનિટોમાં વૃક્ષો ભડભડ સળગી ઉઠે છે. પેશકદમીના આશયથી આયોજનબધ્ધ રીતે વૃક્ષોનો સોથ વાળવામાં આવતો હોવાની પણ આશંકા વ્યક્ત કરી છે. ઉકરડાના ઢગલાથી વાહનચાલકોને પણ મુશ્કેલી પડે છે અને અકસ્માતના બનાવો પણ બને છે. ત્યારે ગંભીર ગણાતી ઘટનાઓને લઈ તંત્ર નહીં જાગે તો એક પછી એક વૃક્ષો સળગતા રહેશે અને ભવિષ્યમાં ગણ્યાં ગાંઠ્યા જ વૃક્ષો જ શેષ રહેશે તેવી ભીતિ વ્યકત કરી, યોગ્ય તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા માંગ કરી છે.

# કોઈ મતદાતા બાકાત રહેવો જોઈએ નહીં: સુપ્રીમ કોર્ટે ચિંતા વ્યક્ત કરી

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે દરેક મતદાન મથક પર મતદાતાની મહત્તમ સંખ્યા ૧,૨૦૦થી વધારી ૧,૫૦૦ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી જાહેર હિતની અરજી અંગે પંચનો જવાબ માંગ્યો છે. કોર્ટે જણાવ્યું હતું કે, કોઈ વ્યક્તિ મતદાર બાકાત રહેવો જોઈએ નહીં.સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને તેનું વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું હતું. બેન્ચે જણાવ્યું હતું કે, "અમે ચિંતિત છીએ. કોઈ મતદાતા બાકાત રહેવો જોઈએ નહીં." એટલે બેન્ચે ચૂંટણી પંચના વકીલ સિનિયર એડવોકેટ મનિંદર સિંઘને મતદાન મથક દીઠ મતદાતાની સંખ્યા વધારવાના ચૂંટણી પંચના નિર્ણય પાછળનો વિચાર ટૂંકી એફિડેવિટ ફાઈલ કરીને સમજાવવા નિર્દેશ કર્યો હતો. કોર્ટે ચૂંટણી પંચને ત્રણ સપ્તાહમાં એફિડેવિટ ફાઈલ કરવા જણાવ્યું હતું. સિંઘે જણાવ્યું હતું કે, "બેન્ચ ઈવીએમ અંગે સતત મુકાઈ રહેલા આરોપોથી માહિતગાર છે. આવા આરોપો ચાલુ રહેશે. ૨૦૧૯થી ચૂંટણી આવી રીતે થઈ રહી છે. રાજકીય પક્ષો સાથે આ મુદ્દે દરેક મતવિસ્તારમાં ચૂંટણી પહેલાં ચર્ચા કરવામાં આવે છે."વરિષ્ઠ વકીલ સિંઘે કહ્યું હતું કે, "પોલિંગ સ્ટેશનમાં ઘણા મતદાન બૂથ હોઈ શકે અને ઈવીએમ દીઠ મતદાતાની કુલ સંખ્યામાં વધારો કરતી વખતે હંમેશા દરેક મતવિસ્તારમાં રાજકીય પક્ષો સાથે ચર્ચા કરવામાં આવે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "મતદાતાઓને નિર્ધારિત સમય પછી પણ મતદાનની મંજૂરી આપવામાં આવે છે." સુપ્રીમ કોર્ટે આગામી સુનાવણી માટે ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ની તારીખ નિર્ધારિત કરી છે અને એ પહેલાં અરજદારને એફિડેવિટની કોપી આપવા જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટમાં ચૂંટણી પંચ દ્વારા દેશભરમાં દરેક મતિવિસ્તારના પોલિંગ સ્ટેશન પર મતદાતાની સંખ્યામાં વધારો કરવાના નિર્ણયને ઇંદુપ્રકાશ સિંઘે જાહેર હિતની અરજી દ્વારા પડકાર્યો હતો.

# દ્વારકામાં પોક્સો કેસમાં શંકાનો લાભ આપીને આરોપીને છોડી મૂકવા કોર્ટનો હુકમ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ઓખા મંડળના આરંભડા વિસ્તારમાં રહેતા અજરૂદીન કાસમભાઈ સુંભણીયા દ્વારા આજથી આશરે સાડા પાંચ વર્ષ પૂર્વે એક સગીરાનો સતત બે-ત્રણ મહિના સુધી પીછો કરી અને તેણીને બજારમાં રોકી, બિભત્સ ચેનચાળા કરવા ઉપરાંત પોતાના મોબાઈલમાં સેલ્ફી લઈને સોશિયલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી. ત્યારબાદ તેણીના ઘરે જઈને લગ્ન પ્રસ્તાવ મૂકી અને તેણીને ઉપાડી જવાનું કહી, ધાકધમકી આપ્યાની ફરિયાદ સગીરાના પરિવારનો દ્વારા મીઠાપુર પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જેને અનુલક્ષીને પોલીસે આઈ.પી.સી. કલમ ૩૫૪, ૫૦૬, પોક્સો એક્ટ વિગેરેની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આરોપીની અટકાયત કરી હતી. જે સંદર્ભે અદાલતમાં ચાર્જસીટ રજુ કરવામાં આવ્યું હતું. આ અંગેનો કેસ દ્વારકાની અદાલતમાં ચાલી જતા આરોપી તરફે ખંભાળિયાના વિદ્વાન વકીલ જીતેન્દ્રભાઈ હિંડોચા વિગેરે દ્વારા કરવામાં આવેલી દલીલોને ધ્યાને લઈ અને એડી. સેશન્સ જજ શ્રી કે.જે. મોદી દ્વારા આરોપી અજરૂદીનને શંકાનો લાભ આપીને છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

### હુમલા બાદ ISKCONની ભક્તોને સલાહ

# 'ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો..'

નવી દિલ્હી, તા.૩

'ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો અને તમારું માથું ઢાંકો...' ઈન્ટરનેશનલ સોસાયટી ફોર ક્રિષ્ના કોન્શિયસનેસ કોલકાતાએ બાંગ્લાદેશમાં તેના સહયોગીઓ અને અનુયાયીઓને આ સલાહ આપી છે. જેથી તેઓ પડોશી દેશમાં કટ્ટરપંથીઓથી બચી શકે અને પોતાની સુરક્ષા કરી શકે. ઈસ્કોન કોલકાતાના ઉપાધ્યક્ષ રાધારમણ દાસે જણાવ્યું હતું કે, 'લોકોએ મંદિર અને ઘરની અંદર તેમના ધર્મનું પાલન કરવું જોઈએ, પરંતુ બહાર જતી વખતે સાવચેત રહેવું જોઈએ. હું તમામ સાધુઓ અને સભ્યોને સલાહ આપી રહ્યો છું કે સંકટના આ સમયમાં પોતાની સુરક્ષા માટે દરેક શક્ય પ્રયાસો કરે. હું તેમને ભગવો ન પહેરતા, તિલક ભૂસી કાઢજો, તુલસી માળા છુપાવજો અને તમારું માથું ઢાંકીને રાખવાની સલાહ આપું છું.'અહેવાલો અનુસાર, રાધારમણ દાસે અપીલ કરી છે કે જો તમે તુલસી માળા પહેરવા માંગતા હોય તો તેને એવી રીતે પહેરો કે તે કપડાની અંદર છુપાયેલ રહે અને ગળાની આસપાસ દેખાઈ ન શકે. તમારે દરેક સંભવિત પગલાં લેવા જોઈએ જેથી કરીને તેઓ સાધુ જેવા વેશ ન દેખાય.'બાંગ્લાદેશમાં હિન્દુ લઘુમતીઓ અને ઈસ્કોન સાધુઓ સામે હિંસાની ઘટનાઓ વધી રહી છે. તાજેતરમાં બાંગ્લાદેશમાં એક કાયદાકીય કેસમાં આધ્યાત્મિક નેતા ચિન્મય કૃષ્ણ દાસનો બચાવ કરનારા એડવોકેટ રમણ રોય પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો છે અને તેમની હાલત અત્યંત નાજુક છે.

# જૂનાગઢ ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે ભાગવત સપ્તાહની વિશાળ પોથીયાત્રા નીકળી : હજારો સાધુ સંતોની હાજરી

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે શરૂ થયેલી શ્રીમદ ભાગવત સપ્તાહની પોથીયાત્રા જાગનાથ મહાદેવ મંદિર તળાવ દરવાજેથી નીકળી જયશ્રી રોડ અને કાળવા ચોક થઈ ભૂતનાથ મહાદેવના પટાંગણમાં પહોંચી હતી. આ વિશાળ પોથીયાત્રામાં ગિરનાર તીર્થક્ષેત્ર અને ભવનાથ ક્ષેત્રના હજારો સાધુ સંતો અને ભાવિકજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પોથીયાત્રા બેન્ડવાજા ડીજેના તાલે રમતા ભમતા શ્રોતાઓ આ યાત્રામાં જોડાયા હતા. હાથમાં ભગવો ધ્વજ ખુલ્લી જીપ હજારો વાહનોના કાફલા સાથે સાધુ સંતોની વિશાળ હાજરી વચ્ચે યાત્રા નીકળી હતી.






# કોન્ટ્રાકટરે સમયસર કામગીરી ચાલુ ન કરવા માટે રૂા.૫,૦૦,૦૦૦નો દંડ ફટકારતી મહાનગરપાલિકા જૂનાગઢ

જૂનાગઢ, તા.૩

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટર મેસર્સ કે.એમ.ઓડેદરાને વર્ક ઓર્ડર આપ્યાના હાલ અંદાજે ૨-માસ પુર્ણ થયેલ હોવા છતા કોન્ટ્રાકટર દ્વારા ઘણા સ્થળ ઉપર કામગીરી હાથ ધરેલ નથી. જે બાબતે કોન્ટ્રાકટર મેસર્સ કે.એમ.ઓડેદરાને અવાર-નવાર મહાનગરપાલિકા,જૂનાગઢની બાંધકામ શાખા દ્વારા તેમજ વોર્ડના એન્જીનિયર દ્વારા ટેલીફોનીક તેમજ મૌખીક સુચના આપવામાં આવેલ હોવા છતા પણ કોન્ટ્રાકટર દ્વારા કામ ચાલુ કરવામાં આવેલ નથી. જેથી તેઓને દિવસ-૨ માં સ્થળ ઉપર કામગીરી ચાલુ કરવા માટે નોટિસ આપવામાં આવેલ તેમજ ચાલુ કરેલ કામગીરી ઝડપથી પુર્ણ કરવા તેમજ શા માટે કોન્ટ્રાકટરે બ્લેક લીસ્ટ ન કરવા બાબતેનો ખુલાસો માંગવામાં આવેલ છે. તેમ છતા તેઓ દ્વારા ચાલુ કરેલ કામગીરી કમિશ્નર ડો.ઓમ પ્રકાશના અધ્યક્ષસ્થાને સમીક્ષા થતા કોન્ટ્રાકટરે અપાયેલ વર્ક ઓર્ડરના સમયથી આજ દિન સુધીની કામની પ્રગતિ ઘણી ઓછી જણાય છે. જેથી સરકાર દ્વારા ફાળવેલ ગ્રાન્ટનો સમયસર વપરાશ થયેલ નથી, જે ખુબ જ ગંભીર બાબત છે જે ધ્યાને મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા કોન્ટ્રાકટર મેસર્સ કે.એમ.ઓડેદરાને કામ પ્રત્યેની લાપરવાહી સબબ ટેન્ડર નિયમોનુસાર રકમ રૂા.૫,૦૦,૦૦૦/- પાંચ લાખનો દંડ આપવામાં આવેલ છે તેમજ આ બાબતે કોન્ટ્રાકટર મેસર્સ કે.એમ.ઓડેદરાની કોઈ રજુઆત કરવાની હોય તો દિવસ-૨ માં અત્રેની કચેરીએ લેખીતમાં ખુલાસો મહાનગર સેવા સદનની કચેરી ખાતે રજુ કરવા જણાવવામાં આવેલ હતું. અન્યથા નિયમોનુસાર આગળની કાર્યવાહી હાથ ધરવા માટે અને ગંભીરપણે નોંધ લેવા માટે જણાવવામાં આવ્યું હતું.

# ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ૬ રાજયોનાં જ્ઞાનકુંભ પ્રદર્શનને રાજયપા આચાર્ય દેવવ્રતજીએ ખુલ્લું મુક્યુ

## રાજ્યપાલે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. યોજીત પ્રદર્શન સ્ટોલની મુલાકાત લઈ યુનિ.નાં શૈક્ષિકકાર્યોની માહિતીથી અવગત થયા

જૂનાગઢ, તા.૩

અમદાવાદ ખાતે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ અને ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે ગૂજરાત વિદ્યાપીઠ પરિસરમાં ભારતના ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, ગોવા અને મધ્યપ્રદેશ રાજ્યોનો જ્ઞાનકુંભ યોજાઈ ગયો. ગુજરાત વિદ્યાપીઠ પરિસરમાં દ્વિ-દિવસીય જ્ઞાનકુંભ પ્રદર્શનનું યોજાયેલ પ્રદર્શનને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ખુલ્લું મૂક્યું હતું. આ શૈક્ષણિક પ્રદર્શનમાં વિવિધ રાજ્યોના વિશ્વ વિદ્યાલયો, મહાવિદ્યાલયો, શાળાઓ અને શિક્ષકો ભાગ લીધો હતો. પ્રદર્શનમાં ૧૬ યુનિવર્સિટી, ૨૮ પ્રતિભાંવિત શાળાઓ અને ૮ જેટલા પ્રયોગશીલ શિક્ષકોએ ભાગ લઈ જ્ઞાનની નવિનત્તમ ઉંચાઈનો સાક્ષાતકાર રજુ કર્યો હતો. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ તમામ સ્ટોલની મુલાકાત લીધી હતી. ગૂજરાત વિદ્યાપીઠ ખાતે આયોજિત આ પ્રદર્શનની મુલાકાત વેળાએ ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદ પટેલ, પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિદ્યાપીઠના કાર્યકારી કુલસચિવ નિખિલ ભટ્ટ, ભક્તકવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલયનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી સહિત ગુજરાત વિદ્યાપીઠના અધિકારીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ,તેમજ શિક્ષણવિદો ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ દ્વારા કર્ણાવતી "જ્ઞાનકુંભ - ૨૦૨૪"નું આયોજન ગૂજરાત વિદ્યાપીઠ ખાતે થયે આયોજનમાં 'વિકસિત ભારતમાં શિક્ષણની ભૂમિકા' શીર્ષકથી આયોજિત આ 'જ્ઞાનકુંભ'નું ઉદ્દઘાટન ગુજરાતના રાજયપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા કરવામાં આવ્યું.આ જ્ઞાનકુંભ પ્રદર્શની અંતર્ગત ભકતકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા પણ શૈક્ષણિક સ્ટોલ રાખવામાં આવેલ હતો.આ સ્ટોલની મુલકાત વેળાએ ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ ડો.ચેતન ત્રિવેદીએ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી અને દેશની વિવિધ યુનિ.નાં કુલગુરૂઓને પુષ્પગુચ્છ અર્પણ કરી સત્કર્યા હતા.અને ગિરનારની ગોદમાં પ્રકૃતિનાં અફાટ સૌદર્ય વચ્ચે વિદ્યાર્થીઓને ભારતિય શિક્ષણનાં મુલ્યોનું થઈ રહેલ શિક્ષણકાર્ય અને છાત્રો દ્વારા હાથ ધરાઈ રહેલ શોધકાર્યોની જાણકારી આપી હતી. આ પ્રસંગે શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના મહાસચિવ શ્રી અતુલ કોઠારીજી, તેમજ પુર્વ શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા જોડાયા હતા. બે દિવસ દરમિયાન પ્રદર્શની સ્ટોલના મુલાકાતીઓને યુનિવર્સિટીમાં ચાલતા વિવિધ સ્નાતક, અનુસ્નાતક, વિદ્યાવાચસ્પતી (પીએચ. ડી.), પ્રમાણપત્ર અભ્યાસક્રમ તેમજ ડિપ્લોમા અભ્યાસક્રમ અને યુનિવર્સિટીની તમામ પ્રવૃત્તિથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ગુજરાત વિદ્યાપીઠ ખાતે આયોજીત જ્ઞાનકુંભ પ્રદર્શનીમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં શૈક્ષિકકાર્ય ફોટો પ્રેઝન્ટેશન માટે ડો. ઋષિરાજ ઉપાધ્યાય, ડો. વિનીત વર્મા, ડો. ઓમ જોષી, મીડિયા કન્સલ્ટન્ટ અશ્વિન પટેલ, ડો. નિશીથ ધારૈયા, ડો. અનુપ વિજયકુમાર, ડો. પરાગ દેવાણીએ કુલપતિશ્રીનાં માર્ગદર્શન તળે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની શૈક્ષિક, સહશૈક્ષિકપ્રવૃતિ સભર પ્રદર્શન સ્ટોલ તૈયાર કરવા જહેમત ઉઠાવી હતી.




# જૂનાગઢમાં રાજ્યભરમાંથી આવેલ અનુસૂચિત જાતિના બાળકોએ એડવેન્ચર કોર્સની તાલીમ મેળવી : પ્રમાણપત્રો એનાયત કરાયા

જૂનાગઢ તા.૩

રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા અને સાસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ સંચાલિત એડવેન્ચર કોર્સ તા.૨૫-૧૧-૨૦૨૪ થી તા.૧-૧૨-૨૦૨૪ દરમિયાન જૂનાગઢ ખાતે યોજાયો. જેમાં રાજ્યભરમાંથી વિવિધ જિલ્લાના અનુસૂચિત જાતિના બાળકો ભાઈઓ અને બહેનોએ પર્વતારોહણની ખડક ચઢાણની તાલીમ મેળવી હતી.




સફળતાપૂર્વક તાલીમ મેળવનાર તમામ તાલીમાર્થીઓને પૂર્ણાહુતી કાર્યક્રમમાં અધ્યક્ષ સી.જી.સોજીત્રા, જિલ્લા મહિલા અને બાળ અધિકારી જૂનાગઢ, એન.ડી.વાળા, જિલ્લા યુવા વિકાસ અધિકારી, ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ એમ.રાઠોડ, કે.પી.રાજપૂત પૂર્વ પ્રિન્સીપાલ સ્વામી વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટઆબુ તથા માનદ ઈન્સ્ટ્રક્ટરોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. જેમાં રામભાઈ ચન્દ્રવાડીયા પાદરીયા, હસમુખભાઈ વેગડ સરતાનપર, પ્રીયા સોલંકી રાજકોટ, દશરથ પરમાર પાટણ, રવિકુમાર પરમાર બોટાદ, પવનકુમાર ઓઝા એ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે અને કે.પી. રાજપૂત અમદાવાદ, કોર્ષ ઈન્ચાર્જ તરીકે સેવા આપી હતી.

આ તાલીમમાં કાર્યક્રમમાં અધ્યક્ષ સી.જી.સોજીત્રા દ્વારા કેમ્પના બાળકોને ખાસ કરીને દીકરીઓને અભિનંદન પાઠવ્યા કે જેમણે આવી સાહસિક પ્રવર્તિઓમાં જોડાયા તથા તમામ તાલીમાર્થી ને શારીરિક, આરોગ્ય પોષણ માટે માર્ગદર્શન આપ્યું.

જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી વાળાએ તાલીમાર્થી ને પ્રેરિત કર્યા કે એક સચોટ તથા યોગ્ય ગોલ નક્કી કરી જીવન માં આગળ વધો અને સંઘભાવના થી કામ કરવાનું કહ્યું ઉપરાંત શિક્ષણ ની સાથે સાથે આવી સાહસિક પ્રવૃતીઓમાં વધુને વધુ જોડાવાની પ્રેરણા આપી અને ઈલેક્ટ્રિક ઉપકરણો નો આછો તથા સદુપયોગ કરવાનું કહ્યું અને પુસ્તકો નું વાંચન કરવાની ટેવ પાડવાનું જણાવ્યું હતું. આ તાલીમમાં શિબિરાર્થીએ કેમ્પના અનુભવો વિશે તેમના અભિપ્રાય આપતા કહ્યુ કે, કેમ્પમાં ખુબ મજા આવી તથા તેઓને કુદરતી વાતાવરણમાં રહેવાની ખુબ મજા આવી તેમજ તેઓ તેમના મિત્રોને પણ આવા કોર્ષ કરવા માટે પ્રેરણા આપશે. કાર્યક્રમના પ્રારંભે શાબ્દિક સ્વાગત સાથે શિબિર અંગેની માહિતી ઈન્સ્ટ્રક્ટર ઈન્ચાર્જ ઉપેન્દ્રસિંહ એમ. રાઠોડે આપી હતી. આ તકે કે.પી. રાજપૂતે શિબિરાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિશે માહિતગાર કર્યા હતા. આભાર વિધિ માનદ ઈન્સ્ટ્રક્ટર પવનકુમાર ઓઝાએ કરી હતી. તેમજ કાર્યક્રમનું સંચાલન માનદ ઈન્સ્ટ્રક્ટર રવિ પરમાર તથા પ્રિયા સોલંકીએ કર્યું હતું.

# ફિશરિઝ કોલેજ વેરાવળ ખાતે 'વ્હેલ શાર્ક દિવસ-૨૦૨૪'ની ઉત્સાહભેર ઉજવણી

## વ્હેલ શાર્ક સંરક્ષણ અને સંવર્ધન માટે સાગરખેડૂઓને બીરદાવતાં મુખ્ય વન સંરક્ષક

વેરાવળ, તા.૩

જૂનાગઢ વન વિભાગ, વાઈલ્ડ લાઈફ ટ્રસ્ટ ઈન્ડિયા તથા ટાટા કેમિકલના સહયોગથી ફિશરિઝ કોલેજ વેરાવળ ખાતે "વ્હેલ શાર્ક દિવસ-૨૦૨૪" અંતર્ગત ગુજરાતના દરિયાકાંઠે વ્હેલશાર્કના સંરક્ષણ માટે બે દાયકાથી સફળ સહ સંચાલનની ઉજવણી કરવામાં આવી હતી.





જૂનાગઢ વર્તુળ મુખ્ય વન સંરક્ષક કે.રમેશે વ્હેલ શાર્કના સંરક્ષણ અને સંવર્ધન માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, આપણે હંમેશા કુદરત સાથે અનુકૂલન સાધીને ચાલવું જોઈએ. આપણે કુદરતના નિયમોને અનુસરવા જોઈએ. જો આપણે એમ નહીં કરીએ તો જનસમૂહ અને આવતી પેઢીને નુકસાન ભોગવવું પડશે. મનુષ્યને તેમની ભૂલમાંથી જ શીખવાનું છે. જો પર્યાવરણને મનુષ્ય નુકસાન પહોંચાડે છે તો મનુષ્ય જ પર્યાવરણને બચાવી શકે છે.

વ્હેલશાર્ક એ આવકનો સૌથી મોટો સ્રોત હોવા છતાં પણ સાગરખેડૂઓએ એમની દરિયાદિલી બતાવી છે. એકબાજુ કમાણી અને બીજીબાજુ નૈતિક ધોરણોમાંથી એમણે નૈતિક ધોરણો પસંદ કર્યા છે. વ્હેલશાર્કને સંરક્ષિત પ્રજાતિ જાહેર કરાતા સમગ્ર સમૂદાયનો હકારાત્મક પ્રતિસાદ સાંપડ્યો હતો. જે દર્શાવે છે કે આ ખાસ પ્રકારના દરિયાઈ જીવને બચાવવા આ સમૂદાય પણ હરહંમેશ સજ્જ છે. એમ કહી તેમણે સાગરખેડૂઓને બીરદાવ્યાં હતાં તેમણે વધુમાં ફિશરમેન માટે નુકસાનીનું વળતર, વ્હેલ શાર્કની જૈવિક ગતિવિધિઓ, સરકારની વિવિધ પોલિસી, ટેક્નોલોજીના ઉપયોગથી ટેગિંગ, વ્હેલ શાર્કના ખોરાકનું માધ્યમ, વાતાવરણમાં ફેરફારો, ગ્લોબલ વોર્મિંગ, દરિયાઈ પ્રદૂષણ, કોસ્ટગાર્ડ અને ફોરેસ્ટ વિભાગના સંયુકત પેટ્રોલિંગ સહિત વૈશ્વિક સ્તરે આવતા ફેરફારો વિશે તબક્કાવાર માહિતી આપી હતી.

પ્રોજેકટ પાર્ટનર ટાટા કેમિકલ્સ લિમિટેડના પ્રતિનિધિ મુકેશબાબુ સોલંકીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનો સંદેશો સતત એક પેઢીના માધ્યમથી બીજી પેઢીમાં તેનો વ્યાપ વિસ્તારી રહ્યો છે. સરકાર, જનપ્રતિનિધિઓ અને નાગરિકોના સહિયારા પ્રયત્નોના કારણે જ આ કન્ઝર્વેશન પ્રોજેક્ટની ફળશ્રુતિ મળી રહી છે. વ્હેલશાર્ક સંવર્ધન પ્રોજેકટમાં અઢળક નાગરિકો સહભાગી બનવાની ખુશી પણ તેમણે વ્યક્ત કરી હતી.

અગ્રણી તુલસીભાઈ ગોહિલે હૂક ફિશિંગ, વ્હેલ શાર્કનો વ્યાપ, વર્ષ ૨૦૦૭ થી લઈ વર્ષ ૨૦૨૪ સુધી ગીર સોમનાથના દરિયાઈ વિસ્તારોમાં આ ખાસ પ્રકારના દરિયાઈ જીવના રક્ષણ માટે કરાયેલા પ્રયત્નો વર્ણવ્યા હતાં. ગુજરાતના દરિયામાં પ્રવાસ કરતી વ્હેલ શાર્કના રક્ષણ અને બચાવ માટે લોકોમાં જાગૃતિ આવે તે હેતુથી ચોકસી કોલેજ વેરાવળના એન.એસ.એસ વિદ્યાર્થીઓએ "સેવ ધ વ્હેલ શાર્ક" નાટકના માધ્યમથી વ્હેલ શાર્ક બચાવવાનો સંદેશો આપ્યો હતો અને વેરાવળ મદદનીશ વન સંરક્ષક એસ.આર.પ્રજાપતિએ આભારવિધિ કરી હતી. આ કાર્યક્રમમાં જૂનાગઢ વર્તુળ નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, કોસ્ટગાર્ડ આસિ.કમાન્ડર અંકિત મિશ્રા, વનવિભાગના અધિકારીઓ રસિલાબહેન વાઢેર, વાય.એસ.કળસરિયા, કે.ડી.પંપાણિયા, વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના પ્રતિનિધિ બી.એમ. પ્રવીણકુમાર, ફિશરિઝ કોલેજ અને ચોક્સી કોલેજના વિદ્યાર્થીઓ, પ્રોફેસર્સ અને સાગરખેડૂઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# ખંભાળિયામાં રઘુવંશી જ્ઞાતિના યુવાઓ માટે વિનામૂલ્યે થેલેસેમિયા કેમ્પ યોજાયો

(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા, તા.૩

ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારના રઘુવંશી જ્ઞાતિના તરુણો તેમજ યુવાનો માટે અહીંની રેડક્રોસ સંસ્થા તેમજ લોહાણા મહાજનના ઉપક્રમે નવી લોહાણા મહાજન વાડી ખાતે વિનામૂલ્યે થેલેસેમિયા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અત્રે રઘુવંશી જ્ઞાતિના સમૂહ ભોજન પ્રસંગે લોહાણા મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણીના આર્થિક સહયોગથી યોજવામાં આવેલા આ થેલેસેમિયા ટેસ્ટ કેમ્પમાં રઘુવંશી જ્ઞાતિના ૧૦૦ જેટલા યુવાન યુવતીઓનો થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવ્યો હતો. જે માટે અમદાવાદથી ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ખાસ ટીમનું અત્રે આગમન થયું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે અગ્રણી બિલ્ડર કમલેશભાઈ વિઠલાણીના આર્થિક સહયોગ તેમજ લોહાણા મહાજનના વડપણ હેઠળ રેડક્રોસ સંસ્થાના ડિસ્ટ્રિક્ટ ચેરમેન કિરીટભાઈ મજીઠીયા, શૈલેષભાઈ કાનાણી, તુલસીદાસ ભાયાણી, મિલન સાયાણી અને મનીષભાઈ નથવાણી દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.



# શ્રીરામ ફાઈનાન્સે ક્રિકેટ જગતના દિગ્ગજ રાહુલ દ્રવિડ સાથે કરી એક પ્રેરણાદાયી કેમ્પેઈન #TogetherWeSoarની શરૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩

શ્રીરામ ગ્રુપની મુખ્ય કંપની તથા ભારતના અગ્રણી ફાઈનાન્સિયલ સર્વિસ પ્રોવાઈડર્સમાંની એક, શ્રીરામ ફાઈનાન્સ લિમિટેડ દ્વારા **'#TogetherWeSoar'** નામનું નવું પ્રેરણાદાયી બ્રાન્ડ કેમ્પેઈન શરૂ કરવામાં આવ્યું છે. આ કેમ્પેઈન શ્રીરામ ફાયનાન્સની ભારતના મહત્વાકાંક્ષી અને સ્વપ્રશીલ લોકો સાથે જોડાઈને, એકતાની તાકાતથી તેમના સપના પૂરા કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

વર્તમાન સમયમાં ભારતીયો પોતાની સફળતાની સફરમાં આવનારા કોઈપણ પડકાર સામે પૂરા આત્મવિશ્વાસથી કહેવા લાગ્યા છે 'તો શું?'. અને આ કેમ્પેઈન ભારતીયોની આ જ ભાવનાને પ્રતિબિંબિત કરે છે. સાથે મળીને, ભાગીદારી કરીને આગળ વધવાના આ અભિયાનમાં કંપની સાથે ક્રિકેટ જગતના દિગ્ગજ રાહુલ દ્રવિડ પણ જોડાયા છે. આ કેમ્પેઈનમાં તેઓની પોતાના જીવનની પણ ઝલક જોવા મળે છે.

આ કેમ્પેઈનનો મુખ્ય ઉદેશ્ય છે: "આવો, આપણે સાથે મળીને ઉડાન ભરીએ." શ્રીરામ ફાઈનાન્સ તેના ગ્રાહકો સાથે મજબૂત સંબંધો બનાવીને અને તેમની અંદરની શક્તિને ખીલવીને, તેમના સપનાઓ સાકાર કરવા માટે તત્પર છે.

કેમ્પેઈનના સ્ટાર એમ્બેસેડર- આ કેમ્પેઈનના બ્રાન્ડ એમ્બેસેડર ક્રિકેટ જગતના દિગ્ગજ રાહુલ દ્રવિડ છે, જે ટીમ વર્ક અને એકતા જેવા મૂલ્યોના પ્રતિક છે, જે શ્રીરામ ફાઈનાન્સના મૂલ્યો સાથે સંલગ્ન છે. તેમની ઉપસ્થિતિ આ કેમ્પેઈનને વધુ ખાસ બનાવે છે.

'હર ઈન્ડિયન કે સાથ : જુડેંગે. ઉડેંગે' ટાઈટલ સાથેના આ કેમ્પેઈનના હિન્દી વર્ઝનને વધુ અસરદાર બનાવે છે જાણીતા અભિનેતા નસીરૂદ્દીન શાહનો બુલંદ અવાજ. તેમનો શક્તિશાળી અવાજ શ્રીરામ ફાઈનાન્સના લોકોના સપનાઓને સાકાર કરવામાં મદદ કરવાના ઉદ્દેશ્યને અસરદાર રીતે દર્શાવે છે. આ કેમ્પેઈનનો વ્યાપ - વ્યાપક ૩૬૦-ડિગ્રી મીડિયા અભિગમ સાથે, **'#Together WeSoar'** કેમ્પેઈન પ્રિન્ટ, ડિજિટલ, ટેલિવિઝન, સોશિયલ મીડિયા અને આઉટડોર પ્લેટફોર્મ્સ તેમજ સમગ્ર ભારતમાં પસંદગીના થિયેટરો દ્વારા પ્રેક્ષકો સુધી પહોંચશે. આ ઉપરાંત, શ્રીરામ ફાઈનાન્સે પ્રો કબડ્ડી લીગ સાથે પણ ભાગીદારી કરી છે જેથી દર્શકો **PKL** દરમ્યાન પણ આ જાહેરાત જોઈ શકશે.

# રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ ઉજવણી નિમિતે માળિયા તાલુકાના વિવિધ ગામોમાં લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયા

જૂનાગઢ, તા.૩

રાષ્ટ્રીય પ્રદૂષણ નિયંત્રણ દિવસ ઉજવણી નિમિતે આજરોજ માળિયા તાલુકાના વિવિધ ગામોમાં લોકજાગૃતિ અંગેના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. તેમજ આરોગ્ય કર્મચારીઓ દ્વારા શાળાના બાળકોને આ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથો સાથો વિશ્વ એઈડ્સ દિન વિશે પણ લોકજાગૃતિમાં કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# આસપડોશમાંથી ગાયબ થતી કરિયાણાની દુકાનો

ક્વિક કોમર્શની શકલમાં ઘર સુધી ઉપભોક્તા ચીજોની ખરીદીએ ભારતની પારંપરિક બજાર વ્યવસ્થાને સંપૂર્ણ રીતે બદલી નાખી છે. ભારતની ઘરેલુ બજાર વ્યવસ્થા કેટલી તેજી સાથે બદલાઈ રહી છે, તે એ વાતે સમજી શકાય છે કે છેલ્લા એક વર્ષમાં ઓછામાં ઓછા બે લાખ કિરાણા સ્ટોર કે પડોશના નાના રિટેલ આઉટલેટ બંધ થઈ ચૂક્યા છે. એ તથ્ય આ મહિને ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિસ્ટ્રીબ્યુટર્સ ફેડરેશન (એઆઈસીપીડીએફ)ના અધ્યયનમાં સામે આવ્યું છે. તેના અનુસાર, ભારતીય ગ્રાહકો ઝડપથી બ્લિંકિટ, ઓટીપી અને ઝેપ્ટો જેવા ઓનલાઈન ડિલીવરી પ્લેટફોર્મ તરફ વળી રહ્યા છે.

આ અધ્યયન દેશના લગભગ ૧.૩ કરોડ એવા સ્ટોર સાથે કરવામાં આવ્યું છે, જે કિરાણા અને પર્સનલ કેરના સામાન વેચે છે. અધ્યયન દર્શાવે છે કે બંધ થનારા સ્ટોર્સમાં ૪૫ ટકા મહાનગરોના છે. ટિયર-૧ શહેરોના ૩૦ અને ટિયર-૨ અને ૩ શહેરોના ૨૫ ટકા સ્ટોર બંધ થયા છે. ક્વિક કોમર્સ કંપનીઓ ગ્રાહકને લોભાવા માટે પ્રીડેટરી પ્રાઈસિંગ એટલે કે ભારે છૂટ પણ આપી રહી છે અને પડતર કરતાં ઓછા ભાવે વેચી રહી છે. તેણે એક અનફેર પ્લેઈંગ ફીલ્ડ બનાવી દીધું છે, જેનાથી ગ્રાહક બેઝ અને કરિયાણા સ્ટોરોની નફાની ક્ષમતા ઘટી રહી છે. ભારતમાં બજાર અને સમાજનું એક સહિયારું ચરિત્ર પણ છે, જે આપણા રોજિંદા જિંદગીમાં સ્પષ્ટ રીતે ઉભરે છે. કસ્બા-મહોલ્લાથી માંડીને આસપડોશની કરિયાણા દુકાનોની સૌથી મોટી તાકાત તેમની સામાજિક વિશ્વસનીયતા અને આત્મીય વ્યવહાર રહ્યો છે. પરંતુ આ બધું નફા અને બચતની નવી બજાર વ્યવસ્થામાં ઊંધા મોંએ પછડાય છે.

નવી બની રહેલી સ્થિતિએ આપણા ઘર-પરિવાર અને સમાજને નવા પ્રકારે ઘડવાનું શરૂ કરી દીધું છે. આ સ્થિતિનું વધુ ઊંડાણથી અધ્યયન કરવું જોઈએ કે બજાર સાથે જોડાયેલા આપણા સામાજિક સંબંધ જો કમજોર પડે છે તો તેની અસર આપણા વિચાર અને સ્વભાવમાં કેવી પડશે. એવી જ કેટલીક ચિંતાઓને ધ્યાનમાં રાખતાં હિંદુસ્તાન યુનિલિવર, ડાબર ઈન્ડિયા અને નેસ્લે ઈન્ડિયા સહિત મુખ્ય કંપનીઓએ ચાર લાખ રિટેલ વિતરકોનું પ્રતિનિધિત્વ કરનારી દેશની સૌથી મોટી સંસ્થા એઆઈસીપીડીએફે આ સંબંધે વિત્ત, વિણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય પાસે માંગ કરી છે કે તે આ બદલાવને ગહનતાથી સમજે અને નિયંત્રિત કરે.

એમ તો ભારતના રિટેલ બજારનું સ્વરૂપ અન પ્રસારમાં પરિવર્તન કોઈ નવી વાત નથી. છેલ્લા બે-અઢી દાયકામાં આ વિશે કેટલાંય તથ્યો સામે આવ્યાં છે અને નવી બની રહેલી સ્થિતિઓ સાથે ભારતીય ગ્રાહક સમાજ સતત ટેવાતો પણ જાય છે. પરંતુ છેલ્લા એક દાયકામાં જે વલણ જોવા મળ્યું છે તે ચોંકાવે છે. એમ પણ આ બદલાવ એવા સમયે થયો છે જ્યારે ભારતીય પ્રતિસ્પર્ધા આયોગ (સીસીઆઈ) પહેલેથી જકથિત સ્ટ્રેટેજિક પ્રાઈસિંગ અને અન્ય અનુચિત પ્રથાઓ માટે ઓનલાઈન કોમર્સ પ્લેયર્સની તપાસ કરી રહી છે. સીસીઆઈએ એક આંતરિક રિપોર્ટમાં જોયું કે ઇ-કોમર્સની મુખ્ય કંપનીઓ એમેઝોન ઈન્ડિયા અને ફ્લિપકાર્ટે પોતાના પ્લેટફોર્મ પર ચુનંદા વિક્રેતાઓને પ્રાથમિકતા આપીને નક્કી દિશા-નિર્દેશોનું ઉલ્લંઘન કર્યું છે.

સ્પષ્ટ છે કે આપણી આસ-પડોશમાં કરિયાણા દુકાનોનાં થોડાંઘણાં બોર્ડ છે, તે પણ આગામી થોડા સમયમાં ઉતરી જશે. એવામાં ભારતીય ઉદ્યોગ અને વેપાર જગતની એ ચિંતા વાજબી છે કે ક્વિક કોમર્સ કંપનીઓની આર્થિક રચનાની તપાસ કરવામાં આવે. આવી કંપનીઓ માટે સખત દિશાનિર્દેશ બનવા જોઈએ, આ બાબતે કાનૂની ચુસ્તી પણ જરૂરી છે.

આ બાબતે નાણાંમંત્રીનું એ આશ્વાસન મહત્ત્વપૂર્ણ છે કે સરકાર ક્વિક કોમર્સ અને ઇ-કોમર્સ પ્લેયર્સની સ્ટ્રેટેજિક પ્રાઈસિંગથી નુક્સાન ઉઠાવનારા કારોબારીઓના હિતોની રક્ષા માટે ગંભીરતાથી વિચાર કરશે. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રીએ પણ ઇ-કોમર્સ ક્ષેત્ર વિશે આ જ પ્રકારની ચિંતા વ્યક્ત કરતાં આ પ્લેટફોર્મ્સને દેશની અંદર નિષ્પક્ષ રૂપે સંચાલિત કરવાની જરૂરિયાતને માની છે. બહેતર રહેશે કે સરકારની ચિંતા જલ્દી કારગત દિશાનિર્દેશ અને નીતિ રૂપે સામે આવે, જેથી સ્થિતિ આગળ વધારે ન બગડે.

# જૂનાગઢમાં ભારત ગેસ દ્વારા સુરક્ષા સાથે સ્વાસ્થ્યની લાઈવ રસોઈ શો સ્પર્ધા યોજાઈ







(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૩

જૂનાગઢમાં ભારત પેટ્રોલિયમ કોર્પો. લી. કંપનીના ભારત ગેસ દ્વારા આપણું રસોડું આપણી જવાબદારી થીમ અંતર્ગત ગૃહિણીની સલામતી માટે સેફ્ટી ક્લિનિક સાથે રસોઈ સ્પર્ધાનું આયોજન લોહાણા મહાજનવાડી રઘુકુળવાડી જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં ૨૦ ગૃહિણીઓએ ભાગ લીધો હતો તેમજ ખાસ શિયાળામાં વપરાતા ખજૂરની સ્પેશિયલ પોષ્ટિક મીઠાઈ લાઈવ બનાવવી હતી. સ્પર્ધા પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ક્માંકને સર્ટિફિકેટ અને ઈનામ આપવામાં આવ્યાં હતા. જયારે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ ગૃહિણીને સર્ટિફિકેટ અને પ્રોત્સાહિત ઈનામ ભારતગેસ તરફથી આપવામાં આવેલ તેમજ ઉપસ્થીત દરેક ગૃહિણીને ખાસ ભારત ગેસ તરફથી એપ્રોન પણ આપવામાં આવેલ. સ્પર્ધાના નિર્ણાયક તરીકે કુકિંગ એક્સપર્ટ અંકિતા વણઝારા મહત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં પ્રથમ નંબર ઉપર અલ્કાબહેન પરમાર દ્વારા ખજૂર ઘારી લાઈવ બનાવી હતી.

જયારે દ્વિતીય નંબર ઉપર ગીતાબહેન કોટક દ્વારા ખજૂરની રબડી લાઈવ બનાવેલ હતી તેમજ તૃતીય નંબર મેળવનાર જયશ્રીબહેન ગાલોરીયા દ્રારા ખજુર ટાકોગુઝ લાઈવ બનાવવામાં આવેલ હતા અને વાનગીની પસંદગી કરવામાં આવી હતી. મહત્વનુ છે કે ખાસ વાનગીમાં વપરાયેલ વસ્તુઓ અને સ્વાદની સાથે સાથે સ્વચ્છતા અને ગેસ વપરાશ સમયે રાખવામાં આવતી સલામતીનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વિશેષ ગૃહિણીઓને રસોઈ બનાવતી સમયે ખાસ શું તકેદારી રાખવી અને રસોઈ બની ગયાં બાદ ગેસ વપરાશનાં ઊપયોગ પૂર્ણ કરીને શું સાવચેતી રાખવી તે અંગે ખાસ માર્ગદર્શન પણ આપવામાં આવેલ હતુ સાથે સાથે ઈમરજન્સી સમયે કંપનીનો સંપર્ક કેવી રીતે કરવો તે પણ માહિતી આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંજય ગેસ એજન્સીનાં માલિક હર્ષાબહેન લાખાણી તેમજ મેનેજર ભાવિન કારીયા તેમજ અને દેકારો ગ્રુપ ચેતનાબહેન તન્ના અને નિશાબહેન રૂપારેલિયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. ભારત ગેસના એરિયા સેલ્સ મેનેજર શરદ દ્વિવેદી આ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને જણાવ્યું હતું કે નાનકડી ભૂલ મોટો અકસ્માત સર્જી શકે છે તેવી જ રીતે નાનકડી લેવામાં આવેલ કાળજી મોટામાં મોટી દુર્ઘટના બનતી પણ અટકાવી પણ શકે છે. સમગ્ર કાર્યક્રમની આભારવિધી સંજય ગેસના માલિક હર્ષાબહેન લાખાણી દ્વારા કરવામાં આવી હતી.

# માણાવદર નગરપાલિકા જી.જુનાગઢ

## ટેન્ડર નિવિદા

જા.નં.માનપા/૮૮૩/૨૦૨૪ તા.૨૯-૧૧-૨૦૨૪

આથી માણાવદર નગરપાલિકા, માણાવદર, જી.જુનાગઢને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ વિવિધ યોજના અંતર્ગત નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ફક્ત મજુર સહકારી મંડળીઓ પાસેથી ભાવો/ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામનું નામ(૧) : ૧૫ મા નાણાપંચ યોજના(અનટાઇડ) હેઠળ અમૃતનગર વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલનું કામ(પાર્ટ-૧) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૫.૫૯ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૫૫૯૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૨) : ૧૫ મા નાણાપંચ યોજના(અનટાઇડ) હેઠળ અમૃતનગર વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલનું કામ(પાર્ટ-૨) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૭.૬૭ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૭૬૭૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૩) : ૧૫ મા નાણાપંચ યોજના(ટાઇડ) હેઠળ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ(પાર્ટ-૧) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૭.૮૧ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૭૮૧૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૪) : ૧૫ મા નાણાપંચ યોજના(ટાઇડ) હેઠળ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટમાં કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ(પાર્ટ-૨) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૭.૯૯ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૭૯૦૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૫) : ૧૫ મા નાણાપંચ યોજના(ટાઇડ) હેઠળ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ (પાર્ટ-૧) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૮.૧૬ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૮૧૬૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૬) : ૧૫ મા નાણાપંચ યોજના(ટાઇડ) હેઠળ વર્મી કમ્પોસ્ટ પ્લાન્ટમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ (પાર્ટ-૨) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૮.૧૮ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૮૧૮૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૭) : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સીટ નં.૪૫ જુના બાલમંદિરવાળી જગ્યાની ફરતે કમ્પાઉન્ડ વોલનું કામ (પાર્ટ-૧) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૬.૮૧ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૬૮૧૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |
| કામનું નામ(૮) : સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના સીટ નં.૪૫ જુના બાલમંદિરવાળી જગ્યાની ફરતે કમ્પાઉન્ડ વોલનું કામ (પાર્ટ-૨) નું કામ | |
| અંદાજીત રકમ રૂ.૮.૯૧ લાખ | કામની સમય મર્યાદા: ૩-માસ |
| ઈ.એમ.ડી. રૂ.૭૯૧૦/- | ટેન્ડર ફી રૂ.૬૦૦/- |

સદરહું કામ અંગેના ભાવો/ટેન્ડરો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૭ માં નગરપાલિકા કચેરી, ગાંધી ચોક, માણાવદરને પહોચતા કરવાના રહેશે. સદર કામ અંગેના તમામ હકક અધિકાર નગરપાલિકાને અબાધિત રહેશે.

(એમ.આર.ખીચડીયા)
ચીફ ઓફીસર,
નગરપાલિકા - માણાવદર

(એમ.ડી.શુકલ)
વહીવટદાર,
નગરપાલિકા - માણાવદર

માહિતી/જુના/૬૮૪/૨૪

# આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઈ

## ૧૨ માર્ચ ૨૦૨૫ સુધી રાજ્યની તમામ હોસ્પિટલને આ એક્ટ હેઠળ ફરજિયાત રજીસ્ટ્રેશન કરાવવા સુચના : પ્રમાણપત્ર વિના કાર્યરત કોઈપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂા.૫ લાખ સુધીના દંડની જોગવાઈ



(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં તા.૩૦ ડિસેમ્બરના રોજ ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ હેઠળની પ્રવર્તમાન જોગવાઈઓ , આ અધિનિયિમ હેઠળ જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલ હોસ્પિટ્લસના રજીસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરાઇ હતી. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, તા.૧૨મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ હોસ્પિટલ્સ એ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. સમયઅવધિમાં રજીસ્ટ્રેશન ન હોય તેવી આરોગ્યસંસ્થાઓ સામે નાણાકીય કાર્યવાહી ઉપરાંત કાયદાકીય સખ્ત પગલા ભરવામાં આવશે. રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે. રજીસ્ટ્રેશન સિસ્ટમ દાખલ કરીને અયોગ્ય પ્રેક્ટિશનરો દ્વારા ઊંટવૈદું રોકી શકાશે તેમ મંત્રીએ ઉમેર્યુ હતું. આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન તશે તેમજ હિતધારક ભાગીદારી અને ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે. કાયદા હેઠળ, નોંધણી ફરજીયાત છે અને માન્ય તબીબી પદ્ધતિઓ માટે જ મંજૂર છે. જે તાત્કાલિક આરોગ્ય પરિસ્થિતિઓમાં વધુ સારા સંચાલન અને નોંધણીમાં સુધારો લાવશે. આ એક્ટ અંતર્ગત તમામ સરકારી આરોગ્ય સંસ્થાઓ, ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓએ રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. ક્લિનિક સંસ્થાઓના તમામ પ્રકારની ઉપચારાત્મક અને ડાયગ્નોસ્ટિક સેવાઓ માટે પણ રજીસ્ટ્રેશન ફરજીયાત છે. એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ પણ રજીસ્ટ્રેશન ફરજીયાત પણ કરાવવું. અત્યાર સુધીમાં તા.૨૮નવેમ્બર ૨૦૨૪ ની સ્થિતિએ રાજ્યની ૫૫૩૪ આરોગ્ય સંસ્થાઓએ કાયમી રજીસ્ટ્રેશન કરાવ્યું છે. જેમાં ૨૩૨૮ સરકારી, ૩૦૧૫ ખાનગી આરોગ્ય સંસ્થાઓનો સમાવેશ થાય છે. જેમાં ૪૦૧૮ એલોપેથી, ૧૮૫ આયુષ હોસ્પિટલ્સ, ૪૩૭ હોમિયોપેથી, ૭૭ ડેન્ટલ ક્લિનીક, ૧૦૮ ઈ.એસ.આઈ.સી. હોસ્પિટલનો છે. ૫૦થી ઓછી પથારી ધરાવતી ૪૬૦૧ અને ૫૦ થી વધુ પથારી ધરાવતી ૩૨૨ હોસ્પિટલ્સે અત્યારસુધીમાં આ એક્ટ હેઠળ રજીસ્ટ્રેશન કરાવી લીધું છે. આ એક્ટ હેઠળ ક્લિનિક/કન્સલ્ટિંગ રૂમ/ પોલીક્લિનિક ઉપરાંત ૧૫ બેડથી લઇ ૧૦૦થી વધુ પથારીઓ ધરાવતી હોસ્પિટલ્સમાં બેડ પ્રમાણે તબક્કાવાર નોંધણી તેમજ સ્ટેન્ડઅલોન લેબ/ અન્ય ડાયગ્નોસ્ટિક યુનિટમાં પણ નિયત ફી ભરીને રજીસ્ટ્રેશન કરાવવાનું ફરજીયાત છે. ઉપર દર્શાવેલ તમામ કેટેગરીની આરોગ્ય ક્ષેત્રે સેવાઓ આપતી સંસ્થાઓએ કામચલાઉ / કાયમી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટે જરૂરી પ્રમાણપત્રો લેવા ફરજીયાત છે. પ્રમાણપત્ર વિના કાર્યરત આમાંથી કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે રૂા.૧૦ હજારથી ૫ લાખ સુધીના દંડની જોગવાઇ છે. વધુમાં આ અધિનિયમની કોઈપણ જોગવાઈઓનું ઉલ્લંઘન કરનાર, વ્યક્તિ/સંસ્થાને પ્રથમ ગુના માટે દસ હજાર રૂપિયા, બીજા ગુના માટે પચાસ હજાર રૂપિયા સુધી, પછીના કોઈપણ ગુના માટે એક (૧) લાખ રૂપિયા સુધીનો દંડ હોઈ શકે છે. તદ્ઉપરાંત અધિનિયમ હેઠળ આપવામાં આવેલ આદેશનું જો કોઈ વ્યક્તિ અથવા સંસ્થા ઈરાદાપૂર્વક અનાદર કરે અથવા કોઈ કાર્યો કરવામાં અવરોધ ઉભો કરે તેવી વ્યક્તિ/સંસ્થા ૫ લાખ રૂપિયા સુધી દંડને પાત્રની જોગવાઈ છે. અત્રે નોંધનીય છે કે, આ એક્ટ હેઠળ કોઈ માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિ દ્વારા માંદગી, ઈજા, શારીરિક ખોડ, અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી તબીબી સેવાઓ પૂરી પાડતા હોય તેવા, હોસ્પિટલ, પ્રસૂતિગૃહ, નર્સિંગ હોમ, ડિસ્પેન્સરી, ક્લિનિક, સેનિટોરિયમ નો સમાવેશ થાય છે. તદ્ઉપરાંત રોગોના નિદાન અથવા તેની સારવાર માટે લેબોરેટરી અથવા અન્ય તબીબી સાધનોની મદદથી જ્યાં પેથોલોજિકલ, બેક્ટેરિયોલોજી, જેનેટિક, રેડિયોલોજિકલ, રાસાયણિક, જૈવિક તપાસ અથવા અન્ય રોગનિદાન સેવાઓ આપવામાં આવતી હોય અને જે સરકાર અથવા સરકારના વિભાગ, જાહેર અથવા ખાનગી ટ્રસ્ટ, કેન્દ્રીય, પ્રાંતીય (પ્રોવિન્શિયલ) અથવા રાજ્ય અધિનિયમ હેઠળ રજિસ્ટર થયેલું, સરકારની માલિકીનું હોય અથવા ન હોય તેવું (મંડળી સહિતનું) કોર્પોરેશન , સ્થાનિક સત્તામંડળ અને, કોઈ ડોક્ટરની માલિકીની અથવા તેના દ્વારા નિયંત્રિત અથવા સંચાલિત ચિકિત્સા સંસ્થાઓ હોય તેને આ એક્ટની જોગવાઇ લાગુ પડે છે. ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ તારીખ ૨૨-૫-૨૦૨૧ના રોજ ગેઝેટમાં પ્રકાશિત થયો હતો અને આ કાયદો તારીખ ૧૩-૯-૨૦૨૨ ના રોજ સમગ્ર રાજ્યમાં અમલમાં આવેલ છે. ગુજરાત ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ(રજીસ્ટ્રેશન અને નિયમન) અધિનિયમ, ૨૦૨૧ અંતર્ગત નિયમો અને નિયમન તારીખ ૧૩-૩-૨૦૨૪ના રોજ ગેઝેટમાં પ્રસિદ્ધ થઇ અમલમાં આવ્યા છે.

# ભાણવડના રૂપામોરા ગામે ઘરમાં ઘૂસેલા બાળ મગરનું રેસક્યુ કરાયું

## એનિમલ લવર્સ અને વન વિભાગ દ્વારા કરાયું સંયુક્ત ઓપરેશન



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૩

ભાણવડ નજીકના રૂપામોરા ગામે શનિવારે રાત્રીના સમયે એક ઘરના અગાસીની સીડીના ભાગે એક મગરનું બે ફૂટ નાનું બચ્ચું આવી જતા તે જોઈને મકાન માલિક ખૂબ અચંબિત થઈ ગયા હોય. ત્યારે તેઓએ ભાણવડના એનિમલ લવર્સ ગ્રુપના અશોકભાઈ ભટ્ટને જાણ કરતા તેઓ તુરંત આ સ્થળે દોડી ગયા હતા. અહીં એનિમલ લવર્સના રેસક્યુઅર અને વન વિભાગના કર્મચારીઓ પહોંચી જઈ આ બાળ મગરનું રેસક્યુ કરાયું હતું. બાદમાં આ બાળ મગરને બરડા સ્થિત રાણાસર તળાવ ખાતે રીલિઝ કરી એક અબોલ જીવનો જીવ બચાવી માનવતાવાદી કાર્ય કરાયું હતું.

# ગંભીર હાલતમાં રહેલા રીક્ષા ચાલકને હોસ્પિટલે ખસેડાયો

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૩

ડોળિયાથી ચોટીલા તરફ જતા એક રિક્ષા ચાલક અને ટ્રક વચ્ચે શનિવારે સાંજે ધડાકાભેર અકસ્માત સર્જાતા રિક્ષા ચાલક સ્થળ ઉપર બેભાન થઈ ગયો હતો. આ અકસ્માત સમયે સ્થાનિક આર.ટી.ઓ. ઓફિસના ઈન્સ્પેકટર એ.એ. પરમાર અને એસ.બી. વઘાસિયા રોડ ચેકીંગની કામગીરી કરી રહ્યા હતા. અકસ્માતનો આ બનાવ ખૂબ જ ગંભીર હોય, અને ડ્રાયવરની બેભાન અવસ્થામાં હોવાથી એમ્બ્યુલન્સની રાહ જોયા વગર બન્ને અધિકારીઓએ પળભરનો પણ વિચાર્યા વગર ડ્રાઈવર રાકેશભાઈની મદદ લઈને પોતાના સરકારી વાહનમાં ૧૨ કિલોમીટર દૂર આવેલી ચોટીલાની સરકારી હોસ્પિટલમાં આ બેભાન વ્યક્તિને તાકીદે આઠથી દસ મિનિટના સમયગાળામાં હોસ્પિટલે પહોંચાડ્યો હતો. અહીં ફરજ ઉપરના ડોક્ટર દ્વારા આપવામાં આવેલી તાકીદની સારવારથી રિક્ષા ચાલકનો જીવ બચી ગયો હતો.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કષ્ટ આવતા પહેલા મનુષ્યની બુધ્ધિ વિપરીત બની જાય છે. - ચાણક્ય

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, માગસર સુદ-૨, તા.૩ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૧, મૂળ નક્ષત્ર, શૂળ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૧૮, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: કોઠોર પરિશ્રમ પછી કાર્યમાં સફળતા મળે. વિવાદથી દૂર રહેવું.
વૃષભ:નવિન ખરીદીના યોગ છે. આકસ્મીક પ્રવાસ થાય.
મિથુન:જૂની ઓળખાણથી લાભ મળે. કાર્યબોજ વિશેષ રહે.
કર્ક: મનમાં મૂંઝવણ અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
સિંહ: જીવસાથીના આરોગ્ય અંગે ચિંતા રહે. આળસ અનુભવાય.
કન્યા: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો. ધીરજના ફળ મીઠા મળે.
તુલા: મનમાં કચવાટ રહે. નજીકના લોકો સાથે મનદુ:ખ રહે.
વૃશ્ચિક:સંતાન સંબંધી કાર્યમાં સફળતા મળે.
ધન: આકસ્મીક ધન લાભ થાય. નવિન કાર્યમાં સફળતા મળે.
મકર: નોકરી-ધંધાને લગતા કાર્યમાં સફળતા મળે.ધન લાભ થાય.
કુંભ: ઉતાવળે કોઇ નિર્ણય ન લેવો હિતાવહ.
મીન: નવિન આયોજન સફળતાથી પાર પાડી શકશો.

# ધો.૧૦ અને ધો.૧૨ની પરીક્ષા માટે ફોર્મ ભરવાની મુદત લંબાવવામાં આવી


અમદાવાદ, તા.૩
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે ધોરણ-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની હતી. જોકે, બોર્ડ દ્વારા ફોર્મ ભરવાની તારીખ ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમ્યાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમ્યાન રૂા. ૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમ્યાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વિકારવામાં આવશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૨ ડિસેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૯ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૧૦ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર દરમ્યાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૧૦ ડિસેમ્બરથી ૧૨ ડિસેમ્બર દરમ્યાન રૂા.૨૫૦ લેઈટ ફી સાથે, ૧૩ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમ્યાન રૂા.૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૩ ડિસેમ્બરથી ૨૪ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જ્યારે ધોરણ-૧૦ની પરીક્ષાના આવેદનપત્રો રેગ્યુલર ફી સાથે ભરવાની અંતિમ તારીખ ૩૦ નવેમ્બર સુધીની છે, જેમાં પણ બોર્ડે વધારો કરી ૬ ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ત્યારબાદ ૭ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર દરમ્યાન લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કામાં ૭ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમ્યાન રૂા.૨૫૦ લેઈટ ફી સાથે, ૧૧ ડિસેમ્બરથી ૨૦ ડિસેમ્બર દરમ્યાન રૂા. ૩૦૦ લેઈટ ફી સાથે અને ૨૧ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બર સુધી રૂા.૩૫૦ લેઈટ ફી સાથે ફોર્મ સ્વીકારવામાં આવશે.

# દેશભરની ન્યાયપાલિકાઓમાં ૫૬૦૦થી વધુ વેકેન્સી, સરકારે રાજ્યસભામાં આપી માહિતી

નવી દિલ્હી તા.૩
સરકારે રાજ્યસભામાં જણાવ્યું હતું કે નીચલી અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી ન્યાયતંત્રમાં ૫,૬૦૦થી વધુ પદ ખાલી છે. **JDU** સાંસદ સંજય કુમાર ઝાના પ્રશ્નના જવાબમાં કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલે આપેલા લેખિત જવાબમાં જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટમાં બે જગ્યાઓ, હાઈકોર્ટમાં ૩૬૪ અને રાજ્યોની નીચલી અદાલતોમાં ૫,૨૪૫ જગ્યાઓ ખાલી છે. મેઘવાલે એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, 'હાલની ખાલી જગ્યાઓને શક્ય તેટલી ઝડપથી ભરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, તેમ છતાં, નિવૃત્તિ, રાજીનામું અથવા બઢતીને કારણે અને ઉચ્ચ ન્યાયાલયોમાં ન્યાયાધીશોની ખાલી જગ્યાઓ સતત વધી રહી છે. જિલ્લા અને ગૌણ અદાલતોના કિસ્સામાં ખાલી જગ્યાઓ ભરવાની જવાબદારી ઉચ્ચ અદાલતો અને સંબંધિત રાજ્ય સરકારોની છે. શું સરકાર ન્યાયાધીશોની પસંદગી માટે અખિલ ભારતીય ન્યાયિક સેવાઓની પરીક્ષા શરૂ કરવા ઉપર વિચાર કરી રહી છે ? આ સવાલ ઉપર મંત્રી મેઘવાલે કહ્યું કે આ મુદ્દે કોઈ સહમતિ બની નથી. જ્યારે બંધારણની કલમ ૩૧૨ અખિલ ભારતીય ન્યાયિક સેવાઓ **(AIJS)**ની સ્થાપના માટે જોગવાઈ છે. જેમાં ડિસ્ટ્રિક્ટ જજથી હલકી કક્ષાની કોઈપણ પોસ્ટનો સમાવેશ થશે નહીં. અર્જુન રામ મેઘવાલે કહ્યું કે **AIJS**ની રચના માટે એક વ્યાપક દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી અને નવેમ્બર ૨૦૧૨માં સચિવોની સમિતિ દ્વારા મંજૂર કરવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૩માં આયોજિત મુખ્ય પ્રધાનો અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશોની કોન્ફરન્સમાં આ દરખાસ્તનો એજન્ડા આઈટમ તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો અને તે નક્કી કરવામાં આવ્યું હતું કે આ મુદ્દા ઉપર વધુ ચર્ચા અને વિચારવિમર્શની જરૂર છે. દરખાસ્ત ઉપર રાજ્ય સરકારો અને હાઈકોર્ટનો અભિપ્રાય માંગવામાં આવ્યો હતો. અખિલ ભારતીય ન્યાયિક સેવાની રચના અંગે રાજ્ય સરકારો અને ઉચ્ચ અદાલતો વચ્ચે મતભેદ હતા.

### કેન્દ્ર સરકારના ધોરણે વય નિવૃત્તિ અને અવસાન ગ્રેજ્યુઈટી વધારાનો સરકારનો મહત્ત્વનો નિર્ણય

# રાજ્ય સરકારના અધિકારી-કર્મચારીઓનીગ્રેજ્યુઈટીની મર્યાદામાં ૨૫ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો



ગાંધીનગર, તા.૩
મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ અધિકારીઓના વિશાળ હિતમાં વધુ એક હિતલક્ષી નિર્ણય કર્યો છે. જેમાં નિવૃત્ત થનારા કર્મચારીઓના ગ્રેજ્યુઈટી માટે નિર્ણય લેવાયો છે. રાજ્ય સરકારના કર્મચારીઓ-અધિકારીઓને હાલ વય નિવૃત્તિ સમયે નિવૃત્તિ ગ્રેજ્યુઈટી તથા અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૦ લાખની મર્યાદામાં આપવામાં આવે છે. જેથી હવે કેન્દ્રસરકારના ધોરણે આ વય નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં ૨૫ ટકાનો વધારો કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નિર્ણય કર્યો છે. આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂા.૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. એટલે કે સરકારી કર્મચારીઓની ગ્રેજ્યુઈટીમાં રૂા.પાંચ લાખ સુધીનો વધારો કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી નિર્ણયનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારી-અધિકારીઓને મળશે. મુખ્યમંત્રી સમક્ષ રાજ્યના નાણાં વિભાગે રજૂ કરેલી આ દરખાસ્તને તેમણે અનુમતિ આપતા આ અંગેના જરૂરી ઠરાવો નાણાં વિભાગ જારી કરશે. સરકારી કર્મચારી અધિકારીઓ માટે રાજ્ય સરકાર દ્વારા આ નિર્ણય લેવાતા તેને પરિણામે અંદાજે વાર્ષિક રૂા.૫૩.૧૫કરોડનું સરકારની તિજોરી ઉપર ભારણ વધશે. સરકારના આ લાભકારી નિર્ણયને સરકારી કર્મચારીઓને વધાવી લેતા તેઓમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર છેલ્લા કેટલાક સમયથી સરકારી કર્મચારીઓના હિતમાં એક પછી એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લઈ રહી છે. જેમાં છેલ્લે જૂની પેન્શન યોજના અંગેના પેન્ડિંગ પ્રશ્ન અંગે પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# સારવારની આડમાં માનવ જિંદગી સાથે ચેડાં કરતા તબીબ કે હોસ્પિટલની ગુનાહિત પ્રવૃતિ સાંખી નહીં લેવાય : આરોગ્ય મંત્રી



ગાંધીનગર,તા.૩
ગાંધીનગર ખાતે **PMJAY**-મા યોજનાની યોજાયેલી સમીક્ષા બેઠકમાં આરોગ્ય મંત્રીએ **PMJAY**મા યોજનાની સમગ્ર કામગીરી, વ્યવસ્થાપન, પ્રિ-ઓથ જનરેશનથી લઈ ક્લેઈમ એપ્રુવલ સુધીની તબક્કાવાર પ્રક્રિયાની વિગતવાર માહિતી મેળવી હતી. આ સાથે તાજેતરની રાજયની હોસ્પિટલોની બહાર આવેલી વિવાદાસ્પદ વિગતો તથા હોનારતોને લઈ મંત્રીએ કડક નિર્દેશો આપવા સાથે હોસ્પિટલો ડોકટરોને ચેતવણી આપી હતી. મંત્રી ઋષિકેશ પટેલે સ્પષ્ટ પણે જણાવ્યું છે કે, **PMJAY**-મા યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ હોય કે રાજ્યની અન્ય કોઈ પણ હોસ્પિટલ , સારવારની આડમાં માનવજીંદગી સાથે ચેડા કરતા ડોક્ટર કે હોસ્પિટલની આ ગેરરિતીને કોઈપણ ભોગે સાંખી લેવામાં આવશે નહીં. આ પ્રકારની પ્રવૃતિ કરતા લોકો સામે કડકમાં કડક અને ઉદાહરણરૂપ કાર્યવાહી કરવામાં આવશે. **PMJAY**-મા યોજનાના પ્રવર્તમાન માળખા, વ્યવસ્થાપન અને કામગીરીને સધન અને સુદ્રઢ બનાવવા તેમજ સિસ્ટમમાં કોઈપણ નાની-મોટી ત્રુટીઓ રહી ન જાય તે પ્રમાણેની કામગીરી હાથ ધરવા મંત્રીએ સુચના આપી છે. તેમણે વધુમાં નિર્દેશો કરતા જણાવ્યુ કે **PMJAY**-માં યોજના અંતર્ગત એમ્પેન્લ્ડ હોસ્પિટલ માટે કાર્ડિયોવાસ્ક્યુલર, કાર્ડિયોલોજી, બાળરોગ, રેડિયો અને કિમોથેરાપી સંદર્ભે નવીન માર્ગદર્શિકા બહાર પાડવામાં આવશે. જેમાં સ્ટેટ એન્ટી ફ્રોડ યુનિટ **(SAFU)**ને વધુ સુદ્રઢ કરવામાંઆવશે. તેમજ નવી ટીમ તૈયાર કરી હોસ્પિટલોની વિઝિટ કરાવવામાં આવશે અને વિઝિટ રિપોર્ટ મંગાવવામાં આવશે. નેશનલ એન્ટી ફ્રોડ યુનિટ **(NAFU)**ને જાણ કરીને રાજ્યની જરૂરિયાત મુજબના સુધારા ટ્રીગર્સમાં કરાવવામાં આવશે. વધુમાં વિવિધ પ્રોસીજરસમાં વપરાતા સ્ટેન્ટ અને ઈમ્પલાન્ટસના ક્વોલિટી અંગે તપાસ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. એન્જીયોગ્રાફી **(CAG)** & એન્જીયોપ્લાસ્ટી **(PTCA)** પ્રોસીજરની વિગતો દર્શાવતી સીડી **(CD)** ફરજીયાત પોર્ટલમાં અપલોડ કરવાની રહેશે. ઉક્ત પ્રોસીજરની સીડી **(CD)** અપલોડ માટેનું સોફટવર અંતિમ તબક્કામાં છે. જે ટુંક સમયમાં કાર્યરત થશે. મુખ્ય જીલ્લા આરોગ્યઅધિકારી/મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ દ્વારા મહિનામાં ઓછામાં ઓછી બે હોસ્પિટલોની ઓડિટ વિઝિટ કરવાની રહેશે.હોસ્પિટલોની કામગીરી મૂલ્યાંકન આધારિત ગ્રેટેશન કરવામાં આવશે. **PMJAY** યોજના સંલગ્ન હોસ્પિટલ દ્વારા આપવામાં આવતી ખાસ પ્રકારની સારવાર માટે દર્દી અને તેઓના સગાને સારવારની વિગતવાર સમજણ આપી તેઓની સંમતિ ઓડિયો વિડિયો માધ્યમથી ફરજીયાત લેવાની રહેશે.

# પાંચમાંથી એક કર્મચારીને નોકરીની સ્થિરતાનો ડર છટણીથી કર્મચારીઓનું મનોબળ પ્રભાવિત થાય છે

(એજન્સી) તા.૩
ભારતમાં **IT** અને **BPM** સેક્ટરમાં કર્મચારીઓના ભાવિ અંગે અનિશ્ચિતતા રહે છે, જેમાં પાંચમાંથી એક કર્મચારી તેમની નોકરીની સ્થિરતા ઉપર પ્રશ્ન ઉઠાવે છે, જે કર્મચારીઓની અંદર વધતી ચિંતાઓને પ્રતિબિંબિત કરે છે. કર્મચારીઓ આજે તેમના કામ અને અંગત જીવન વચ્ચે બહેતર સંતુલન શોધી રહ્યા છે, અને જે કંપનીઓ વધુ સુગમતા અને સમર્થન સાથે પ્રતિસાદ આપે છે તેઓ વધુ રોકાયેલા, વફાદાર અને ઉત્પાદક કર્મચારીઓ જોઈ રહ્યા છે. આ પરિવર્તન વિશ્વાસ, પારદર્શક સંદેશાવ્યવહાર અને ઉચ્ચ સ્તરની સંલગ્નતા અને જાળવી રાખવા માટે કર્મચારીઓની સુખાકારી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાના મહત્ત્વને રેખાંકિત કરે છે, ખાસ કરીને ભારતમાં વિકસતા **IT** ક્ષેત્રમાં આઈટી સેક્ટરના કર્મચારીઓ વિશેના આ તારણો ગ્રેટ પ્લેસ ટુ વર્ક દ્વારા 'આઈટીમાં ભારતના શ્રેષ્ઠ કાર્યસ્થળો અને આઈટી-બીપીએમ ૨૦૨૪' અહેવાલનો ભાગ હતા. રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે છટણીએ ઘણી **IT** કંપનીઓમાં હેડકાઉન્ટને અસર કરી છે, પરંતુ કર્મચારીઓના મનોબળ અને વિશ્વાસ ઉપરની અસરથી કંપનીઓને સ્થિરતા પુર્નઃ સ્થાપિત કરવા માટે નોંધપાત્ર પગલાં લેવા માટે પ્રેરિત કરવામાં આવી છે. અહેવાલ મુજબ, સફળ કંપનીઓ પારદર્શિતા, સંદેશાવ્યવહાર અને વાજબી વળતર પ્રથાઓ લાગુ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. વિશ્વાસ પુર્નઃ નિર્માણ અને કાર્યસ્થળની મજબૂત સંસ્કૃતિ જાળવવા ઉપર સ્પષ્ટ ધ્યાન કેન્દ્રિત કરીને આ સંસ્થાઓ પડકારોને વિકાસ અને નવીનતાની તકોમાં ફેરવી રહી છે. રિપોર્ટમાં એ પણ નોંધ્યું છે કે જનરેશન **Z** કામદારોમાં, ખાસ કરીને **IT** સેકટરમાં કર્મચારીઓની વ્યસ્તતામાં ત્રણ ટકાનો ઘટાડો થયો છે, જે હેતુ-સંચાલિત કામ અને સમુદાયની મજબૂત ભાવનાને પ્રાધાન્ય આપતા યુવા કર્મચારીઓ સાથે જોડાણમાં વધતા પડકારો દર્શાવે છે. અહેવાલ મુજબ, આ શિફટ આ પેઢીની બદલાતી અપેક્ષાઓ ઉપર ભાર મૂકે છે, જેઓ એવા કાર્યસ્થળની શોધ કરે છે જે માત્ર પગાર ચેક કરતાં વધુ ઓફર કરે છે.

# દક્ષિણ ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળ્યું



અમદાવાદ, તા.૩
ઉત્તર દિશામાંથી છેલ્લા પાંચ દિવસથી કોલ્ડ વેવ ફુંકાવા સાથે નવસારી સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળ્યુ છે. નવસારીમાં આજે પ્રતિ કલાક ૫.૩ કિમીની ઝડપે હિમજેવા ઠંડા પવન ફૂંકાવા સાથે ઠંડીનો પારો સીધો ૨.૪ ડિગ્રી નીચે ગગડતા લઘુતમ ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે ચાલુ શિયાળાની સીઝનનો બીજા ક્રમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. રાજ્યના મોસમ વિભાગ દ્વારા ફૂલ ગુલાબી ઠંડી પડવાની આગાહી કરવામાં આવી હતી. આ આગાહી વચ્ચે છેલ્લા પાંચ દિવસથી ઉત્તર દિશામાંથી શીતલહેર ફુંકાવા સાથે ગ્રામ્ય વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળતાં જનજીવન ઠુઠવાયું છે. હાલમાં જ લઘુતમ ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જે ચાલુ શિયાળાની સીઝનનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. ત્યાર બાદ ગઈકાલે આશ્ચર્યજનક રીતે લઘુતમ ૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આજે ઉતર દિશામાંથી પ્રતિ કલાક ૫.૩ કિમીની ઝડપે કોલ્ડવેવ ફુંકાવા સાથે ઠંડીનો પારો સીધો ૨.૪ ડિગ્રી નીચે ગગડતા લઘુતમ ૧૪.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે ચાલુ શિયાળાની સીઝનનો બીજા ક્રમનો સૌથી ઠંડો દિવસ રહ્યો હતો. આ સાથે મહત્તમ ૩૦ ડિગ્રી તાપમાન અને વાતાવરણમાં ૬૬ ટકા જેટલા ભેજનું પ્રમાણ નોંધાયું હતું. જિલ્લામાં વહેલી સવારે અને રાત્રે કોલ્ડ વેવ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં હાડ થીજાવતી ઠંડીનું મોજું ફરી વળતા લોકો ઠંડીથી બચવા તાપણા કરતા નજરે પડી રહ્યા છે. સ્વાસ્થ્ય પ્રેમીઓ વહેલી સવારે વ્યાયામકરવામાં વ્યસ્ત જોવા મળે છે.

# રાજ્યની સ્કૂલોમાં ૧૫ માર્ચના બદલે ૧૪ માર્ચે ધુળેટીની રજા આપવામાં આવશે

### શિક્ષણ બોર્ડ દ્વારા કેલેન્ડરમાં જાહેર કરેલી રજાની તારીખમાં ફેરફાર કરાયો

અમદાવાદ, તા.૩
રાજ્યની શાળાઓમાં ધુળેટીના તહેવારની રજાને લઈને તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરેલા એકેડેમિક કેલેન્ડરમાં ધુળેટીની રજા ૧૫ માર્ચના રોજ આપવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ સરકાર દ્વારા જાહેર કરેલી રજાઓની યાદીમાં ધુળેટીની રજા ૧૪ માર્ચના રોજ નક્કી કરવામાં આવતા બોર્ડ દ્વારા રજાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા દર વર્ષે શૈક્ષણિક સત્રની શરૂઆતમાં જ એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવતું હોય છે. જેમાં વર્ષ દરમ્યાન કયા માસમાં કેટલા દિવસનો અભ્યાસ રહેશે, ક્યારે પરીક્ષા શરૂ થશે અને કયા દિવસોમાં રજા રહેશે તે અંગેની તમામ માહિતી દર્શાવેલી હોય છે. ચાલુ શૈક્ષણિક વર્ષ માટે પણ શિક્ષણ બોર્ડ દ્વારા એકેડેમિક કેલેન્ડર જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં જાહેર રજાઓમાં ૧૫ માર્ચ, ૨૦૨૫ શનિવારના રોજ રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધુળેટીના તહેવારની રજા શિક્ષણ બોર્ડ દ્વારા એકેડેમિક કેલેન્ડરમાં જાહેર કરવામાં આવી હતી. જોકે, ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલી જાહેર રજાઓની યાદીમાં ધુળેટીની રજા ૧૪ માર્ચ, ૨૦૨૫ના રોજ દર્શાવવામાં આવી હતી. જેથી શિક્ષણ બોર્ડ દ્વારા ધુળેટીની રજાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો હતો અને હવે ૧૫ માર્ચના બદલે ૧૪ માર્ચ, ૨૦૨૫ શુક્રવારના રોજ રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધુળેટીની રજા રહેશે.

# ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક બનવા પાંચ ડિસેમ્બરથી ઓનલાઈન અરજી કરી શકાશે

અમદાવાદ, તા.૩
રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં કાયમી શિક્ષકોની ભરતી ન થાય ત્યાં સુધી જ્ઞાન સહાયકથી વિદ્યાર્થીઓને શિક્ષણ મળી રહે તે માટે જ્ઞાન સહાયકોની ભરતીની જાહેરાત કરાઈ છે. ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં ૧૧ માસના કરાર આધારીત જ્ઞાન સહાયકની ભરતી માટે ૫ ડિસેમ્બરથી ઓનલાઈન અરજીની કાર્યવાહી શરૂ કરવામાં આવશે, જેમાં ઉમેદવારો ૧૨ ડિસેમ્બર સુધી ઓનલાઈન અરજી કરી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની ૧૧ માસ માટે કરાર આધારીત ભરતી માટે ઓનલાઈન અરજીઓ મંગાવવાની કાર્યવાહી શરૂ કરવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રૂા.૨૧ હજારના માસિક ફિક્સ મહેનતાણા માટેની આ જગ્યા ઉપર નિમણુંક માટેની વયમર્યાદા ૪૦ વર્ષ નક્કી કરવામાં આવેલી છે. આ જગ્યાઓ માટે ઉમેદવારની વયમર્યાદા ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ સુધીની રહેશે. ઉમેદવારે ઓનલાઈન અરજી વેબસાઈટ ઉપર જઈને કરવાની રહેશે. ઉમેદવારે અરજી કરતાં પહેલા વેબસાઈટ ઉપર મૂકેલી આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત, વયમર્યાદા, નિમણૂકનો પ્રકાર અને મહેનતાણા અંગેની સૂચનાઓ તથા માર્ગદર્શિકા પહેલા વાંચી લેવાની રહેશે. આ અરજીઓ રાજય કક્ષાએ, જિલ્લા કક્ષાએ રૂબરૂ, ટપાલ કે કુરિયર દ્વારા સ્વીકારવામાં આવશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજ્યની ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક બનવા માટે ઉમેદવારો ૫ ડિસેમ્બરના રોજ બપોરના ૨ વાગ્યાથી ઓનલાઈન અરજી કરી શકશે. આ માટે ઉમેદવારોને ૧૨ ડિસેમ્બરના રોજ રાત સુધીની મુદત આપવામાં આવી છે. જેથી નિયત સમયમર્યાદામાં ઉમેદવારાઓ ભરતી માટે સૌપ્રથમ અરજીની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. અરજીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પ્રમાણપત્રોની ખરાઈ કરવામાં આવશે. ઉમેદવારે પ્રમાણપત્રોની ખરાઈ માટે જયારે પણ રૂબરૂ બોલાવવામાં આવે ત્યારે ઓનલાઈન કરેલ અરજીની પ્રિન્ટ સાથે જરૂરી પ્રમાણપત્રોની એક-એક ઝેરોક્ષ નકલ, પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ તેમજ ચકાસણી માટે અસલ પ્રમાણપત્રો સાથે હાજર રહેવાનું રહેશે.

# દિલ્હીની ચૂંટણીઓમાં કોઈ પક્ષ સાથે જોડાણ નહીં થાય ઈન્ડિયા બ્લોકને આંચકો આપતા અરવિંદ કેજરીવાલ

### આપના રાષ્ટ્રીય કન્વીનર કેજરીવાલે જાહેર કર્યું છે કે દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં અમારો પક્ષ કોઈની સાથે જોડાણ નહીં કરે; જાહેરાતથી ઈન્ડિયા બ્લોકને પીછેહઠનો અનુભવ





નવી દિલ્હી, તા.૩
આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય વડા અને કન્વીનર અરવિંદ કેજરીવાલે ઈન્ડિયા બ્લોકને મોટો આંચકો માર્યો છે અને એવું જાહેર કર્યું છે કે દિલ્હી વિધાનસભાની આગામી ચૂંટણીઓમાં મારી પાર્ટી કોઈની સાથે જોડાણ નહીં કરે. આપ એકલા હાથે દિલ્હીમાં ચૂંટણી લડશે. એમની આ જાહેરાત વિપક્ષ ઈન્ડિયા બ્લોક જોડાણ માટે મોટી પીછેહઠ સમાન છે. દિલ્હીમાં સંભવત આવતા વર્ષે વિધાનસભા ચૂંટણી રચાય એ પહેલા દેશની રાજધાનીમાં રાજકીય હવામાન એકદમ ગરમી પકડી ગયું છે. એમની આ જાહેરાતને કારણે રાજકીય હલચલ મચી છે. ઘણા મોટા રાજકીય માથાએ પક્ષની વફાદારીઓ બદલી છે અને કોંગ્રેસ તથા ભાજપના પણ ઘણા નેતાઓ વાડકૂદીને આપના જહાજમાં ગોઠવાયા છે એટલે જ કેજરીવાલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આમ આદમી પાર્ટી દિલ્હીમાં વિધાનસભા ચૂંટણીઓમાં કોઈ પક્ષ સાથે જોડાણ નહીં કરે. વિધાનસભાની ચૂંટણીઓ આપના શાસનની વિશ્વસનીયતા અને ગુણવત્તા તથા દિલ્હી સ્ટેટ ઉપર વર્ગ વધારવાના ભાજપના પ્રયાસો વચ્ચેની ટક્કર સમાન બનશે. દિલ્હીમાં ભાજપ વિરોધી મતોને એક રાખવાની ઈન્ડિયા બ્લોકની આશા હતી પરંતુ કેજરીવાલની જાહેરાતને કારણે આ એકતા તૂટી ગઈ અને ચિત્ર બદલાયું છે. અગાઉ લોકસભાની ચૂંટણીઓ દિલ્હીમાં આપ અને કોંગ્રેસ સાથે મળીને લડ્યા હતા પણ બંને પક્ષોને એક પણ બેઠક મળી જ નહોતી અને દિલ્હીની સાથે સાત બેઠકો ભાજપને મળી ગઈ હતી. આમ આદમી પાર્ટીએ વિપક્ષના જોડાણને અંગૂઠો દેખાડ્યો હોય. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓ પહેલા પણ કેજરીવાલે કોંગ્રેસ સાથે જોડાણનો ઈન્કાર કર્યો. દિલ્હી વિધાનસભામાં ૭૦ બેઠકો છે અને અત્યારે આપ પાસે ૬૨ બેઠકો છે. તેમણે આપના ધારાસભ્ય નરેશ બલિયાનની ધરપકડને અયોગ્ય ગણાવી. આ પગલાની ટીકા કરી હતી અને કહ્યું હતું કે છેલ્લા એક વર્ષથી ગેંગસ્ટરો તરફથી બાલિયાને ધમકીઓ મળી રહી છે અને એમણે પોલીસમાં અનેકવાર ફરિયાદો નોંધાવી છે. એમણે એક જ ગુનો કર્યો છે કે તેઓ ગેંગસ્ટરોની ધમકીઓનો શિકાર બન્યા છે.

'શાયદ મેરી શાદી કા ખયાલ દિલ મેં આયા હૈ, ઈસી લિયે મમ્મીને મેરી તુમ્હે ચાય પે બુલાયા હૈ..'

# સોમનાથ-પ્રભાસ પાટણમાં વિસરતા-લુપ્ત થતા યુગની 'ઈરાની ચા' નો વારસો જીવંત છે

## ચા બનાવવાની વિશિષ્ટતા તમે જુઓ તો તમને ૧૯૩૦ નું હૈદ્રાબાદ, મુંબઈ અને પૂના યાદ આવી જાય





(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૩

ચા એ ઘર ઘરનું પીણું છે. ચા એ માત્ર પીણું નથી, બે વ્યક્તિ વચ્ચે સ્નેહનો સાંકળે બાંધતી ચુસ્કી છે. સોમનાથ-પ્રભાસ પાટણમાં શિવ પોલીસ ચોકીથી ગામમાં પ્રવેશો એટલે ત્રાંબાના હાંડા-તપેલામાં ઉકળતી ચાની વરાળ દેખાય તો માની લેજો કે આ પ્રભાસ છે. પ્રભાસની વિશિષ્ટતાવાળી ચા ની હોટલ પ્રભાસમાં ઈરાની યુગની યાદ અપાવતી આ હોટલની પરસાળમાં લાલ સીંદુરીયા અગ્નિ ભઠ્ઠામાં ઉપર ત્રાંબાનું દેગડું રાખી ચા ની કાળી ભુકી ગરમ પાણીમાં સતત ઉકળતી રહે છે અને અલગ ચુલા ઉપર દુધ ઉકળતું રહે છે. તેમાંથી જરૂરીયાત મુજબ ગ્રાહકને થોડી થોડી વારે ઉકળેલી કાળી ચા અને દુધનો દુકાનના સ્ટેન્ડ ઉપર રાખેલ દેશી કોલસાની ભઠ્ઠી ઉપર રાખેલ ત્રાંબાના હાંડા-તપેલામાં અલગ-અલગ ઠલવાય છે.

અર્થ એ કે કાળી ચા અને દુધ અલગ હોય છે અને જેવો ગ્રાહકનો ઓર્ડર આવે કે તુરતજ કાળી ચા ના હાંડામાંથી નળ દ્વારા એક ચમચો કાળી ચા અને દુધના હાંડામાંથી એક ચમચો દુધ નાખી ચા કપમાં લઈ ગ્રાહકને પીરસાય છે. પ્રભાસ પાટણમાં આવી ત્રણ દુકાનો અને વેરાવળમાં આવી લગભગ સાત દુકાનો છે. પ્રભાસના ભુરાભાઈ ચા વાળા કહે છે કે ૯૦ વર્ષથી ચાલતી આ પોતાની દુકાન છે અને ત્રીજી પેઢી આ વ્યવસાયમાં જોડાયેલી છે. અહીંના લોકો તેને 'હાંડા ચા' તો કોઈ 'રાગી ચા' તો કોઈ 'કાળી-ધોળી' ચા તરીકે ઓળખે છે.

મોટા ઝાપાના ફેમસ ટી સેન્ટરના માલિક ગુલામહુસેન ચાવડા પણ વાત કરતા કહે છે કે, ત્રણ પેઢીથી અમારો આ ધંધો છે. દુકાનના વાડામાં ઉકળતા પાણીમાં તૈયાર થયેલી કાળી ચા અને અલગ રીતે ઉકળેલું દુધ દુકાનના થડા પાસે સ્ટેન્ડ હોય છે તેની ઉપર કોલસાની સગડીમાં ગરમાગરમ ભઠ્ઠા ઉપર કાળી ચા અને દુધ ઠલવાય છે. ત્રાંબાના એ હાંડામાં નીચે નળ હોય છે. તે જયારે ગ્રાહક માંગે ત્યારે કાળી ચાના હાંડા નીચે નળમાંથી ચમચો કાળી ચાનો અને એક ચમચો દુધનો આમ ગ્રાહકને કપમાં પીરસતી વખતે જ દુધ-ચાનું મિશ્રણ થાય છે. કેટલીક દુકાનોમાં આ ચા ના કપના છ રૂપિયા છે તો ભુરાભાઈના પાંચ રૂપિયા છે. આ ચા અડધી જ હોય છે.

જાવેદ ગુલામ હુસેન ચાવડા અને ભુરાભાઈ સહિત બધાય દુકાનદારો ગ્રાહકોની એવી સગવડ પણ સાચવે છે કે બધાય પાસે હવે દશ રૂપિયાની જ નોટ હોય છે જેથી પરત આપવાના રૂપિયા પાંચ કે ચારનું પરચુરણ પણ રાખે છે અને ગ્રાહકને પરત કરે છે.

**શું છે ઈરાની ચા નો ઈતિહાસ?**

હૈદ્રાબાદ શહેરમાં આ પ્રકારની ચા બનાવતી ઈરાની હોટલો આવેલ છે. તો મુંબઈ અને પુનામાં પણ આવેલી છે. ઈતિહાસ કહે છે ૧૯૩૦થી ૪૦ના દાયકા દરમ્યાન મુંબઈના ઉદ્યોગપતિઓ વેપાર અર્થે હૈદ્રાબાદ ગયા જયાંતે વિસ્તારના કોન્ટીન્ટ મિલીટરી વિસ્તારમાં સૈનિકોને કવાયત પછી ઉર્જા મળે તે માટે કાફે શરૂ કરવાનું કહયું તેમાં આ પ્રકારની ચા બની પછી તો આખા હૈદ્રાબાદમાં ૪૬૦થી ઉપર કાફે બન્યા અને હવે માંડ ૧૨૫ જેટલા રહયા છે.૧૯૫૦ -૬૦ ના દાયકામાં ૬૦૦ ઈરાની કાફે હતા જે હવે માત્ર ૪૫ જ રહયા છે. પૂનામાં ૮૦ હતા જેમાંથી માત્ર ૧૨ જ બચ્યા છે. હાંડા ચા -ઈરાની ચા એટલે કે ૬૦ ટકા ઉકળેલું ચા નું કાળુ પાણી અને ૪૦ ટકા અલગથી કપમાં દુધનો ઉમેરો કરી પીરસાતી ચા એટલે હાંડા ચા..

આ છે આપણી ચાય પે ચર્ચા..

ઈ. પી. એફ. '૯૫' આધારિત

# પેન્શનરોને હકકની લડત માટે લડી લેવા કચ્છ, કાઠીયાવાડ, ગુજરાતનાં નિવૃત કર્મચારી મંડળ દ્વારા આહ્‌વાન



જૂનાગઢ તા. ૩

વિશ્વની મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા જઈ રહી છે, ત્યારે ઈ. પી. એફ. ૯૫ આધારિત દેશના કરોડો કામદાર કર્મચારીઓને હજુ મામુલી પેન્શન મળે છે. કચ્છ કાઠીયાવાડ ગુજરાત નિવૃત કર્મચારી મંડળએ સમગ્ર દેશના ઈ.પી.એફ. ૯૫ આધારિત પેન્શનરોને હકક માટે ગાંધી ચિંધ્યા માર્ગે લડી લેવા લલકાર કર્યો છે.

૨૦૧૪માં નિર્ધારિત થયેલા ઓછામાં ઓછા પેન્શનનો આંક હજુ બદલાયો નથી, રાજ્ય અને કેન્દ્ર સરકારના કર્મચારીઓને લઘુત્તમ વેતનથી લઈને દર વર્ષે પગાર વધારો, મોંઘવારી ભથ્થું મળતું જાય છે, જ્યારે ઈ.પી.એફ. ૯૫ આધારિત સ્કીમના પેન્શનરોને હજુ એક હજાર રૂપિયા જ મળે છે. કર્મચારીઓના વિધવાને તો આ પેન્શન મળતું પણ નથી.

સરકારે ન્યાયના ધોરણે ઓછામાં ઓછું ૭૫૦૦ પેન્શન કરી દેવું જોઈએ. ૨૦૧૪ થી ૨૦૨૪ સુધીમાં કોઈ વધારો કરવામાં આવ્યો નથી. આ સ્કીમમાં ૨૦ વર્ષે પેન્શન બંધ થઈ જાય છે. ઘણા કામદારોએ કેપિટલ વીમો લીધો હોય તો, તેમને ૨૦ વર્ષે પેન્શન બંધ થઈ જાય છે. હાલ આવા પેન્શનરોને ૮૦૦/૯૦૦ રૂપિયા જ પેન્શન ચૂકવવામાં આવે છે.

કચ્છ કાઠીયાવાડ ગુજરાત નિવૃત કર્મચારી મંડળના આગેવાન મહેન્દ્ર દવે અને સલીમ ગુજરાતીએ સરકારને ખાસ અપીલ કરી છે કે તાત્કાલિક ઈપીએફ ૯૫ માં લઘુતમ પેન્શનમાં વધારો આપવામાં આવે, જો સરકાર યોગ્ય નિર્ણય જાહેર નહીં કરે તો તમામ ઈપીએફ ૯૫ આધારિત પેન્શન ધરાવતા કર્મચારીના પરિવારો દેશભરમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરતા અચકાશે નહીં. કચ્છ, કાઠીયાવાડ ગુજરાત નિવૃત્ત કર્મચારી મંડળે તમામ પેન્શનરોને પણ હકક માટે લડત આપવા તૈયાર રહેવા આહવાન કર્યું છે.

# સુચિત જંત્રીને વ્યવહારિક બનાવવા વાંધા સુચનો રજુ કરવાની મુદતમાં વધારો કરવા જીલ્લા કોંગ્રેસ સમિતિની માંગ

## વાંધા સુચનો રજુ કરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને વ્યવસ્થા પણ જાહેર હિતમાં કરવી જોઈએ

જૂનાગઢ તા. ૩

સરકારશ્રીએ તાજેતરમા સુચિત જંત્રી પ્રસિધ્ધ કરી જાહેર જનતા પાસેથી ૩૦ દિવસમાં વાંધા સુચનો મોકલી આપવા જણાવેલ છે. તે બાબતે જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતભાઈ અમીપરા તથા મહામંત્રી વી.ટી. સીડા દ્વારા સુપ્રિટેન્ડેન્ટશ્રી, સ્ટેમ્પ અને મૂલ્યાંકન ખાતું ગાંધીનગરને લેખિત પત્ર પાઠવી સુચિત જંત્રીને વ્યવહારીક બનાવવા વાંધા સુચનો રજુ કરવાની મુદતમાં વધારો કરવા તથા વાંધા સુચનો રજુ કરવા માટે ઓનલાઈન અને ઓફલાઈન એમ બંને વ્યવસ્થા જાહેર હિતમાં કરવા માંગણી કરી છે.


પત્રમાં જણાવાયું છે કે, ગત વર્ષે તા.૧૫-૦૪-૨૦૨૩ ના રોજ અમલમાં આવેલ જે તે સમયની સુચિત જંત્રીમાં ૧૦૦%નો વધારો કરવામાં આવેલ તેમજ તેમાં રહેલ ક્ષતિઓ ને દુર કરવા સાયન્ટીફીક જંત્રી અમલમાં આવે તેવું નકકી કરવામાં આવેલ હતું.

સરકારશ્રી પાસેથી આટલુ મોટુ ઈન્ફ્રાસ્ટ્રકચર હોવા છતાં સાયન્ટીફીક જંત્રી તૈયાર કરવામાં ૧૮ માસનો સમય વ્યતીત થયેલ છે. આથી સુચિત જંત્રી માટે જાહેર જનતા પાસેથી વાંધા સુચનો મેળવવા માટે ફાળવવામાં આવેલ ૩૦ દિવસનો સમય ખુબજ અપુરતો છે આથી તે સમયમાં વધારો કરવામાં આવે તે આવશ્યક જણાય છે. પ્રવર્તમાન સુચિત જંત્રીમા ૫૦%થી લઈને ૨૦૦%નો વધારો કરવામાં આવેલ છે. ૧૮ માસના ગાળામાં આવા પ્રકારના તોતિંગ વધારાના કારણે વિકાસ ઉપર પડનારી ગંભીર અસરોના લીધે રાજયના વિકાસ કાર્યો ખોરંભે પડશે તેથી વ્યવહારૂ અભિગમ રાખી આ સુચિત જંત્રીને વ્યવહારિક બનાવવાની જરૂરિયાત છે.આ પ્રકારના વધારાથી રાજયના વિકાસની ગતિ અટકશે. આથી સુચિત જંત્રી ઉપર ગહન અભ્યાસ કરી વાંધા સુચનો રજુ કરવા તા.૩૧-૦૩-૨૦૨૫ સુધી મુદતમાં વધારો કરવા અનુરોધ કરવા નકકી કરવામાં આવેલ છે.

સુચિત જંત્રી અંગે માત્ર ઓનલાઈન વાંધા સુચનો રજુ કરવાની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. જંત્રી સમાજના બહોળા વર્ગને સ્પર્શતી હોવાથી મહત્તમ લોકો વાંધા સુચનો રજુ કરી શકે તે માટે ઓનલાઈન સુવિધાની સાથે ઓફલાઈન સુવિધા પણ આપવી જોઈએ. જેથી શહેરના અસરકર્તા પ્રોપર્ટી હોલ્ડર્સ ગુજરાતના ગામડાઓમાં રહેતા નાગરીકો તેમજ ખેડુતો અથવા તો ઓનલાઈન સિસ્ટમનો ઉપયોગ ન કરતા લોકો ઓફલાઈન વાંધા સુચનો રજુ કરી શકે તેવી વ્યવસ્થા જાહેર હિતમાં ઉભી કરવી જોઈએ. જેથી ઉપરોક્ત પ્રશ્ને વાંધા સુચનો રજુ કરવા પુરતો સમય મળે તે માટે વાંધા સુચનો રજુ કરવાની મુદતમાં તા.૩૧-૩-૨૦૨૫ સુધીનો વધારો કરવા તથા ઓનલાઈન વાંધા સુચનો રજુ કરવા ઓનલાઈન સિસ્ટમની સાથે દરેક જિલ્લામાં કલેકટરશ્રીની કચેરીએ ઉપરાંત ઓછામાં ઓછા બે અન્ય જગ્યાએ ઓફલાઈન વાંધાઓ રજુ કરી શકાય તેવી વ્યવસ્થા જાહેર હિતમાં કરવા વિનંતી કરી છે.

# પરાપીપળીયા ગામમાં આઈ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દર્દીઓની સ્વાસ્થ્ય સુખાકારી માટે આકસ્મિક સંજોગોમાં લોકોને યોગ્ય સમયે અદ્યતન ટેકનોલોજી અને સુવિધા ધરાવતી સુયોગ્ય આરોગ્યલક્ષી સેવા : જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીઃ આજુબાજુ વિસ્તારના ૧૦થી વધુ ગામોના લોકોને મળશે આ એમ્બ્યુલન્સનો લાભ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટતા.૩

રાજકોટ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દર્દીઓની સ્વાસ્થ્ય સુખાકારી માટે સતત તત્પર રહે છે. રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં આકસ્મિક સંજોગોમાં સગર્ભા માતા અને નવજાત શિશુને ત્વરિત સારવાર સાથે હોસ્પિટલ ખસેડવામાં સરળતા રહે, તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા અદ્યતન ટેકનોલોજી અને સુવિધા ધરાવતી આઈ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. જેનો લોકાર્પણ કાર્યક્રમ પરાપીપળીયા ગામ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીએ જણાવ્યુ હતું કે, લોકોને આરોગ્યલક્ષી સેવા સરળતાથી પહોંચી શકે, તે માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવી હતી. આ સેવાનો હેતુ સાકાર થયો છે, જેના માટે જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવું છું. ઉલ્લેખનીય છે કે જિલ્લા પંચાયતના સભ્ય સુમિતાબેન રાજેષભાઈ ચાવડા અને તાલુકા પંચાયતના સભ્ય લાભુબેન વિક્રમભાઈ હુંબલના પ્રયત્નોથી મળેલી આ એમ્બ્યુલન્સનો લાભ બેડી, ગવરીદડ, આણંદપર, બાઘી, હડાળા, કાગદડી, ખંભાળા, પડધરી તાલુકાના ન્યારા, ઈશ્વરીયા, સણોસરા, ખોરાણા સહિતના ગામોના લોકોને મળી શકશે. આ તકે ગ્રામજનોએ જિલ્લા પ્રભારી મંત્રી રાઘવજીભાઈ પટેલ, સાંસદઓ પરષોતમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા અને કેશરિદેવસિંહ ઝાલા, ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જીતુભાઈ સોમાણી, અગ્રણીઓ ધવલભાઈ દવે અને અલ્પેશભાઈ ઢોલરીયા સહીત ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરીયા, જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણે, મુખ્ય જિલ્લા આરોગ્ય ડો. પી.કે. સિંઘ, જિલ્લા પંચાયતના સભ્ય સુમિતાબેન ચાવડા, તાલુકા પંચાયતના સભ્ય લાભુબેન હુંબલ, ગામના પ્રથમ નાગરિક વિભાબેન હુંબલ તથા જિલ્લાકક્ષાના આગેવાનો અને ગામલોકો ઉપસ્થિત રહ્યાં હતા.

# ખંભાળિયા નજીકના દ્વારકા માર્ગ ઉપર અકસ્માતમાં મહિલાનું મૃત્યુ નીપજાવનાર ચાલકના જામીન નામંજૂર કરતી દ્વારકા જિલ્લા અદાલત

## પોલીસે ગંભીર ગુનાને સામાન્ય ગણ્યોઃ એસ.પી.ને તપાસ કરવા સૂચના

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા નજીકના દ્વારકા ધોરીમાર્ગ ઉપર તાજેતરમાં કલ્યાણપુરના એક મોટરકારના ચાલકે રોંગ સાઈડમાં કાર ચલાવીને સામેથી આવતી ઈક્કો કારને ઠોકર મારતા એક મહિલાનું મૃત્યુ નીપજ્યું હતું. આ પ્રકરણમાં અકસ્માત સર્જનારની જામીન અરજી જિલ્લાની ન્યાયાધીશે નામંજૂર કરી, અને પોલીસે આ ગંભીર ગુનાને હળવો ગણ્યો હોય, જિલ્લા પોલીસ વડાને દસ દિવસમાં તપાસ કરી, રિપોર્ટ કરવા આદેશ કર્યો છે. ગાંધીનગરના કલોલ વિસ્તારના રહીશ એવા એક પરિવારના સદસ્યો તાજેતરમાં દ્વારકા ખાતે દર્શન કરવા આવ્યા હતા. ત્યારે પરત ફરતી વખતે કલ્યાણપુર તાલુકાના ખીરસરા ગામના રહીશ દેવેન નાથાભાઈ બેલા (ઉ.વ. ૨૮) એ કથિત રીતે નશાની હાલતમાં પોતાની કારને રોંગ સાઈડમાં ચલાવીને સામેથી આવી રહેલી ઈક્કો મોટરકાર સાથે ટક્કર મારી હતી. આ જીવલેણ ટક્કરમાં ઈક્કો કારમાં જઈ રહેલા એક મહિલાનું બનાવના પાંચમા દિવસે મૃત્યુ નીપજ્યું હતું. સ્થાનિક પોલીસે આ બનાવ ગંભીર હોવા છતાં તેને જાણે સામાન્ય ગણી અને એમ.વી. એક્ટની કલમ ૧૮૫ હેઠળ સામાન્ય ગુનો નોંધ્યો હતો. જે બાબત દ્વારકા જિલ્લા કાનૂની સત્તા મંડળના ધ્યાને આવતા તેમણે આ બનાવમાં ભારતીય ન્યાય સંહિતા તેમજ આઈ.પી.સી ની જુદી-જુદી કલમ હેઠળ સાચો બનાવ રેકોર્ડમાં લાવી અને પોલીસને મુક પ્રેક્ષક બની, બનાવ જોઈને કોના પ્રભાવમાં આવીને આ ગુનાને સામાન્ય ગણ્યો ? તેની ટીકા કરીને જો આરોપી જામીન મુક્ત થાય તો સાહેદો પર પ્રભાવ પડે, લાલચ-લોભ કે ધમકી આપે તેવી શક્યતા હોવાથી જિલ્લા ન્યાયાધીશ એસ.વી. વ્યાસ દ્વારા આરોપી દેવેન બેલાની જામીન અરજી નામંજૂર કરીને આ પ્રકરણમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડાને ૧૦ દિવસમાં તપાસ કરીને રિપોર્ટ આપવાનો હુકમ કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.

# ગુજરાત રાજયના ડી.જી.પી.ના "તેરા તુજ કો અપર્ણ" અંતર્ગત ઉદ્યોગ પોલીસે સુંદર કામગીરી કરી

(પ્રતિનિધિ દ્વારા)

ગોસા(ઘેડ) તા.૩

પોરબંદર ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જાહેર જનતા/વ્યક્તિઓના ગુમ થયેલા મોબાઈલ ફોન ટેકનિકલ સોર્ચની મદદથી ગુમ થયેલા કુલ પાંચ મોબાઈલ ફોન શોધી કાઢી ઉદ્યોગ નગર પોલીસે "તેરા તુજકો અર્પણ" અભિગમ અંતર્ગત મુળ માલિકને પરત કરી પ્રસંશનીય કામગીરી કરી છે. ગુજરાત રાજ્યના ડી. જી. પી.ના "તેરા તુજકો અર્પણ" અભિગમ અંતર્ગત જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા પોરબંદર પોલીસ અધિક્ષક ભગીરથસિંહ જાડેજાનાઓ દ્વારા પોરબંદર જિલ્લામાં જાહેર જનતાના મોબાઈલ ફોન ગુમ થવાના કે ચોરી થયેલ અથવા પાડી જવાનાં,ખોવાય જવાનાં બનવો વધુ બનતા હોય છે જે અંગેની જરૂરી કાર્યવાહી કરી મુળ માલિકને ખોવાયેલ વસ્તુ પરત અપાવવા બાબતે સૂચના થઈ આવેલ હોય જે સૂચના અન્વયે પોરબંદર શહેર વિભાગના ઈન્ચાર્જ મદદનીશ પોલીસ અધીક્ષક ઋતુ રાબાના ઓનાની સૂચના અને માર્ગદર્શન હેઠળ ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા સૂચના કરેલ. જે સૂચના અનુસંધાને ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ સ્પેક્ટર આર. એમ. રાઠોડનાઓ તથા પોલીસ સ્ટાફના માણસો દ્વારા મોબાઈલ ફોન શોધી કાઢવા ટીમો બનાવી ટેક્નિકલ સોર્સના આધારે સી.ઈ.આઈ. આર. વેબસાઈટની મદદથી ટ્રેકિંગમાં મૂકી સી.ઈ.આઈ. આર. પોર્ટલમાં સતત મોનીટરિંગકરી ગુમ થયેલ મોબાઈલ ફોનો ટ્રેસ કરી શોધી કાઢવામાં આવેલ. જેમાં બોટાદના અર્પિત ગોવિંદભાઈ ગાબાણીનો રૂા.૨૯,૯૯૯ની કિંમતનો oppo કંપનીનો મોબાઈલ, ધરમપુર



મેડિકલ પાછળ પોરબંદરવાળા મહંમદ સુદામ હુસેન નો રૂા.૨૧,૦૦૦ ની કિંમતનો Realme કંપનીનો મોબાઈલ, સાંદિપની પાસે રાંઘાવાવ પોરબંદર વાળા હીરાભાઈ જગાભાઈ કોડીયાતરનો રૂા.૨૦,૯૯૯ની કિંમતનો vivo કંપનીનો મોબાઈલ, સત્સંગ ચોક છાયા પોરબંદર વાળા ગોપાલ ગિરધરભાઈ થાનકીનો રૂા.૧૧,૪૯૯ની કિંમતનો Realme કંપનીનો મોબાઈલ અને બોખીરા વાછરા ડાડાના મંદિરની સામે પોરબંદરવાળા જીવાભાઈ લખાભાઈ પરમારનો રૂા.૭,૯૯૯ની કિંમતનો vivo કંપનીનો મોબાઈલ મળી કુલ પાંચ મોબાઈલ ફોન જેની કિંમત રૂા.૯૧, ૪૯૬ કિંમતના મોબાઈલ શોધી કાઢી "તેરા તુજકો અર્પણ" અભિગમ કાર્યક્રમ અંતર્ગત મુળ માલિકોને ગુમ મોબાઈલ ફોનો ઉદ્યોગ નગર પોલીસે પરત કરી સરાહનીય કામગીરી કરેલ છે. આ કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓમાં ઉદ્યોગ નગર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. રાઠોડ, હેડ કોસ્ટેબલ પી.ડી. સરવૈયા, Iccha કોસ્ટેબલ દેવેન્દ્રસિંહ ધીરુભા તથા સચિન ભીખાભાઈ દ્વારા કરવામાં આવેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ અધિકારી, કર્મચારીની બદલી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

રાજ્ય સરકાર દ્વારા રાજયના પોલીસ વિભાગમાં ૮૫ સી.પી.આઈ.ની જગ્યાઓ તબદીલ કરવા સહિતના કરાયેલા નિર્ણયોને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયાના સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટરની જગ્યા તાજેતરમાં રદ કરવામાં કરાયેલા હુકમ સંદર્ભે અહીંના પી.આઈ. વી.એ. રાણાને સલાયા મરીન પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત એ.એસ.આઈ. નાગડાભાઈ રૂડાચને પોલીસ હેડ ક્વાર્ટરમાં એટેચ રીડર શાખામાં બદલી કરતો હુકમ જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા કરવામાં આવ્યો છે.

# રાજ્યની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને મધ્યાહન ભોજન ઉપરાંત કેલરી-પ્રોટીનયુક્ત પૌષ્ટિક અલ્પાહાર અપાશે

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા 'પઢાઈ ભી, પોષણ ભી' ધ્યેયને ગુજરાતમાં મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજનાથી સાકાર કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો સંવેદનશીલ અભિગમ : સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાના બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના તમામ વિદ્યાર્થીઓને પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર આપવા મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના માટે વાર્ષિક રૂા.૬૧૭ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર કરશે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

રાજ્યની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને પી.એમ. પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત પૌષ્ટિક અલ્પાહાર "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" દ્વારા આપવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા 'પઢાઈ ભી, પોષણ ભી'ના ધ્યેયને સાકાર કરવા સુપોષિત ગુજરાત મિશન અંતર્ગત આ "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના નામાભિધાન સાથે શરૂ થનારી આ નવી યોજના હેઠળ રાજ્યની ૩૨,૨૭૭ શાળાના અંદાજે ૪૧ લાખ વિદ્યાર્થીઓને શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલાં પ્રાર્થના સમયે પૌષ્ટિક અલ્પાહાર પીરસવામાં આવશે. રાજ્યના આદિજાતિ વિસ્તારના બાવન તાલુકા તથા બિન આદીજાતિ વિસ્તારના ૨૯ વિકાસશીલ તાલુકાની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળામાં બપોરના ભોજન ઉપરાંત દૂધ સંજીવની યોજના અન્વયે ૨૦૦ મિલિગ્રામ ફ્લેવર્ડ મિલ્ક આપવામાં આવે છે. આવા ૮૧ તાલુકાઓની ૧૨,૫૨૨ શાળાઓમાં નોંધાયેલા ૧૫.૦૫ લાખ વિદ્યાર્થીઓને પી.એમ. પોષણના બપોરના ભોજન પછીની નાની રિસેસમાં આ પૌષ્ટિક અલ્પાહાર અપાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને દિશાદર્શનમાં સુપોષિત ગુજરાત મિશન હેઠળ રાજ્યની પોષણલક્ષી યોજનાઓ વધુ સુદ્રઢ કરીને તેનો વ્યાપ વિસ્તારવા આ પૌષ્ટિક અલ્પાહાર યોજના શરૂ કરવામાં આવશે. રાજ્યમાં પી.એમ. પોષણ યોજના હેઠળ વિદ્યાર્થીઓને અપાતા કેલરી-પ્રોટીનયુક્ત ગુણવત્તાસભર બપોરના ભોજન ઉપરાંત આ નવી યોજનામાં સપ્તાહ દરમિયાન ખાંડેલા સીંગદાણા સહિતની સુખડી, ચણા ચાટ, મિક્સ કઠોળ તથા શ્રી અન્ન(મીલેટ)માંથી બનાવેલી ખાદ્ય સામગ્રી અલ્પાહાર સ્વરૂપે અપાશે. આ હેતુસર મટીરીયલ કોસ્ટ માટે રૂા. ૪૯૩ કરોડ તથા પૌષ્ટિક અલ્પાહાર તૈયાર કરવાની વધારાની કામગીરી માટે માનદવેતન ધારકોને ૫૦ ટકા માનદવેતન વધારા માટે રૂા. ૧૨૪ કરોડ મળીને "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" માટે સમગ્રતયા વાર્ષિક રૂા.૬૧૭ કરોડનો વધારાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. તદ્અનુસાર, પી.એમ. પોષણ યોજનાના માનદવેતનધારક સંચાલકને હવે રૂા.૪૫૦૦નું માસિક માનદવેતન, ૨૬ કે તેથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓના કૂક કમ હેલ્પરને માસિક રૂા.૩૭૫૦ તથા નાની શાળાઓ માટે વધારાના સ્ટાફ-હેલ્પરને માસિક રૂા.૧૫૦૦ માનદવેતન આપવામાં આવશે. આ "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના"નો અમલ થવાથી સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓના શિક્ષણ સહ પોષણ, આરોગ્ય અને શારીરિક સૌષ્ઠવના માપદંડો ઉપર મોટી હકારાત્મક અસરો પડશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારત @ ૨૦૪૭ના કરેલા આહવાનમાં વિકસિત ગુજરાતના નિર્માણથી રાજ્યને અગ્રેસર રાખવા ભાવિ સ્વસ્થ-તંદુરસ્ત અને સુપોષિત પેઢી તૈયાર કરવામાં આ "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના"થી ગુજરાત દેશનું દિશાદર્શક બનશે.

## ઊનાના સેશન કોર્ટના જજએ અકસ્માત કરી પોલીસ કર્મચારીને મારી નાખવાની કોશિષ કરી ઈજાઓ કર્યાના ગુનામાં સનખડાના ટ્રક ચાલકને નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૩

ઊના તાલુકા પોલીસ સ્ટેશનના તત્કાલીન પોલીસ ઈન્સ્પેકટર ભેડાએ એવા પ્રકારની ઊના પોલીસ સ્ટેશનમાં પોતે ફરિયાદી બની લખાવી હતી કે ગત તા.૧૧-૬-૨૦૧૬ના રાત્રિના ગુનાનો આરોપી દાદુભાઈ ભાવુભાઈ ઝાલા(ઉ.વ.૨૬) રહે.સનખડા તા. ઊના વાળો પોતાના કબજા વાળો ટ્રક નંબર જીજે-૩૦-બીટી-૧૩૭૩માં દીવથી ગે.કા. વિદેશી દારૂનો જથ્થો ભરી ગુજરાતમાં આવતો હોય અને એ. માંડવી ચેક પોસ્ટ પાસે ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ ભૂરાભાઈ બાબુભાઈ ટ્રક ચેક કરવા ઊભો રાખવા પ્રયત્ન કરેલ ત્યારે આરોપી દાદુભાઈએ પોલીસ કર્મચારીને જાનથી મારી નાખવાના ઈરાદે હડફેટે લઈ ઠોકર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી નાસવા લાગેલ અને દેલવાડા ચોકડી નજીક ઉભેલા પોલીસ કર્મચારી યુવરાજસિંહ અને કે.જે. પરમારને કચડી નાખવાના ઈરાદે ટ્રક માથે નાખી ટ્રક મૂકી નાસી ગયાની ફરિયાદ આઈ.પી.સી.૩૦૭, ૩૩૨, ૨૭૯, ૧૮૬ મુજબ ગુનો દાખલ કરીને આરોપીની ધરપકડ કરી હતી અને કોર્ટમાં રજુ કરેલ હતો. આ ગુનાનું ચાર્જ સીટ બનાવી ઊનામાં આવેલ કોર્ટમાં રજૂ કરેલ હતું. જેનો કેસ ઊનાની મહે. બીજા એડીશનલ સેશન્સ કોર્ટમાં ચાલેલ હતો. જેમાં આરોપીએ તેના ગુનાનો ઈન્કાર કર્યો હતો. આરોપી પક્ષે વકીલ એમ.એ. નકવીએ આરોપી તરફી દલીલો અને હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ કરી એવા પ્રકારની દલીલ કરેલ કે આ ગુનાની ફરિયાદ જે ઊના પોલીસ ઈન્સ્પેકટર એ નોંધાવી હતી અને તેમણે જ ગુનાની તપાસ કરી હતી.

ફરિયાદીએ તેના ખાતામાં કામગીરી ખોટી ફરિયાદ અને હકિકત નોંધાવી છે. ફરિયાદીએ લેખિત ફરિયાદ આપેલ નથી ફરિયાદી એ ફરિયાદ કરવા સક્ષમ ઓથોરિટીની પરવાનગી લીધી નથી કે તેવો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. ગુનો એક જ બનાવ સંદર્ભ ગુનો દાખલ કરેલ છે વિગેરે રજૂઆત કરી હતી. આ અંગે એડિશનલ સેશન્સ કોર્ટના જજ કીર્તિભાઈ જે. દરજીએ તેમનો ચુકાદો આપતા જણાવેલ કે ફરિયાદી પક્ષએ ફરિયાદ દાખલ કરતા પહેલા સક્ષમ ઓથોરિટીની પરવાનગી લીધેલ નથી તેમજ પરવાનગીનો લેખિત પુરાવો રજૂ કરેલ નથી. આઈ.પી.સી. ૧૮૬ને અન્ય ગુના અલગ કરી ઈન્સાફી કાર્યવાહી કરી શકાય નહીં. ઈન્સાફી કાર્યવાહી કરવા ક્રિમીનલ પ્રોસિજર કોડની કલમ ૧૯૫ની બાધ નડે છે તેથી આરોપી દાદુભાઈ ભાવુભાઈ ઝાલા રહે.સનખડા આઈ.પી.સી.૩૦૭, ૩૩૨, ૩૩૩, ૨૭૯, ૧૮૬ મુજબ શિક્ષાત્મક ગુનામાંથી ક્રિમીનલ પ્રો.કોડ.ની કલમ ૨૩૫(૧) અન્વયે નિર્દોષ છોડી મૂકવા હુકમ કર્યો હતો.

## e-KYCમાં વધુ ઝડપ માટે પુરવઠા વિભાગની ટીમો સતત કાર્યરત અત્યાર સુધીમાં ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું e-KYC પૂર્ણ

**રાજ્યમાં હાલ ૪,૩૭૬ આધાર કીટ કાર્યરત : વધુ ૧,૦૦૦ નવી કીટો એક્ટિવ કરાશે : 'માય- રેશન એપ' દ્વારા મોબાઈલથી ઘરે બેઠા e-KYC થઈ શકે છે**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૩

રાજ્યના નાગરિકો સરળ અને ઝડપથી e-KYC કરી શકે તે માટે પુરવઠા વિભાગની ટીમો સતત કાર્યરત છે. આ વ્યવસ્થા ઉપર બે અધિકારીઓ સતત મોનીટરીંગ કરી રહ્યા છે. રાજ્યમાં ૧.૩૮ કરોડ નાગરિકોએ ઘરે બેઠા માય-રેશન એપ દ્વારા જ્યારે ગ્રામ પંચાયત લેવલે VCE દ્વારા ૧.૦૭ કરોડ નાગરિકોનું e-KYC કરવામાં આવ્યુ છે. આમ, 'માય- રેશન એપ', ગ્રામ પંચાયત, જનસેવા કેન્દ્રો, પોસ્ટ ઓફિસ, બેંક, આંગણવાડી વગેરેના માધ્યમથી અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૨.૭૫ કરોડથી વધુ નાગરિકોનું e-KYC સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યુ છે તેમ અન્ન-નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ ગાંધીનગર ખાતે જણાવ્યું હતું. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં રાજ્યમાં જનસેવા કેન્દ્રો હસ્તક ૫૪૬, ગ્રામ પંચાયતોમાં ૫૦૬, શિક્ષણ વિભાગ પાસે ૨૨૬, આંગણવાડીમાં ૩૧૧ તેમજ પોસ્ટ-બેંક હસ્તક ૨,૭૮૭ આમ કુલ ૪,૩૭૬ જેટલી આધારકીટ કાર્યરત છે. e-KYCમાં નાગરિકોને વધુ સરળતા રહે તે માટે નવી ૧,૦૦૦ આધારકીટ કાર્યરત કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રી કુંવરજીભાઈએ કહ્યું હતું કે, e-KYC પુરવઠા વિભાગ તરફથી થાય છે પરંતુ તેનો સંપૂર્ણ આધાર UID એટલે કે આધારકાર્ડ ઉપર છે. આધાકાર્ડનાં નામ/અટકનાં સુધારા ન થાય ત્યાં સુધી e-KYC થતું નથી. આધારકાર્ડનું કામ GAD પ્લાનિંગ તરફથી થાય છે. આધારકાર્ડની કીટની સંખ્યા વધારવા અને કીટનાં પ્રશ્નો નિવારવા ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ પણ કાર્યરત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જિલ્લા કલેકટરોને પોસ્ટ અને બેંક સાથે સંકલન કરીને આધારકીટ કાર્યરત રાખવા અને સતત મોનીટરીંગ કરવાની આયોજન વિભાગ તરફથી સૂચના આપવામાં આવી છે તેમ, મંત્રીએ ઉમેર્યુ હતું.

## ખંભાળિયામાં ગાયો માટે નિયમિત રીતે લાડવા બનાવતા લાડવા ગ્રુપ દ્વારા ગુરૂવારે શ્રીનાથજીની ઝાંખી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા પંથકમાં છેલ્લા આશરે દોઢ દાયકાથી ગાયો માટે નિયમિત રીતે મોટા પ્રમાણમાં પૌષ્ટિક લાડવા બનાવી અને વિતરણ કરતા યુવા કાર્યકરોના લાડવા ગ્રુપ દ્વારા થતી સેવા પ્રવૃત્તિ કાબિલે દાદ બની રહી છે. બિન રાજકીય અને સમર્પિત યુવાનો દ્વારા દર શનિવારે આશરે ૩૦૦૦ જેટલા ઘી-ગોળ મિશ્રિત લાડુ ગાયોને ખવડાવવામાં આવે છે. ત્યારે સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે લાડવા ગ્રુપ દ્વારા આગામી ગુરૂવાર તા. ૫ ડિસેમ્બરના રોજ રાત્રે ૯:૩૦ વાગ્યે અત્રે આનંદ કોલોનીમાં આવેલી નંદ સોસાયટી ખાતે શ્રીનાથજીની ઝાંખીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ગાયત્રી ગરબા મંડળના ઉપક્રમે યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં જાણીતા ગાયક કલાકાર અશોકભાઈ ભાયાણી દ્વારા સત્સંગ, ધૂનની રમઝટ બોલાવવામાં આવશે. આ પ્રસંગે રિલાયન્સના ધનરાજભાઈ પરિમલભાઈ નથવાણી ખાસ ઉપસ્થિત રહેશે. સાથે અતિથિ વિશેષ તરીકે કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, સાંસદ પૂનમબેન માડમ, અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ જીતુભાઈ લાલ, અહીંના લોહાણા મહાજનના ટ્રસ્ટી કમલેશભાઈ વિઠલાણી પણ સાથે જોડાશે. આ આયોજન માટે

**રિલાયન્સના ધનરાજ નથવાણીની રહેશે ખાસ ઉપસ્થિતિ**

સુનિલભાઈ દતાણી, રાકેશભાઈ પંચમતીયા, ભાવિનભાઈ અને કપિલભાઈ દતાણી સહિતના કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. આ ધર્મમય કાર્યક્રમમાં સહભાગી થવા ધર્મપ્રેમી, ગૌપ્રેમી જનતાને આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

## નવી સાયકલ લેવાની જીદ પૂરી ન થતા સુરજકરાડીની તરૂણ વિદ્યાર્થીનીએ આપઘાત કર્યો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ઓખા મંડળના સુરજકરાડી વિસ્તારમાં રહેતી ધર્મિષ્ઠાબેન દીપકભાઈ પરમાર નામની ૧૬ વર્ષની વિદ્યાર્થીનીને નવી સાયકલ લેવી હોય, એ અંગેની જીદ પોતાના પરિવારજનો સમક્ષ કરી હતી. કોઈ કારણોસર તેમના પિતાએ સાયકલ ન લઈ આપતા જિદ્દી અને ઉગ્ર સ્વભાવની ધર્મિષ્ઠાબેને ગઈકાલે સોમવારે આવેશમાં આવી અને પોતાના ઘરે પોતાના હાથે સાડી વડે છતના હૂકમાં ગળાફાંસો ખાઈ લેતા તેણીનું મૃત્યુ નીપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પિતા દીપકભાઈ પરસોતમભાઈ પરમારએ મીઠાપુર પોલીસને કરી છે.

## વાડો કાઈ કરાટેની ઈન્ટરનેશનલ સ્પર્ધામાં ભાવનગરના ખેલાડીઓ ઝળક્યા




ભાવનગર, તા.૩

વાડો કાઈ કરાટે ડો ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૪નું આયોજન સમા ઈન્ડોર સ્ટેડિયમ, વડોદરા, ગુજરાત, ભારત ખાતે કરવામાં આવ્યું હતુ જેમાં ભારત દેશની સાથે જાપાન, શ્રીલંકા અને નેપાળ જેવા અનેક દેશ તેમજ ભારતના રાજ્યો અને દરેક રાજ્યોનાં જિલ્લાઓ માંથી ચુનંદા ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૪ માં મુખ્ય મહેમાન તરીકે વાડો કાઈ કરાટેનાં પ્રેસિડેન્ટ અને સાઉથ ફિલ્મ સ્ટાર ડો. સુમન તલવાર, ચેરમેન રાજેશ અગ્રવાલ, ટેકનીકલ ડાયરેક્ટર અરવિંદ રાણા, જાપાનથી સૈજી નીશીમુરા શ્રીલંકા થી જયસિરી પેરેરા અને નેપાળથી મોહન મહારાજન વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહ્યા હતા અને ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૪ માં ભારત તરફથી ભાવનગર, ગુજરાતના વિદ્યાર્થીઓ સિલેક્ટ થયા હતા અને ભાવનગર જિલ્લા નિયામક સેનસાઈ કમલ એચ દવે પાસે ઈન્ટરનેશનલ સ્પર્ધાત્મક તાલીમ મેળવીસ્પર્ધામાં ભાગ લઈ સારો દેખાવ કરી મેડલો મેળવી ભાવનગર, ગુજરાતની સાથે ભારતનું ગૌરવ વધાર્યુ હતું. તે બદલ સ્પર્ધામાં ઉપસ્થિત મહેમાનો એ અને ભાવનગર રજવાડું નિલમબાગ પેલેસના યુવરાજ સાહેબ શ્રી જયવીરરાજસિંહજી ગોહિલે અભિનંદન પાઠવ્યા હતા.

## ખંભાળિયાના વિરમદળ ગામે અગમ્ય કુવામાં પટકાયેલા પરપ્રાંતિય યુવાનનું મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા તાલુકાના વિરમદળ ગામના વાડી વિસ્તારમાં આવેલી ગાગજી વારી સીમમાં રહેતા આલાભાઈ કરસનભાઈ રાવલિયા નામના એક આસામીની વાડીમાં આવેલા આશરે ૭૦ ફૂટ ઊંડા અને ૪૦ ફૂટ પાણી ભરેલા કૂવામાંથી એક યુવાનનો મૃતદેહ પડ્યો હોવા અંગેની જાણ વાડી માલિક દ્વારા ફાયર વિભાગને કરવામાં આવી હતી. જેને અનુલક્ષીને ફાયર અધિકારી મિતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર સ્ટાફના જવાનોએ તાકીદે આ સ્થળે દોડી જઈ અને કૂવામાંથી યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો. આ મૃતદેહ મધ્યપ્રદેશ રાજ્યના વતની એવા અશ્વિન અજમેરસિંહ ડામોર નામના ૨૫ વર્ષના શ્રમિક યુવાનનો હોવાનું જાહેર થયું છે. મૃત્યું અંગેનું કોઈ ચોક્કસ કારણ જાહેર થયું નથી. જે અંગે પોલીસે પોસ્ટમોર્ટમ સહિતની જરૂરી કાર્યવાહી કરી હતી.

### કેશોદની નામ.એડીશ્નલ સીનીયર સીવીલ કોર્ટનો ચૂકાદો

## માંગરોળ ખાતે દુકાનમાં ઈલેકટ્રીક શોર્ટસર્કીટથી આગ લાગતા થયેલ નુકશાન વળતરનાં રૂા.૭ લાખ ચુકવવા આદેશ


કેશોદ તા. ૩

કેશોદના નામ. એડીશ્નલ સિનીયર સિવીલ જજની કોર્ટએ માંગરોળ મુકામે દુકાનમાં ઈલેકટ્રીક શોર્ટ સર્કીટને લીધે આગ લાગતા થયેલ નુકશાન અંગે વળતરના દાવામાં રૂા.૭ લાખ ૬ ટકા વ્યાજ સાથે ચુકવવા આદેશ કરેલ છે.

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે, માંગરોળના રહીશ અબ્દુલ કાદર આમદભાઈ પઠાણની પાન, બીડી, ઠંડા પીણાની દુકાન શાપુર દરવાજા પાસે આવેલ છે. જે દુકાનની બાજુમાં જ અડીને તેમનું રહેણાંકનું મકાન પણ આવેલ છે. ગઈ તા.૨૭/૦૨/૨૦૧૬ ના રોજ તેમની દુકાનમાં ઉપરના ભાગેથી પી.જી.વી.સી.એલ.ની સર્વિસ લાઈનથી ઈલેકટ્રીક વીજ કનેશન આપવામાં આવેલ જે ઈલેકટ્રીક વીજ કનેકશન દુકાનમાં પસાર થયેલ તેમાં શોર્ટ સર્કીટના કારણે દુકાનમાં આગ લાગતા દુકાનમાં તથા મકાનમાં ઈલેકટ્રીક શોર્ટ સર્કીટને કારણે તમામ ચીજ વસ્તુ વિગેરે બળી ગયેલ જેને કારણે પી.જી.વી.સી.એલ. કચેરી માંગરોળ સામે વળતર અંગેનો દાવો કેશોદના નામ. એડી. સીનીયર સીવીલ કોર્ટમાં દાખલ કરેલ હતો જે ચાલી ગયેલ અને તેમાં બન્ને પક્ષોના પુરાવા લેવામાં આવેલ અને વાદી અબ્દુલ કાદર આમદભાઈ પઠાણના એડવોકેટ વાય.એસ.કરૂડ તથા ભાવેશ બી. રાખોલીયા મારફત ધારદાર દલીલો કરવામાં આવેલ અને ઉચ્ચ ન્યાયાલયના જજમેન્ટો રજુ કરવામાં આવેલ અને પી.જી.વી.સી.એલ. ની બેદરકારીના કારણે આગ લાગેલ હોવાનું પુરવાર કરેલ હોવાની માની નામ. કોર્ટે વાદી અબ્દુલ કાદર આમદ પઠાણને રૂા.૭,૦૦,૦૦૦/- દાવાની તારીખથી ૬% ના વ્યાજ સાથે ચુકવવા હુકમ કરેલ છે.

## કલ્યાણપુરના રાવલમાં રસ્તા નિર્માણમાં નડતરરૂપ દબાણો દૂર





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૨

કલ્યાણપુર તાલુકાના રાવલ ગામે નિર્માણાધીન ગૌરવ પથને નડતરરૂપ આશરે ત્રણ ડઝન જેટલા દબાણો ઉપર સરકારી બુલડોઝર કર્યું હતું. જાણવા મળતી વિગત મુજબ જામ રાવલ ગામમાં પ્રવેશવાના માર્ગના ગૌરવપથને આઈકોનીક રોડ બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા મોટી રકમની મંજૂરી આપવામાં આવી હતી. કરોડો રૂપિયાના ખર્ચે સપ્ટેમ્બર - ૨૦૨૪ માસમાં મંજૂર થયેલા આ રસ્તા ઉપર વ્યાપક પ્રમાણમાં દબાણ હતા. જે અંગે નગરપાલિકા દ્વારા અપાયેલી નોટીસો બાદ મોટાભાગના દબાણકર્તાઓએ પોતાના દબાણ સ્વૈચ્છિક રીતે દૂર કરી દીધા હતા. પરંતુ અહીં કેટલાક આસામીઓના દબાણો યથાવત રહેતા આ અંગે રાવલ નગરપાલિકાએ રવિવારે કડક કાર્યવાહી કરી હતી. આ નિયત માર્ગ પર નળતરરૂપ આશરે ૩૫ જેટલા દબાણો દૂર કરવા માટે નગરપાલિકાના પ્રમુખ તથા ચીફ ઓફિસર દ્વારા પોલીસ તંત્રને સાથે રાખીને આ દબાણ દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં કાચી-પાકી કેબીનો તેમજ દુકાનોના દબાણો હટાવીને ગૌરવ પથને નડતરરૂપ દબાણો હટાવ્યા હતા. ચીફ ઓફિસર ભરતભાઈ પરમારએ આ અંગે જણાવ્યું હતું કે રાવલ ગામમાં પ્રવેશતા રસ્તા ગૌરવ તથા એસ.ટી. સર્કલ પાસે આઈકોનિક રોડ બનશે. તે માટેની ટેન્ડરિંગ પ્રક્રિયા સંપન્ન થઈ ચૂકી છે. ત્યારે અહીં નડતરરૂપ દબાણોને તંત્રએ પોલીસને સાથે રાખીને દૂર કર્યા છે.

## ખંભાળિયા નજીક શોર્ટ સર્કિટના કારણે ઉભા મોલમાં આગ ભભુકી



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૩

ખંભાળિયા નજીકના ગ્રામ્ય વિસ્તારમાં ગઈકાલે એક વાડીમાં ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થતા અહીં રહેલા કપાસનો પાક બળી જવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ અંગે જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા નજીકના સલાયા રોડ ઉપર આવેલા વિસોત્રી ગામના પાટીયા પાસે એક આસામીની વાડીમાં સોમવારે બપોરે આશરે ૨:૩૦ વાગ્યાના સમયે વાડીમાં રહેલા કપાસમાં એકાએક ભભૂકી ઉઠેલી આગ અંગે સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવી હતી. આથી જિલ્લાના ફાયર અધિકારી મીતરાજસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ ફાયર સ્ટાફના શિવરાજસિંહ, જયપાલસિંહ વિગેરેએ ફાયર ફાઈટર સાથે આ સ્થળે દોડી જઈ અને આગ પર કાબુ મેળવ્યો હતો. શોર્ટ સર્કિટના લીધે આ આગ લાગી હોવાનું જાહેર થયું છે. જેમાં કપાસ બળી જતા ખેડૂતને નુકસાની થવા પામી હતી.

**ભૂસ્તરવિજ્ઞાન અને ખનિજ કમિશનર**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**ગુજરાત સરકાર**
Email: ag-auction-sau-cgm@gujarat.gov.in

સંદર્ભ નં.: Geo/Minor/Block/BLS/JNG/૦૪૨/૨૦૨૪-૨૫/૦૦૧ તા. ૩૦ નવેમ્બર ૨૦૨૪

**નોટીસ ઇન્વાઇટીંગ ટેન્ડર**
"બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનિજની ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુઓ માટે બીડ આમંત્રણ"

ખાણ અને ખનિજ (વિકાસ અને નિયમન) અધિનિયમ ૧૯૫૭ ની કલમ-૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તે અંતર્ગત પ્રસિદ્ધ થયેલ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો, ૨૦૧૭ ની જોગવાઈઓ મુજબ ગુજરાત સરકારે ઈ-ઓક્શન માટે ૦૧ (એક) બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનિજનો બ્લોક તૈયાર કરેલ છે અને ક્વોરી લીઝ મંજુર કરવાના હેતુ માટે બીડ આમંત્રિત કરે છે.

ઈ-ઓક્શનમાં ભાગ લેવા માટે પાત્રતા, તારીખ, સમય અને શરતો ટેન્ડર દસ્તાવેજમાં પુરા પાડવામાં આવશે. ખનિજ બ્લોકની ઈ-ઓક્શન પ્રક્રિયા માટે સમયરેખા, જાહેરનામું, અદ્યતન માહિતી અને અન્ય વિગતો સહિત વિગતવાર ટેન્ડર દસ્તાવેજો ફક્ત ઈલેકટ્રોનીક સ્વરૂપે જ ઉપલબ્ધ રહેશે અને (n) Code Solutions – A division of GNFC Limited (https://cgm-eauction.nprocure.com) ની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકાય છે.

રસ ધરાવતા બિડર્સ ઈ-ઓક્શન પ્રક્રિયામાં ભાગ લેવા માટે ઉપરના ઈ-ઓક્શન પોર્ટલ પર જરૂરી લોગીન આઈ.ડી. અને પાસવર્ડ મેળવવા માટે પોતાની નોંધણી કરાવી શકે છે.

ઈ-ઓક્શન પોર્ટલ પ્રોવાઈડરની વેબસાઇટ પર તા. ૧૯ ડિસેમ્બર ૨૦૨૪ થી ટેન્ડર દસ્તાવેજના વેચાણ શરૂ થશે, જે બિલ્ડીંગ લાઇમસ્ટોન ખનિજના બ્લોક માટે ₹૫,૦૦૦/- ટેન્ડર ફી ની ચુકવણી કર્યા બાદ મેળવી શકાય છે. મોડેલ ટેન્ડર દસ્તાવેજ અને ખનિજ બ્લોકની ટૂંકી વિગતો ઈ-ઓક્શન પોર્ટલ ઉપરથી વિનામુલ્યે મેળવી શકાય છે.

| અનુ. નં. | ખનિજ બ્લોકનું નામ | સ્થળ (ગામ, તાલુકો, જીલ્લો) | વિસ્તાર (હેક્ટરમાં) | જમીન નો પ્રકાર (સરકારી/ ખાનગી) | ખનિજનો અંદાજીત જથ્થો (મે.ટનમાં) |
|---|---|---|---|---|---|
| ૧. | પલાસવા બિલ્ડીંગ લાઇમસ્ટોન બ્લોક – એક | પલાસવા, જુનાગઢ, જુનાગઢ | ૩.૦૦.૦૦ | ખાનગી | ૪,૧૧,૦૦૦ |

- જિલ્લા કલેકટર, જુનાગઢ

**લક્ષ્યાંકોમાં વૃદ્ધિ ખાણકામમાં સમૃદ્ધિ**
**૨૩૩૩ બ્લોક્સની સફળ ઈ-હરાજી**

માહિતી/જુના/જા.ખ./૬૯૬/૨૪

### શહેરને શણગારવાની કામગીરી આવકારદાયક પરંતુ

# જૂનાગઢ શહેરમાં રસ્તા-ગટરના અધુરા કામો ક્યારે પુરા થશે ?

## કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે નગરજનોને પ્રાથમીક સુવિધા પુરી પાડી શકે તેવા 'હિંમતવાલા'ની જરૂર છે

(પ્રિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

પ્રાથમિક સુવિધાના અનેક પ્રશ્નોથી જૂનાગઢ શહેરની જનતા પીડાઈ રહી છે, પિસાઈ રહી છે અને દર વખતે યોજાતી ચૂંટણીમાં નેતાઓને ખોબેને ખોબે મત આપી અને એ આશાએ ચૂંટી કાઢે છે કે રસ્તા, પાણી, લાઈટ, સ્વચ્છતા સહિતના તમામ પ્રશ્નોનો અંત આવી આવી જશે એવી આશા રાખવામાં આવતી હતી.

જૂનાગઢ કોર્પોરેશનમાં છેલ્લા કેટલીય ટર્મથી ભાજપનું શાસન સ્થપાયું હતું. ઉપરાંત ગ્રામ્ય કક્ષાથી લઈ ગાંધીનગર અને દેશમાં પણ ભાજપનું શાસન હોવા છતાં પણ જૂનાગઢના નગરજનોની કલ્પના સમો આ શહેરનો વિકાસ ન થયો તે ન જ થયો અને ખાસ કરીને લાઈટ, રસ્તા, ગટર, પાણી સહિતની પ્રાથમિક સુવિધાથી આ શહેરની જનતા સતતને સતત પીડાઈ રહી છે. અરે તહેવારોના દિવસો દરમ્યાન પણ સત્તાધીશોએ અનેક વિસ્તારોમાં દુર્દશાના બુલડોઝર ફેરવી દેતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. મનપાના ભાજપના પૂર્વ શાસકોની મુદ્દત પુરી થતા મનપામાં કમિશ્નરને સત્તા આપવામાં આવી છે અને કમિશ્નરરાજ વચ્ચે જૂનાગઢ ધબકી રહ્યું છે. મનપાના કમિશ્નર ડો. ઓમપ્રકાશ દ્વારા કરવામાં આવતી કામગીરી અસરકારક રહી છે. હાલ જૂનાગઢ શહેરનો શણગારવામાં આવી રહેલ છે. શહેરના વિવિધ વિસ્તારો ઉપરથી ફુટપાથો તેમજ રસ્તા ઉપરના દબાણો દુર કરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત મુખ્ય માર્ગોને શણગારવામાં આવી રહ્યા છે. એટલે કે શહેરનું શુશોભન કાર્ય જોરશોરથી ચાલી રહ્યું છે. શહેરને શણગારવાની કામગીરી આવકાર દાયક છે પરંતુ આ સાથે જ જૂનાગઢ શહેરના અનેક વિસ્તારો, સોસાયટી, માર્ગો ઉપર રસ્તાના કામો અધુરા છે. તેમજ ગટરના કામો પણ જેમના તેમ પડેલા છે. આ અધુરા કામો પણ તાત્કાલીક હાથ ધરવામાં આવે તેવી લોકોની લાગણી અને માંગણી છે. બીજી તરફ જૂનાગઢ કોર્પોરેશનની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે આગામી કોર્પોરેશનની ચૂંટણીમાં લોકો એવા વ્યક્તિને પસંદ કરશે કે જેનામાં આવડત, કુનેહ છલોછલ ભર્યા હોય એટલું જ નહી લોકોને પ્રાથમિક સુવિધા પણ પુરી પાડી શકે અને શહેરનો વિકાસ પણ કરી શકે. આવા બત્રીસ લક્ષણા રાહબરની જૂનાગઢવાસીઓને જરૂર છે. જૂનાગઢના નગરજનો આવા 'હિંમતવાલા' સુકાનીને ચૂંટી કાઢવા ઉત્સુક છે અને એટલા માટે જ જો કોઈ 'હિંમતવાલો' ચૂંટણીના મેદાનમાં ઝંપલાશે તો સો ટકા તેની જીત નિશ્ચિત બને તેવા સંજોગો હાલ ચાલી રહ્યગા છે. બસ ચૂંટણીના જાહેરનામાની રાહ જોવાઈ રહી છે ક્યારે ચૂંટણી આવે અને ક્યારે લોકમિજાજ બતાવી દઈએ એવું લોકોમાં ચર્ચાઈ છે.

# જૂનાગઢનાં યુવકે ૯૨ વર્ષીય વૃધ્ધને ડીજીટલ એરેસ્ટ કર્યા : પોલીસની દોડધામ





જૂનાગઢ તા. ૩

દક્ષિણ એશિયાના કંબોડિયામાં બેસીને જૂનાગઢના યુવકે સુરત શહેરમાં રહેતા ૯૨ વર્ષીય વૃદ્ધને ડિજિટલ એરેસ્ટના જાળમાં ફસાવી રૂા. ૧.૧૫ કરોડ લૂંટનાર મુખ્ય આરોપીનો ભાંડો ફૂટ્યો છે. ૧૫ દિવસના ડિજિટલ એરેસ્ટની માનસિક યાતનાઓથી પીડિત વૃદ્ધે હોસ્પિટલમાં દાખલ હોવા છતાં બેડ પરથી ૯૦ ટકા સચોટ સ્કેચ તૈયાર કરાવડાવીને પોલીસને આરોપી સુધી પહોંચાડવામાં મદદ કરી. આરોપીના ડિજિટલ અપરાધનો ખેલ એકાએક પરિવાર સામે આવતા તેઓ પણ આઘાતમાં સરી પડ્યા છે.

૯૨ વર્ષીય વૃદ્ધને ડિજિટલ એરેસ્ટ કરનાર આરોપી પાર્થ મૂળ જૂનાગઢનો વતની છે અને તેનો પરિવાર હાલ સુરતના કડોદરા વિસ્તારમાં રહે છે. પાર્થ બી.કોમ. સુધી ભણેલો છે અને દોઢ વર્ષ પહેલા જ વિદેશમાં નોકરી મળી ગઈ છે કહીને ઘરથી દૂર કંબોડિયા ચાલ્યો ગયો હતો. તેનો પરિવાર આ વાતથી તદન અજાણ હતો કે, તે વિદેશમાં જઈને નોકરી નહોતો કરતો પણ સામાન્ય લોકોને ડિજિટલ અરેસ્ટ કરીને પૈસા પડાવતો હતો. આરોપીના કામ કે જીવનશૈલી વિશે પરિવાર સાવ અજાણ હતો એટલે જ્યારે સ્કેચ બાદ આખી ઘટના તેમની સામે આવી તો તે પણ આઘાતમાં સરી પડ્યા. છેલ્લે નવરાત્રીમાં તે સુરત આવ્યો હતો ને ફરી વિદેશ નીકળી ગયો હતો. આ ડિજિટલ અરેસ્ટ ગેંગના સભ્યો પાર્થને 'મોડેલ' તરીકે ઓળખે છે.

સુરત શહેરના ૯૨ વર્ષીય વૃદ્ધને પાર્થ નામના સાયબર ઠગે સીબીઆઈ, ઈડી અને સુપ્રીમ કોર્ટની નકલી ધમકીઓ આપી ૧૫ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ કરીને ગોંધી રાખ્યા. આ દિવસો દરમિયાન વૃદ્ધને આરોપીએ સતત માનસિક પીડાઓ આપી અને આટલા દિવસોમાં માત્ર ત્રણ જ દિવસ એવા રહ્યા કે, જ્યારે તેમને ખાવાનું નસીબ થયું હતું. આ ગઠિયાઓએ પીડિતને રોજેરોજ ત્રાસ આપી-આપીને તેમની જે પણ જીવનભરની તમામ પૂંજી કે જે અંદાજે રૂા. ૧.૧૫ કરોડ હતી, તે લૂંટી લીધી હતી. ૧૫ દિવસ સુધી વૃદ્ધ પર વીતેલી આ માનસિક પીડા પણ અવિસ્મરણીય છે. આ ઘટના બાદ તેમની હાલત એટલી ગંભીર હતી કે, તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા.

જોકે, આ ઘટનાએ તેમના મગજમાં એક ઊંડી છાપ છોડી દીધી હતી. ૯૦ વર્ષની ઉંમર છતાં પણ ઘટનાની એક-એક ક્ષણ તેમને યાદ હતી. પોલીસ જ્યારે સંપૂર્ણ ઘટના અંગેનો તાગ મેળવવા વૃદ્ધ પાસે હોસ્પિટલ પહોંચી ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે, તેઓના મગજમાં મુખ્ય આરોપીનો આખો ફોટો કેપ્ચર થઈ ગયો છે. પોલીસે તુરંત જ સ્કેચ એક્સપર્ટ દીપેન જગ્ગીવાલાને બોલાવીને વૃદ્ધ પાસેથી આરોપીનો સ્કેચ તૈયાર કરાવવાની પ્રક્રિયા શરૂ કરી.

સુરત ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ભાવેશ રોઝિયાએ પણ જણાવ્યું હતું કે, વૃદ્ધના કહેવાથી અમે આરોપી પાર્થનો સ્કેચ બનાવ્યો છે. ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. હાલ તે કમ્બોડિયામાં હોવાની માહિતી મળી છે.

હોસ્પિટલમાં દાખલ હોવા છતાં વૃદ્ધે મુખ્ય આરોપી પાર્થના ચહેરાનું સૂક્ષ્મ વર્ણન સાફ શબ્દોમાં સ્કેચ નિષ્ણાંતને જણાવ્યું. આરોપી અંગે એક-એક જાણકારી હોસ્પિટલના બેડ પર બેસીને એક્સપર્ટને આપી. લગભગ એક કલાકમાં આ સ્કેચ તૈયાર થઈ ગયું હતું અને સ્કેચ તૈયાર થયા બાદ જ્યારે વૃદ્ધને દેખાડ્યું તો તેઓએ કહ્યું કે, આ સ્કેચ આરોપીના ચહેરા સાથે ૯૦ ટકા મેળ ખાય છે.

આ સ્કેચ તૈયાર કરનાર સ્કેચ એક્સપર્ટ દીપેન જગ્ગીવાલાએ જણાવ્યું કે, વૃદ્ધની ઉંમર ભલે ૯૨ વર્ષ છે પણ તેમનું મગજ એકદમ તેજ હતું. તેઓએ આરોપીનું એકદમ બારિકાઈથી વર્ણન કર્યું હતું. વૃદ્ધે ૧ કલાક સુધી ખૂબ જ શાંતિપૂર્વક આરોપીનો હુલિયો વર્ણવ્યો હતો. સ્કેચ આશરે ૯૦ ટકા આરોપીના ચહેરા સાથે મેળ ખાતું હતું.

# મેંદરડા તાલુકા વિકાસ અધિકારીને ગાલ ઉપર થપ્પડ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ તાલુકાના મેંદરડા વિકાસ અધિકારીને ફરજમાં રૂકાવટ કરી ગાલ ઉપર છપ્પડ મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ બનવા પામતા ચકચાર જાગી ઉઠી છે. આ બનાવના અનુસંધાને આરોપી કોન્ટ્રાક્ટર વિરૂધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ અંગેની પોલીસે આપેલી વિગત અનુસાર ફરિયાદી તુષારભાઈ વિઠ્ઠલભાઈ રાદડીયા (ઉ.વ.૩૨) તાલુકા વિકાસ અધિકારી નોકરી તાલુકા પંચાયત કચેરી મેંદરડા વાળાએ આ કામના આરોપી દિપકભાઈ ગોવિંદભાઈ મકવાણા ધંધો કોન્ટ્રાકટર રહે.મેંદરડા વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામે તાલુકા પંચાયત કચેરીમાં ફરજ બજાવતા મયુરભાઈ મકવાણાનો બાંધકામ શાખાના વધારાના ચાર્જમાંથી છુટા કરી આ કામના ફરિયાદીએ કાયદેસરનું કામ કરેલ હોય તથા તાલુકા પંચાયતની ન્યાય સમીતીની ચેમ્બર તથા પ્રમુખ ચેમ્બરમાં તાલુકા પંચાયતના સભ્યોની ગેરહાજરીમાં બીજા માણસોને બેસવાની ના પાડી તે બાબતે પણ ફરિયાદીએ પોતાની કાયદેસરની ફરજ બજાવેલ હોય પરંતુ આ કામના ફરિયાદી તાબે ન થતા હોય અને નિયમ મુજબ પોતાની ફરજ બજાવતા હોય જેથી તેનો ખાર રાખી આ કામના આરોપી દિપકભાઈ મકવાણા રહે.મેંદરડા વાળા આ કામના ફરિયાદીની ઓફિસમાં પરવાનગી વગર આવી ફરિયાદીના ટેબલ ઉપર હાથ પછાડી ફરિયાદીને ભુંડી ગાળો કાઢી ડાબા ગાલ ઉપર થપ્પડ મારી ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ મેંદરડાના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. સોનારા ચલાવી રહ્યા છે.

# ભંડુરી ગામે પીજીવીસીએલ કર્મચારીઓ પર હુમલો : ફરજમાં રૂકાવટની ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

માળીયા હાટીનાના ભંડુરી ગામ નજીક આવેલ ક્રિષ્ના હોટલ ખાતે વીજ ચેકીંગ કરવા જતા ૪ શખ્સોએ હુમલો કરી ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે પ્રદીપભાઈ શ્યામદેવસિંહ યાદવે દેવાભાઈ કચરાભાઈ ચુડાસમા, રામદેભાઈ કચરાભાઈ ચુડાસમા, કાનાભાઈ કચરાભાઈ ચુડાસમા અને કચરાભાઈ કેશવભાઈ ચુડાસમા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી તથા સાહેદો પી.જી.વી.સી.એલના કર્મચારીઓ હોય અને ભંડુરી ગામ નજીક આવેલ ક્રિષ્ના હોટલ ખાતે વીજ ચેકીંગમાં ગયેલ ત્યારે હોટલ વાળા આ કામના આરોપીઓએ ફરીયાદી તથા સાહેદો સાથે બોલાચાલી કરી ગાળો આપી દેવાભાઈએ ફરીયાદીનો મોબાઈલ ફોન ઝુટવી લુંટ કરી ફરીયાદી તથા સાહેદોને ઢીકાપાટુનો માર મારી, લાકડાના ધોકા વડે માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી ફરીયાદી તથા સાહેદોની કાયદેસરની ફરજમાં રૂકાવટ કર્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


## સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે

અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..

મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ

સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ

મો.૯૩૭૬૬૦ ૫૫૬૨


# વિસાવદર તાલુકાનાં ભુતડી ગામેથી એસઆરપી જવાનને દારૂનાં જથ્થા સાથે પોલીસે ઝડપી લીધો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૩

વિસાવદર તાલુકાનાં ભુતડી ગામેથી એસઆરપી જવાનને દારૂનાં જથ્થા સાથે ઝડપી લઈ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર ગઈકાલે રાત્રીનાં વિસાવદર પોલીસ સ્ટેશનનાં પીઆઈ પટેલ અને સ્ટાફ પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન મળેલી ચોકકસ બાતમીનાં આધારે ભુતડી ગામે વોચ ગોઠવી અને રેડ કરતાં જયરાજ વાળા નામનો એસઆરપીનો જવાન તેમની સાથેનાં મોટર સાયકલમાંથી ૫૩ બોટલ જુદી જુદી બ્રાન્ડની દારૂ સાથે કુલ રૂા. ૪૩,૪૬૫નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે. પકડાયેલો આ શખ્સ રાજુલા એસઆરપી ગૃપ-૨૧માં ફરજ બજાવતો હતો અને ભુતડી ગામે દારૂ વહેંચી રહયો હોવાની બાતમીનાં આધારે પોલીસે તેની ધરપકડ કરી તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જૂનાગઢમાં મહિલાની નજર ચુકવી બે ગઠીયા સોનાનો ચેઈન સેરવી ગયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢના ચિતાખાના ચોક વિસ્તારમાં મહિલાની નજર ચુકવી પાકીટમાં રાખેલ સોનાનો ચેઈન બે ગઠીયા ચોરી કરી ગયાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ એ ડીવીઝન પોલીસ મથકે ગૌરીબેન જેન્તીભાઈ રવજીભાઈ બારેયાએ બે ૨૦થી ૨૫ વર્ષના અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીઓએ ફરીયાદીની નજર ચુકવી પાકીટમાં રાખેલ સોનાનો ચેઈન પોણા નવ ગ્રામ કિ.રૂા.૫૦ હજારની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં અકસ્માતે ઈજાગ્રસ્ત યુવાનને ફાયર વિભાગે તત્કાલ હોસ્પીટલ પહોંચાડયો



જૂનાગઢ તા. ૩

જૂનાગઢ શહેરમાં ઝાંઝરડા રોડ પર બાઈક સવાર યુવાન તથા સ્કુટર સવાર યુવતીને કોઈ કારણસર અકસ્માતમાં ઈજાઓ થઈ હતી. બરાબર આ સમયે જ ફાયર વિભાગનાં અધિકારી દિપક જાની અને સ્ટાફે તાત્કાલીક મદદ કરી અને હોસ્પીટલ ખાતે સારવાર માટે લઈ જવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ફાયર વિભાગે આપેલી વિગત અનુસાર આજ રોજ ૧૧:૩૦ કલાકે ઝાંઝરડા રોડ પર બાઈક સવાર યુવાન તથા સ્કૂટર સવાર યુવતી નું કોઈ કારણસર અકસ્માત થતા યુવકને માથાના ભાગે ઈજા થઈ લોહી નીકળેલ અને શરીર છોલાઈ ગયેલ તે સમયે ચીફ ફાયર ઓફિસર દિપક જાની તથા ફાયર સ્ટાફ ના નુર મહંમદ શેખ સ્થળ પરથી પસાર થતાં તેમણે યુવતીને એક્સરસાઈઝ કરાવી તથા બાદમાં જે યુવક સાગરભાઈ ઠાકર (રહેણાંક મધુરમ જૂનાગઢ) ઈજાગ્રત થયેલ તેને પ્રાથમિક સારવારમાં હાડકાની મુવમેન્ટ માટે એક્સરસાઈઝ કરાવી હતી અને તાત્કાલિક ૧૦૮ ને ફોન કરેલ પરંતુ ૧૦૮ ની રાહ જોવી યોગ્ય ન લાગતાં તાત્કાલિક પોતાની મહાનગરપાલિકાની ફાયર જીપમાં ઈજાગ્રસ્તના રિલેટિવ દ્વારા જણાવ્યા મુજબની હોસ્પિટલમાં પોતાની જીપમાં લઈ સારવાર અર્થે હોસ્પિટલ ખાતે પહોંચાડી દીધેલ છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એક્સચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



Since 1983

શંખ બ્રાન્ડ મસાલા

ગાયત્રી મસાલા

મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો





## એક કેળવણીકારને ભાવાંજલી



સમયનું ઝરણું વહેતું રહેશે,
દિન-રાતનો ક્રમ ચાલતો રહેશે,
અને તમારા સત્કર્મોની સુરભી
અવિરતપણે પ્રસરતી રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે
એજ પ્રાર્થના...

પૂજ્ય નાનજીભાઈ રવજીભાઈ વેકરીયા
(પૂર્વ સાંસદ)
સ્વ.તા.૦૩-૧૨-૨૦૨૨, શનિવાર

જૂનાગઢ જુનીયર ચેમ્બર એજ્યુકેશન ટ્રસ્ટ
તથા ટ્રસ્ટ પરિવાર - જૂનાગઢ